કવિ પ્રેમાનંદ કૃત

કુંવરબાઈનું મામેરું

સંપાદક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ—૧૩

કવિ પ્રેમાનંદ કૃત

કુંવરબાઈનું મામેરું

સંપાદક

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ

આવૃત્તિ પહેલી, નકલ ૨૫૦૦

૭ આના

મે, ૧૯૪૦

બે બોલ

પ્રેમાનંદનું 'મામેરું' એ ચાર આવૃત્તિમાં આ અગાઉ પ્રસિદ્ધ થયેલું છે, તો આ નવી આવૃત્તિ શું કામ? એક સાદા ખ્યાલમાંથી આ નવી આવૃત્તિની જરૂર લાગી. ગૂજરાત વિનય મંદિરનાં ઉપરનાં વર્ષોમાં પ્રેમાનંદનાં 'મામેરું', 'સુદામા-ચરિત', 'નળાખ્યાન' આ ત્રણ કાવ્યો સામાન્ય રીતે પાઠ્ય-પુસ્તક તરીકે રખાય છે; અને બીજે બધે પણ એક યા બીજા વર્ગમાં એ રખાય છે. પરંતુ, બજારમાં જે આવૃત્તિઓ મળે છે તે મોંઘી હોય છે અને બીજી રીતે પણ પૂરતો સંતોષ નથી આપતી.

વળી પ્રૌઢ શિક્ષણનું કામ જાગવાની સાથે પ્રૌઢ વર્ગોમાં પણ ઇતર વાચન તરીકે આ કાવ્યોની ભલામણ કરવામાં આવી. એટલે પણ એ કાવ્યોની સાદી ને સસ્તી આવૃત્તિ હોય તો સારું. આમ બેવડા ખ્યાલ પરથી આ આવૃત્તિ તૈયાર કરવામાં આવી છે.

તેની શાલોપયોગિતા વધે એ સારુ પાછળ માર્ગદર્શનરૂપે ટિપ્પણ આપ્યું છે. આ ટિપ્પણ બને એટલું ટૂંકું કરવાનો ઇરાદો રાખ્યો છે. પરંતુ પાંચમા છઠ્ઠા વર્ષના વિદ્યાર્થીથી માંડીને કૉલેજમાં પણ ભણાતા કાવ્યને માટે બહુ ટૂંકાણ તો શક્ય નથી. એવા મિશ્ર વિદ્યાર્થીગણ અને શિક્ષકોને ખ્યાલમાં રાખીને ટિપ્પણ કર્યું છે.

આવૃત્તિનો પાઠ મુખ્યત્વે બે પાઠોના મૂળ આધાર પરથી તૈયાર કર્યો છેઃ ૧. સ્વ૦ નવલરામે તૈયાર કરેલો પાઠ, (તેને

માટે ન૦ સંજ્ઞા વાપરી છે.) ૨. બૃહત્ કાવ્ય દોહનનો પાઠ (સંજ્ઞા કા૦દો૦). સ્વ૦ નવલરામે લગભગ ૬–૭ જૂની પોથીઓ જોઈને પોતાનો પાઠ આપેલો છે. આમ આ આવૃત્તિને તે સાક્ષરશ્રીની મહેનત સહેજે મળી ગઈ છે.

શ્રી. આવસથ્થી, શ્રી. ચી૦ મ૦ જાની, વગેરેની પ્રસિદ્ધ કરેલી મામેરાની આવૃત્તિનો પણ ઉપયોગ ક્યાંક કર્યો છે. નોંધવા જેવાં પાઠાંતરો ટીપમાં આપ્યાં છે.

કાવ્યની જોડણી વિદ્યાપીઠના કોશ મુજબ સુધારીને છાપી છે. અને વિરામચિહ્નો ઉમેરી લીધાં છે.

કાવ્યની શરૂઆતમાં સ્વ. સાક્ષરશ્રી નવલરામે એમની 'મામેરા'ની આવૃત્તિમાં લખેલા બે નિબંધ આપ્યા છે: એક કવિ પ્રેમાનંદ વિષે અને બીજો 'મામેરું' કાવ્યની ગુણપરીક્ષા. મામેરાનાં રહસ્ય અને રસ સમજવાને માટે આના કરતાં સર્વાંગસુંદર સંક્ષિપ્ત નિરૂપણ બીજું જાણ્યામાં નથી.

શ્રી. રા૦ વિ૦ પાઠકે પ્રેમાનંદના હાસ્યરસ પર વિવેચન કરતી, તે કવિનાં ત્રણ કાવ્યોની સમાલોચના હમણાં તેમના પુસ્તક 'કાવ્યની શક્તિ'માં પ્રસિદ્ધ કરી છે. તેમાંની મામેરાના હાસ્યરસની સમીક્ષા અહીં પ્રસ્તુત છે. તે સમીક્ષા આખા કાવ્યની હાસ્યછટા નિહાળવાને માટે નાંખેલી એક ઊડતી નજર છે. વિદ્યાર્થીઓએ અને ખાસ તો તેમના શિક્ષકોએ એ વાંચી જવી જોઈએ. તો કાવ્યના અધ્યયન અધ્યાપન માટે પણ એક રૂડી શૈલી તેમને જોવા મળશે. કાવ્યનું અનુશીલન એક પછી એક અનેક દૃષ્ટિઓ લઈને, સળંગ અને વારંવાર કરવામાં પણ એક ખૂબી રહેલી છે. મોટા વિદ્યાર્થીઓ માટે એ પદ્ધતિ જરૂરી ગણાય. શ્રી. પાઠકનો મામેરાના હાસ્ય પરનો આ નિબંધ એ દૃષ્ટિએ આકર્ષક નીવડશે.

એ નિબંધમાં શ્રી. પાઠકે શરૂમાં મામેરાના મુખ્ય રસ સંબંધે એ ત્રણ વાતો ચર્ચી છે, તે આ કાવ્યનો રસ ઝીલવાને માટે સ્વતંત્ર ચર્ચા પણ માગી લેનારી છે. શ્રી. પાઠક કહે છે કે,

"'મામેરું' જેવાં ઈશ્વરચમત્કારનાં કાવ્યો સમજવામાં એક વાત યાદ રાખવી જોઈએ કે, કવિ પોતે એ ચમત્કારને આ કાવ્ય પૂરતો પૂરેપૂરો માને છે. . . . . આ તરફ ધ્યાન દોરવાની જરૂર એટલા માટે છે કે, ઘણા વિવેચકો . . મામેરાના ચમત્કારનો એવો ખુલાસો કરે છે કે, નરસિંહ મહેતાને બરોબર મામેરાના પ્રસંગે કોઈ ધનાઢ્ય ભગવદ્‌ભક્ત વાણિયાએ મદદ કરી હશે અને નરસિંહે તેને ઈશ્વરનો ચમત્કાર માન્યો હશે. હકીકત તરીકે પરીક્ષા કરતાં મને આ ખુલાસો અપૂર્ણ લાગે છે. પણ હકીકતની દૃષ્ટિ જુદી છે અને કાવ્યના રસાસ્વાદની દૃષ્ટિ જુદી છે. હકીકત તરીકે ગમે તેમ માનો, હકીકત તરીકે એ ખોટું માનતા હો તોપણ, કાવ્ય તરીકે આ સાચું માની શકે એટલું કલ્પનાબળ હોય તો જ આ કાવ્યનો રસાસ્વાદ લઈ શકાય. હાલના હેતુવાદના જમાનામાં આવી કલ્પના જે ન કરી શકે તેને માટે આ કાવ્ય કદાચ કાવ્ય જ ન રહી શકે."

મને લાગે છે કે, કાવ્યના રસાસ્વાદ માટે વધારે આવશ્યક કલ્પના કે માન્યતા તો એ છે કે, ભક્ત નરસૈંયો છેવટે ઈશ્વર મદદ કરશે જ એવો અલૌકિક વિશ્વાસ રાખે છે એ ખરેખર સાચું છે, કાળા માથાના માનવીથી એવી શ્રદ્ધા અને એવું ઈશ્વરપ્રણિધાન સેવી શકાય છે. જે વાચક આ શ્રદ્ધાની બાબતમાં નરસૈંયાનું વર્તન પ્રામાણિક—નૈષ્ઠિક છે એમ નહિ માની શકે, તે આ કાવ્યનો રસ નહિ પામી શકે. કારણ કે, આ કાવ્યમાં કડવે કડવે હાસ્ય ભર્યું હોવા છતાં, તેનો સ્થાયીભાવ મહેતાજીની ભક્તિનો શાંતરસ જ છે. રસનિષ્પત્તિનું હાર્દ જ શાંત કે સમાહિત રસમાં રહેલું છે.

પ્રેમાનંદે આ કાવ્યથી ભક્તિનું ગાન કરવા ચાહ્યું છે; હાસ્ય તો તેમાં કાવ્યશક્તિ પૂરતો શણગાર છે.

કાવ્ય વાંચીને આજનો વિદ્યાર્થી પૂછે જ છે કે, ખરેખર, ભગવાન આવ્યા હશે? શિક્ષકે આનો શો ઉત્તર આપવો? હા કહેવાથી વિદ્યાર્થીને અદ્‌ભુત રસ આવે છે એના કરતાં શંકા વધારે આવે છે. એવું આજનું માનસ ઘડાતું જાય છે. તેથી કરીને, કોઈ વાણિયો આવ્યો હશે એમ કેટલાક સૂચવે છે. આવા જ પ્રકારની બીજી સમજૂતીઓ પણ આપી શકાય. જેમ કે રા. મેઘાણી એમની 'રા' ગંગાજળિયો' નવલમાં એક મનોરંજક સમજૂતી આલેખે છે. (જુઓ પા. ૧૭૭). આ સમજૂતીઓ માનવા છતાં મામેરાનો કાવ્યરસ ન ઊડી જાય, જો મહેતાની ભક્તિ વિષેની વાચકને શ્રદ્ધા હોય તો. મામેરામાં હરિએ સમોવણ આપ્યું ત્યારે ઠગ નાગરો બોલ્યા, એમ તો માવઠું થાય છે; મતલબ કે, એમાં મહેતાનો ચમત્કાર નથી. પણ માવઠું ખરી વેળાએ થયું ને મહેતાનું કામ સર્યું એ ઉઘાડી વાત છે. મહેતાએ પાણી માગ્યું તે માવઠાનો લાગ જોઈને ગોઠવી લીધેલી દંભ-ચાલ નહોતી એમ માનીએ, તો પછી નાગરોની છિદ્રદૃષ્ટિ છતાં પણ કાવ્ય-રસ નાશ નથી પામતો.

એ જ નાગરો મામેરું થાય છે ત્યારે પેલી માવઠા-બુદ્ધિ નથી વાપરતા. પરંતુ તેઓ ખરેખર કહે છે (કડી ૧૧૯-૨૦)—

"અમને તો વિશ્વાસ નહોતો જે મહેતો કરે મામેરું જી;
સર્વની લજ્જા પ્રભુએ રાખી, મહેણું ટળ્યું ભક્ત કેરું જી."

એટલે, જે વાચક મહેતાની નિષ્ઠા વિષે સાશંક હશે એ આ કાવ્યનાં રસ તેમ જ રહસ્ય પૂરેપૂરાં નહિ લઈ શકે. પછી ચમત્કારની બીના વિષે તેની બુદ્ધિમાં ઊતરે એવો અર્થ ભલે તે કાઢે.

આ ચર્ચા કરતાં મને આપણી સામે જ ભક્તજીવન ગુજારી રહેલા ગાંધીજીનું એક દૃષ્ટાંત યાદ આવે છે. સત્યાગ્રહાશ્રમમાં અંત્યજોને પહેલપ્રથમ લીધા ત્યારે વેઠવી પડેલી વપતોમાં નાણાંની ભીડ પડી તે પણ હતી. તે એટલે સુધી કે એક વાર તો માંડ માસની ખરચી પાસે રહી હતી. તે વિષે આત્મકથામાં ગાંધીજી લખે છે: "મારી ઉપર આવી ભીડ આ પહેલી વાર નહોતી. દરેક વારે છેલ્લી ઘડીએ शामळाए मदद मोकली દીધી છે. મગનલાલે નોટિસ આપ્યા પછી તુરત જ એક સવારે કોઈ બાળકે ખબર આપ્યા: 'બહાર મોટર ઊભી છે ને એક શેઠ તમને બોલાવે છે.' . . . . હું તેમને મળવા ગયો. તેઓ મારા હાથમાં રૂ. ૧૩,૦૦૦ ની નોટો મૂકી ચાલતા થયા. આ મદદની મેં કદી આશા નહોતી રાખી. મદદ આપવાની આ રીત પણ નવી જાણી. તેમણે આશ્રમમાં પહેલાં કદી પગ મૂક્યો નહોતો. તેમને હું એક જ વાર મળ્યો હતો એવું મને યાદ છે. . . ." (જુઓ આત્મકથા ભાગ ૨–પાનું ૨૨૯.)

આવી મદદને ગાંધીજીએ ઈશ્વરી મદદ કહી છે. જો આપણો જમાનો પ્રેમાનંદનો હોત અને કોઈ તેના જેવો કવિ ઇચ્છત, તો આ પ્રસંગ પર પણ કાવ્ય ન કરી શકત? તેની શક્તિ હોત તો અસ્પૃશ્યતાનું હાસ્ય અને કરુણ ચિત્ર દોરી કમાલ કરત; આશ્રમવાસીઓની કેટલીક બાવાઈની શ્રદ્ધા પર પણ હસાવત અને પછી રિઝાવત.

ઉપરની ગાંધીજીએ કહેલી વાતમાં શેઠને તેમણે આજની ભાષામાં 'શામળા' કહ્યા જ છે. એમ જો મામેરામાં બનેલું માનીએ તોપણ રસક્ષતિ શું કામ થાય? મામેરાનું મૂળ પ્રયોજન ભક્તિરસ જમાવવાનું છે. એ હાસ્યરસનું કાવ્ય નથી, પણ ભક્તિકાવ્ય છે, અને એમાં સમર્થ કવિએ હાસ્ય, અદ્‌ભુત, કરુણ અને શૃંગાર આદિ રસબીજોનો બરોબર ઉપયોગ

કર્યો છે. જગતમાં ભક્ત બનવું એ જ ચમત્કાર નથી? અનેક ખાવા ધાતી વાસ્તવતાઓમાં પણ અગમ્યમાં શ્રદ્ધા રાખવી એ જ એક ચમત્કાર નથી? એની શક્યતામાં જેને શ્રદ્ધા નથી, એને આ કાવ્યમાં રસ નહિ આવે એટલું જ નહિ, એ એમાંથી કાંઈ પામી પણ નહિ શકે.

આ માન્યતાની બાબતમાં આજનો જમાનો થોડો અશ્રદ્ધ થયો છે એ તો ઉઘાડું છે. સ્વ. નવલરામે પોતાનો મામેરા પરનો નિબંધ ઈ. સ. ૧૮૭૩માં લખ્યો, ત્યારે 'મામેરું' કેવું લોકપ્રિય હતું તે એમાંથી જોવા મળે છે. ઘેરઘેર એ ગવાતું હતું. કેટલીક લીટીઓ તો સૌ કોઈને મોઢે જ હતી.

સાઠેક વર્ષો બાદ શ્રી. પાઠક એમના નિબંધમાં આ જાતની લોકપ્રિયતા આજે હયાત છે કે કેમ એ વિષે પોતાની શંકા પ્રગટ કરે છે. 'કડીઓ મોઢે નહિ હોય એવું ભાગ્યે જ કોઈ નીકળશે' એમ નવલરામે કહ્યું હતું તેમાં તે વહેમ પ્રગટ કરે છે, અને તે ખોટો નથી. આ ફરક ભક્તજીવનમાં શ્રદ્ધાના ફેરનું ચોખ્ખું નિદર્શક છે. એથી કરીને કેટલોક રસ અને કાવ્યનો ઉદ્દેશ કાંઈક તો માર્યો જ જાય છે. કવિની દૃષ્ટિએ મામેરાની ફલશ્રુતિ (કડી ૧૨૮–૩૨) જોઈએ તો સ્પષ્ટ જણાશે કે, આ ભક્તિકાવ્ય દ્વારા તે લોકજીવનમાં ભક્તિકથાઓ જાગતી રાખવા ઇચ્છે છે, અને તેથી ભક્તિ વિષેના લોક-સાહિત્યને રોચક રીતે પદબદ્ધ કરે છે; અનેક પુરાણપ્રસિદ્ધ ભક્તોના ઉલ્લેખ કરીને એમની જીવનપ્રદ વાતો યાદ કરાવે છે. આ બધામાં રસ આવવા માટે તો ભક્તિ પર રુચિ જોઈએ. કવિની ખૂબી એ છે કે, એવી પ્રત્યક્ષ રુચિ ન હોય તેને પણ તે આ કાવ્યના રસથી ખેંચે છે, અને હરિકથા આગળથી જતાં કાનમાં આંગળીઓ નાંખીને જતા પેલા ચોરને કાને પણ જેમ બે શબ્દો પડ્યા, તેમ ભક્તિની

થોડીક વાત કહે છે. આજનો જમાનો તેથી જરા કટાણું મોઢું કરીને પણ, કવિએ આ કાવ્યથી જે મિષ્ટ કોળિયો ધર્યો છે તે આરોગી જાય છે. આમાં જ આ મનોહર કાવ્યની શક્તિ રહેલી છે; અને એથી આપણી ભાષામાં એ અમરપદ પામ્યું છે.

એની આ આવૃત્તિ આવકારદાયી નીવડશે એવી આશા છે. તો પછી, પ્રેમાનંદનાં બીજાં બે કાવ્યોને પણ આ પ્રમાણે સંપાદિત કરીને પ્રસિદ્ધ કરવાનો વિચાર છે. શિક્ષક-બંધુઓ 'મામેરા'ની આ આવૃત્તિ જોઈને તેની શાળોપયોગિતામાં ઘટતા સુધારાવધારા કરવા માટે સૂચનો કરે એવી વિનંતી છે.

૭–૫–'૪૯
ગૂજરાત વિદ્યાપીઠ

મગનભાઈ દેસાઈ

શુદ્ધિપત્ર

કાવ્યના પાઠમાં નીચેની ભૂલો રહી ગઈ છે તે સુધારીને વાંચવા વિનંતી છે:

પાન	કાવ્યની કડી	અશુદ્ધ	શુદ્ધ
૪	૨૨	નરસયો	નરસૈયો
૨૫	૩૧૪	આરોગ્યા	આરોગાવ્યા
૨૬	૩૨૧	– –	(અંતે " કરી લો)
૩૬	૪૭૩	કર-આંગળિયે	કર-આંગળીએ
૪૨	૫૬૨	પટકુળ	પટકૂળ
૪૫	૬૨૮	થયા બુદ્ધિ વિસ્તારજી	યથાબુદ્ધિ વિસ્તારજી
૪૬	નીચેથી છટ્ઠી	मनमुद्	मनोमुद्
૬૯	૭	(કૌંસમાં ઉમેરો 'लक्ष्मेश्वर')	

અનુક્રમણિકા

પ્રેમાનંદ

ગુજરાતી ભાષાનો સર્વોત્તમ કવિ પ્રેમાનંદ છે, અને જે સેંકડામાં એ થઈ ગયો તે ગુજરાતના વિદ્યાપ્રકરણમાં સર્વોત્તમ સમય હતો. આપણા બધા મોટા કવિઓ ઘણું કરીને એ જ સેંકડામાં થઈ ગયા છે. આણી તરફ શામળભટ વાર્તારૂપે પોતાના સમયનાં સંસારચિત્ર આપવાનો સંપ્રદાય પહેલવહેલો જ પ્રાકૃત ભાષાઓમાં દાખલ કરતો હતો, તો પેલી તરફ અખો ભગત, લોકોના મનને સોના સરખા વહાલા જે પરાપૂર્વના વહેમ, તેને હથોડો લઈને તાડવા મંડી ગયો હતો. વલ્લભ પોતાના મર્દાની સૂરથી તાળી પાડીને વીરરસને લાયકની ભાષા બહુચરાજીની ભક્તિમાં ગજવી રહ્યો હતો, તે વખતે ખેડાનું એક નાનું રત્ન * કોમળ શૃંગારના ઝળકારા મારી રહ્યું હતું. એ પાંચે કવિઓ વિક્રમના અઢારમા સેંકડામાં થઈ ગયા છે.

પ્રેમાનંદની કવિત્વશક્તિ અસાધારણ હતી. એ જે વિષય ઉપર લખે છે તેનું આબેહૂબ ચિત્ર વાંચનારની નજર આગળ ઊભું કરવાનું એ કદી ચૂકતો નથી. રસની બાબતમાં કોઈ પણ ગુજરાતી કવિ એના પેંગડામાં પગ ઘાલે એવો નથી. તાક્યું તીર મારનારો તો પ્રેમાનંદ જ. એ ધારે છે ત્યારે રડાવે છે, ધારે છે ત્યારે હસાવે છે, અને ધારે છે ત્યારે શાંત રસના ઘરમાં આપણને લઈ જઈને બેસાડે છે. એની વધારે મોટી ખૂબી એ છે કે, એને એક રસમાંથી બીજા રસમાં છટકી

* રત્નો ભાવસાર—પેલા સુંદર મહિનાનો લખનાર.

જતાં વાર લાગતી નથી, અને તે એવી સ્વાભાવિક રીતે કરે છે કે લેશમાત્ર પણ રસભંગ થતો નથી. આવી રીતે એ કાવ્યસિદ્ધિ કરે છે તેનું મુખ્ય કારણ એ છે કે, એને જન-સ્વભાવનું બહુ જ ઊંડું જ્ઞાન છે. એનાં સઘળાં પાત્ર સંપૂર્ણ યથાયોગ્ય તો નથી, પણ હજી લગી તેના જેવી પાત્રતા જાળવી શકે એવો કોઈ ગુજરાતી કવિ થયો નથી. ગ્રંથસંકલના પણ એની સર્વોપરી છે. ક્યાં કેટલો અને કેવો રસ મૂકવો એ પ્રેમાનંદ બરાબર સમજતો હતો. એણે ગ્રંથસંકલનામાં કદાપિ નાના પ્રકારની પાત્રતા અને પોતાની તરફનાં જ ઘણાં નવાં ચિત્રો દાખલ કીધાં નથી, તોપણ જે એની સંકલનામાં આવ્યું તે યથાયોગ્ય લખી શક્યો છે. એની ભાષા શુદ્ધ અને પ્રૌઢ, શૈલી સીધી અને સંક્ષિપ્ત, તથા પદબંધન સરળ, ઘટ્ટ, અને કોમળ છે.

આ બધા ગુણોને લીધે એ કવિ ઘણો જ જનપ્રિય છે. એનાં ઘણાંખરાં કાવ્ય તો એક રીતે ગુજરાતમાં પૂજાય છે એમ કહીએ તોપણ ચાલે. હજનરોને સુદામાચરિત્ર શનિવારે, અને હૂંડી રવિવારે ગાઈ જવાનો નિયમ છે. ગામેગામ ચૈત્ર માસમાં એનું ઓખાહરણ તો ઊછળી જ રહે છે, જુવાન કે વૃદ્ધનાં અંતઃકરણ વિહ્વળ કરી નાંખે છે, અને વ્યાસની એ કાવ્યથી રોજી ચાલે છે. શ્રાદ્ધના દહાડામાં જ્યાં ત્યાં નરસિંહ મહેતાના બાપનું શ્રાદ્ધ વંચાય છે, અને લોકો અડધી રાત આનંદમાં અને નાગરો ઉપર ફિટકાર પાડવામાં કાઢે છે. સુરત કે જ્યાંના લોકોએ એ કવિનો રસ વિશેષ ઝીલ્યો હોય એમ માલૂમ પડે છે, ત્યાં દરેક સ્ત્રીની અઘરણી વખતે સાસરે ને પિયર મોસાળું ગવડાવવું, એ તો એક આચારના જ ભાગ થઈ પડ્યો છે. ચોમાસાના દહાડામાં ત્યાં એક પણ ગામડું એવું નહિ માલૂમ પડે કે જ્યાં પ્રેમાનંદકૃત દશમસ્કંધ વંચાતો નહિ

હોય. ત્યાં ભાગવત વાંચ્યે ભણવું સાર્થક થયું એમ ગણાય છે. ધન્ય છે પ્રેમાનંદને કે જેના કાવ્યસમુદ્રમાં પર્વે પર્વે સ્નાન કરવાને આટલા બધા જીવ ધાઈને આવે છે, અને શુદ્ધ, કોમળ, તથા ભક્તિમાન થઈને સંસારમાં પાછા વળે છે.

મામેરું

મામેરું એ ભક્તિમાર્ગનું કાવ્ય છે. એનો ઉદ્દેશ નરસિંહ મહેતાનો દૃઢ વિશ્વાસ અને ભગવાનનું ભક્તાધીનપણું દર્શાવવાનો છે. કાવ્યવસ્તુ ઘણી નાની છે. મહેતાજીની પુત્રી કુંવરબાઈનું અઘરણી આવ્યું તે વેળા, આ દેશની રીત પ્રમાણે, મોસાળું તો કરવું જ જોઈએ, અને મહેતાજી પાસે તો ફૂટી બદામ પણ સંઘરામાં ક્યાંથી હોય ! એ સમયે ભગવાન વાણિયાને રૂપે ભર-સભામાં આવી મોસાળું કરી ગયા અને ભક્તની લાજ રાખી. જનવાર્તામાંથી આટલો પાયો લઈને તે ઉપર પ્રેમાનંદ કવિએ આ રસિક કાવ્ય રચ્યું છે.

ભક્તચરિત્ર ઘણું કરીને નીરસ, અને કવિતાના શોખીનને કંટાળા ભરેલાં લાગે છે; પણ પ્રેમાનંદના પ્રતાપે આ વિષય તેટલો જ સરસ અને મનોહર થઈ રહ્યા છે. એ કથામાં એક રસબીજ રહેલું છે તે આ કવીશ્વરની દૃષ્ટિએ પડ્યું, અને તેનું સિંચન કરી એણે તુરત એક સુંદર વૃક્ષ બનાવી દીધું. જગત ભગતની રીત એકબીજાથી કેવળ ઊલટી છે; અને એ ઊલટાપણું જ કુશળ કવિના હાથમાં એક નવીન રસનું સાધન છે. જો મામેરાનું આ છેડાથી પેલા છેડા સુધી આપણે બારીક વિવેચન કરીશું તો આપણને માલૂમ પડશે કે, આ ઊલટાપણાને જ મલાવી મલાવીને પ્રેમાનંદે આ કાવ્યમાં પ્રેમાનંદ વરસાવી

મૂકયો છે. ગ્રંથની સઘળી સંકલનાનું લક્ષ આ બીજને પ્રફુલ્લિત કરવા તરફ છે.

એ કાવ્યનો નાયક નરસિંહ મહેતા છે. એની પાત્રતા એવી સંપૂર્ણ રીતે ચીતરી છે કે, ભક્તરાજની નખશિખ મૂર્તિ કાવ્યમાં બંધાય છે. કુંવરબાઈનું રાંકડાપણું, તેની માત્ર રૂપરેષા જ પાડી છે, તેમાંથી પણ જણાઈ આવે છે. બીજાં જે એમાં ચાર પાંચ ગુણચિત્ર છે તે વિશેષ નથી પણ અમુક વર્ગનાં છે. શ્રીરંગ મહેતો, જે ઘરસંસારી કામમાં સ્ત્રીનો જ દોરાયો દોરાય છે, તે હિંદુ કુટુંબ અને વિશેષે કરીને નાગર કુટુંબના ઉપરીનો ખરેખરો નમૂનો છે. કુંવરબાઈની વડસાસુ તે ખરેખરી વડસાસુ જ છે. સાસરામાં વહુને સાસુનણંદ શી રીતે હમેશાં મહેણાંટોણાં માર્યાં કરે છે તેનું આમાં બરાબર ચિત્ર આપ્યું છે. નાગરી ન્યાતમાં ગમે તેવી સાસુ હોય પણ તે વહુને માનથી બોલાવે છે, એ વાત પણ આ ચતુર કવિના ધ્યાનમાંથી જતી રહી હોય એમ જણાતું નથી. નાગરાણીઓની વાગ્વિદગ્ધતા અને નાગરોનો મજાકી સ્વભાવ આ કાવ્યમાં બરાબર વર્ણવ્યો છે.

કવિએ આ કાવ્ય ઘણા ઉમંગથી લખ્યું હોય એમ જણાય છે. એમાં સઘળે ઠેકાણે આનંદ ઊછળી રહ્યો છે, અને કવિની કલમના ઉછાળા પ્રત્યક્ષ માલૂમ પડે છે. એની કલમ ઘણી જ ઉતાવળથી ચાલી જાય છે; ડગલે ડગલે કાર્ય-પ્રકાશ થતો જાય છે; કોઈ ઠેકાણે તે નકામું ટાહેલું કરવાને અટકતી નથી; જ્યાં જેટલું ને જેવું જોઈએ, ત્યાં તેટલું ને તેવું જ ચીતરે છે; રસપ્રદેશ આવે છે ત્યાં ઊતરી પડીને યથેચ્છ રમણ કરે છે; પછી તુરત જ ત્યાંથી ઊઠી પાછો પોતાનો માર્ગ પકડે છે; અને એ રીતે ઘણા જ થોડા વખતમાં પોતાનું સઘળું કાર્ય પૂરું કરે છે. ખરે, દીર્ઘસૂત્રતા

જે ગુજરાતી કવિઓનો એક સાધારણ દોષ છે તે આ કાવ્યમાં બિલકુલ નથી.

કાર્યપ્રકાશ આટલી ઉતાવળથી થવાને લીધે સઘળી કથા વાંચનારની આગળ આવીને મૂર્તિમાન ઊભી રહે છે. આપણે વાંચતા નથી પણ જાણે જોઈએ છીએ એમ થાય છે. અને એક દેખાવની ઉપર બીજો દેખાવ ઝપાટાબંધ આવતો જાય છે, તેથી એ કાવ્યના અંત સુધી આપણે એકચિત્ત થઈ રહીએ છીએ. આ કાવ્યનો ઘણો ભાગ દેખાવથી જ ભરેલો છે. એમાંના કેટલાએક કેવળ હાસ્યરસના અને કેટલાએક લાલિત્યના છે. જો કોઈ યુરોપના જેવો ચિતારો હોય તો એ ઉપરથી તે ઘણાં સરસ ચિત્ર કાઢી શકે. નરસિંહ મહેતાની વહેલનું વર્ણન, બધી ન્યાત ભરાયેલી છે ત્યાં નરસિંહ મહેતા દસવીસ વેરાગીઓની સાથે થાળ ગાવા મંડી જાય છે તે, પહેરામણીની વખતે વડસાસુ રિસાઈ જાય છે અને તેને ખીરોદક આપી મનાવી લાવે છે તે, વગેરે કેટલાંએક તો એવાં હસામણાં ચિત્ર થાય કે જોતાં વારને જ ખડખડ હસવું આવે. મોસાળાની વખતે ભેગી થયેલી સ્ત્રીઓનું જે વર્ણન આપ્યું છે તે ખરેખરું લાલિત્યનું આનંદમય ચિત્ર છે. એ વર્ગનાં એવાં સરસ ચિત્ર ગુજરાતી કવિતામાંથી થોડાં જ મળી આવશે.

એમાં હાસ્ય, શાંત, કરુણ અને અદ્‌ભુત એ રસ અનુક્રમે ઓછાવત્તા આવેલા છે. ઘણો ભાગ હાસ્ય અથવા મસ્ત આનંદનો છે. નરસિંહ મહેતાને એક રીતે કવિએ ખૂબ જ બનાવ્યા છે; તોપણ એની યુક્તિ એવી છે કે, એ ભક્તનું માન કોઈ રીતે પણ આપણા વિચારમાં ઓછું થતું નથી. નરસિંહ મહેતાનું મન સદા શાંત રસનું અવલંબન છે. અદ્‌ભુત વર્ણન કેટલુંએક છે, પણ આસપાસના આનંદમાં

તે દબાઈ જાય છે. કરુણરસ થોડો જ છે, પણ છે ત્યાં બહુ જ સરસ છે. તે છતાં કાવ્યનું સાધારણ અંગ આનંદનું જ છે; અને સીમંતના હર્ષના દિવસમાં એને ગાવાનો જે સંપ્રદાય પડ્યો છે તે ખરેખર એક ઊંચી રસિકતાનું જ ચિહ્ન છે.

૧૮૭૩ સ્વ૦ નવલરામ

કુંવરબાઈનું મામેરું

કડવું ૧

राग केदारो

શ્રી ગુરુ, ગણપતિ, શારદા[1] સમરું સુખદાયી સર્વદા;
મનમુદા કહું મામેરું મહેતા તણું રે.

ઢાળ

મામેરું મહેતા તણું પદબંધ કરવા આશ.
નરસિંહ મહેતો ભક્ત બ્રાહ્મણ, જૂનાગઢમાં વાસ.
[2]ભાભીએ એક વચન કહ્યું, મહેતાને લાગી દાઝ;
પરિત્યાગ કીધો ઘર તણો, મહેતો ગયા વનવાસ.[3]
એક દેરું દીઠું વન વિષે[4]—અપૂજ શિવનું લિંગ;
નરસૈંયે જઈ પૂજા કીધી, અંતર માંહી ઉમંગ.
ઉપવાસ સાત મહેતે કર્યા તવ રીઝયા શ્રીમહાદેવ;
કમળની પેરે લિંગ વિકાસ્યું ! પ્રભુ પ્રગટયા તતખેવ.

૧. "શ્રી ગુરુને હું નમું સદા, જે સમરે સુખ દે સર્વદા"

૨. 'તેની ભાભીએ.....' એમ કોઈ પ્રતમાં છે. 'તેની' વધારાની જરૂર નથી.

૩. "મહેતો વન ગયા તપ કાજ" એવો (કા૦દો૦) પાઠ છે. દાઝમાં ઘર છોડયું ને વનવાસ ગયા એ જ સીધો ભાવ ઠીક લાગે છે.

૪. "તે વન વિષે એક દેરું દીઠું" (કા૦દો૦)

કર્પૂરગૌર સ્વરૂપ શોભા, ધર્યાં ઉમિયા પાસ;
રાજે જટામાં જાહ્નવી, નિલવટ ચંદ્રપ્રકાશ. ૧૨
છે રુંડમાળા, સર્પ ભૂષણુ, વાઘાંબર, ગજચર્મ;
વાજે ડાક ડમરુ શંખ શૃંગી;—મહેતે દીઠા શ્રી પરિબ્રહ્મ.

તવ નરસૈંયો જઈ પાય લાગ્યો, મૂકયો મસ્તક હાથ;
'કાંઈ માગ માગ, કૃપાળ છું', એમ બોલ્યા[1] ઉમિયાનાથ. ૧૬
મહેતો કહે, 'મહાદેવજી, એક માગું છું, સ્વામિન :
[2]તમ તણું દર્શન પામિયો, હવે વિષ્ણુનું દર્શન.'
'ધન્ય ધન્ય! સાધુ', શિવ કહે, તને [3]ભક્તિની છે આશ.'
અખંડ વ્રજમાં ગયા તેડી, જ્યાં હરિ રમે છે રાસ. ૨૦

વલણ

રાસક્રીડા હરિ રમે[4], લીલા શું[5] વખાણે કવિ!
નરસયો કૃતારથ થયો, તે કૃપા શ્રીહરની હવી. ૨૨

---

૧. 'વદે' ન૦

૨. 'તમારું' ન૦

૩. 'તુંને મુક્તિની છે આશ' ન૦. 'તુંને' 'તને' પાઠાંતર મહત્ત્વનું નથી. પણ 'ભક્તિ' 'મુક્તિ' પાઠાંતર મહત્ત્વનું છે. તેની ચર્ચા ટિપ્પણમાં જુઓ.

૪. 'રાસમંડળ' તણી રચના' કા૦દો૦. માત્ર રચના કરતાં આખી રાસલીલા કહેતો પાઠ વધારે યોગ્ય, જેકે આ જ શબ્દો ફરી લીટી ૪૩માં આવે છે. અને ન૦ પણ તે જ સ્વીકારે છે. છતાં અહીં ન૦નો 'રાસક્રીડા હરિ રમે' પાઠ જ વલણમાં વધારે અર્થવાહક લાગે છે, એટલે તે જ લીધા છે.

૫ 'શી' કા૦દો૦. 'શું' જ વધારે યોગ્ય ને વ્યાકરણશુદ્ધ.

કડવું ૨

રાગ ધનાશ્રી

અદ્ભુત લીલા રાસ વિરાજે જી,
ગોપી ગાય, વાજાં વાજે જી;[1]
દર્શન કીધે ભવદુઃખ ભાજે જી,
મહાસુખ દીધું શિવ મહારાજે જી. ૨૬

ઢાળ

મહારાજ-શ્રીમહાદેવજીએ[2] ગ્રહ્યો મહેતાનો હાથ;
સદાશિવને જોઈને સામા આવ્યા વૈકુંઠનાથ.
હરિહર [3]હરખે મળ્યા, ગોપી લાગ્યાં શિવને પાય;
નરસૈંયો [4]નમિયો નાથને, તવ પૂછે ગોકુલરાય :— ૩૦
"કહો સદાશિવ, આ કોણ છે, તમે દેખાડ્યો આ ઠામ?"
મહાદેવ કહે, "એ દાસ તમારો, વિપ્ર નરસિંહ નામ;
ભક્તિ ઇચ્છે તમારી, કીર્તન કરે ગુણ ગાય,
કરુણા કરો, શ્રીકૃષ્ણજી." તવ બોલ્યા વૈકુંઠરાયઃ— ૩૪

૧. કા૦ દો૦માં બીજી ત્રીજી કડી અનુક્રમે ત્રીજી, બીજી છે. પણ અન્વયમાં તે અવળું પડે છે.
૨. 'શિવ મહારાજજીએ' કા૦દો૦
૩. 'હરખીને' કા૦દો૦
૪. 'જઈ નમ્યો' કા૦દો૦

"હાથ અહીં તમે તેડી લાવ્યા, સદાશિવ ભગવાન;
એ નરસૈંયો મેં ભક્ત કીધો ઉદ્ધવ વિદુર સમાન."

મસ્તક ઉપર હાથ મૂકી કહે શ્રીગોપાળ[1],
"દુઃખવેળા મને સંભારજે, હું ધાઈ આવીશ તત્કાળ[2]. ૩૮
કરજે તું કીર્તન ભક્તિ મારી[3], તરીશ ભવસંસાર;

૧. 'મસ્તક ઉપર હાથ મૂક્યાં પોતે શ્રીગોપાળ' ન૦ કહે છે; ને ટીપમાં લખે છે કે, "अ र સિવાય બધામાં 'કહે શ્રીગોપાળ' છે. પણ મને 'પોતે શ્રીગોપાળ' વધારે રસભર્યું લાગ્યું છે, અને નીચે અલંકાર આવે છે તે ન સમજાયાથી ઉતારનારાઓ બધે એવો ફેરફાર કરવાને લલચાયા હશે."

વાચક જોશે કે, કા૦દો૦માં સ્વીકારેલો પાઠ સીધો ને સરળ છે ને તેને ઘણી આવૃત્તિઓનું પ્રમાણ પણ છે. 'પોતે શ્રીગોપાળ'માં જે ભાર આવે છે તે સિવાય તેમાં ખાસ વિશેષતા કે અર્થસિદ્ધિ દેખાતી નથી. અને 'શ્રીગોપાળે પોતે હાથ મૂક્યાં' એવું ભારવાચક કથન પ્રવાહમાં અનાવશ્યક ને વધારેપડતું નથી લાગતું? તેના કરતાં તો વિષ્ણુની ઉક્તિની પછીની કડીઓના સાદા પ્રારંભ તરીકે તે વધારે શોભે છે ને અર્થપ્રવાહ સચવાય છે. ન૦નો પાઠ સ્વીકારતાં આ પ્રારંભનું કથન ('કહે શ્રી. . . .') નાહકનું જતું રહે છે, ને કાવ્યપ્રવાહમાં તેમ થવાની જરૂર વગર. એટલે કા૦દો૦ના પાઠને અમે પ્રામુખ્ય આપ્યું છે

૨. 'દુઃખવેળા સંભારજે, ધાઈ આવીશ ત્યાં તત્કાળ' ન૦માં છે. અમે કા૦દો૦નો પાઠ વધારે ગ્રાહ્ય ગણ્યો છે. ન૦માં 'ત્યાં' વધારે છે તે જરૂરનો નથી, પણ 'હું' 'મને' કા૦દો૦ પાઠમાં છે તે વિષ્ણુની ઉક્તિમાં વધારે મમતા અને ઉમળકો ઉમેરે છે, જ્યારે 'ત્યાં ધાઈ આવીશ' કહી રથળ કહેવું બિનજરૂરી લાગે છે.

૩. 'કીર્તન ભક્તિ કરે મારી તરીશ ભવસંસાર' ન૦

આ જુએ[૧] તેવી લીલા ગાજે કેવળ રસ [૨]શૃંગાર.”
પછી રાસમંડળ તણી રચના[૩] દેખાડી તેણી વાર.
નરસિંહ મહેતા પ્રત્યે બોલ્યા સ્વામી શ્રીત્રિપુરાર, ૪૨
“ રખે લોકાચાર મન માંહી ગણુતો, મસ્તક સાટે ભક્તિ[૪];
રાધાકૃષ્ણનો રાસ[૫] ગાજે જુએ તેવી જુક્તિ.”
અંતર્ધાન થયા[૬] કહી એવું ભોળા શંકરદેવ[૭];
[૮]મુહૂર્ત માત્રમાં મહેતાને મૂક્યા જૂને ગઢ તતખેવ.[૯] ૪૬
થઈ નરસૈંયાની નિર્મળ વાણી, કવિશક્તિ ભક્તિ અપાર;
રાધાકૃષ્ણશું રંગ લાગ્યો, ગણે તરણાવત્ સંસાર.
તાલ વાતા ગીત ગાતા પધાર્યા પુર માંહ્ય;
નરસિંહ મહેતો જઈ નમ્યા નિજ ભાભી કેરે પાય : ૫૦

૧. ‘આ દીઠી તેવી લીલા ગાજે’ કા૦ દો૦. લીલા તો હજી જોવાની છે. જુઓ પછીની કડી.

૨. ‘કેવળ રસશણગાર’ કા૦દો૦. અને ન૦ની ટીપમાં છે ‘કેવળ રસભંડાર.’

૩. કડી ૨૧ નીચેની ૪ ટીપ જુઓ. ‘પછી’ કા૦દો૦માં વધારે છે, ન૦માં નથી. અર્થસ્પષ્ટતા ખાતર તે સ્વીકાર્યો છે.

૪. ‘રખે લોકાચારનો ભય ગણે, મસ્તક સાટે મુક્તિ’ ન૦. મુક્તિ, ભક્તિ પાઠાંતર માટે, કડી ૧૯ની ટીપ ૩ છે તે જુઓ.

૫. ‘વિહાર’ કા૦દો૦

૬ ‘પામ્યા’ ન૦

૭. ‘શંકરરાય’ ન૦

૮. ‘પળમાત્રમાં નરસૈંને મૂક્યાં’ કા૦દો૦

૯. ‘જૂના તે ગઢમાંય’ ન૦

"[1]તું ગોરાણી મેં પ્રમાણી, હુંને કહ્યું કઠણ વચન;
હરિહર [2]બંને મુજને મળ્યા તે, ભાભી, તારું પુણ્ય.

वलण

પુણ્ય [3]તારું, માત મારી, [4]જે મળ્યા શ્રીપરિબ્રહ્મ રે."
છે સાધ્વી સ્ત્રી મહેતા તણી; પછે માંડચો ગૃહસ્થાશ્રમ રે. ૫૪

કડવું ૩

राग वेराडी

મહેતે માંડચો ગૃહસ્થાશ્રમ, પતિવ્રતા ઘેર નારી પરમ;
દામોદરની સેવા કરે, માળા તિલક ને મુદ્રા ધરે.
સાધુ વેરાગી વૈષ્ણવ સંગ, શંખ તાળ ને વાજે ચંગ;
ચોક માંહી તુલસીનાં વન, અહર્નિશ થાયે કીર્તન. ૫૮
નહિ ખેતી ઉદ્યમ વેપાર, એક ભક્તિ તણો આધાર;[5]
જે આવે તે વૈષ્ણવ જમે, ગુણ ગાઈને દહાડા નિર્ગમે[6];
વિશ્વંભર પૂરું પાડે અન્ન, વિશ્વાસ ઘણો મહેતાને મંન.

---

૧. 'તમને' કા૦ દો૦

૨. 'બંને' પદ ન૦માં નથી.

૩. કા૦દો૦માં ભાભી માટેનો આ એકવચન પ્રયોગ નથી, બ૦વ૦ પ્રયોગ બધે છે.

૪. ન૦ના 'જે'ને બદલે 'મને' પાઠ કા૦દો૦માં છે.

૫. 'હરિભગત મહેતો તદાકાર' કા૦દો૦

૬. 'હરિગુણ ગાય ને દિન નિર્ગમે' ન૦

બે સંતાન આપ્યાં ગોપાળ—એક પુત્રી ને બીજો બાળ.[1] ૬૨
શામળદાસ કુંવરનું નામ, તે પરણાવ્યો રૂડે ઠામ;
કુંવરબાઈ નામે દીકરી પરણાવ્યાં રૂડો વિવાહ કરી.
પામ્યાં મરણ પત્ની ને પુત્ર, મહેતાનું ભાગ્યું ઘરસૂત્ર;
પતિવ્રતા વહુ વિધવા થઈ, કુંવરબાઈ તે કુશળી રહી. ૬૬
સ્ત્રી સુત મરતાં રોયાં લોક; મહેતાને તલમાત્ર ન શોક:
ભલું થયું ભાગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ.

કુંવરબાઈ પછે મોટી થઈ, આણું આવ્યું ને સાસરે ગઈ.
સસરો શ્રીરંગ મહેતો નામ, મોટું ઘર કહાવે ભાગ્યવાન.[2] ૭૦
છે સાસરિયાંને ધનઅભિમાન, ન દે કુંવરવહુને બહુ માન.[3]
નણંદ જેઠાણી વાંકું ભણે, કુંવરબાઈને દૂબળી ગણે.[4]
"આવો વૈષ્ણવની દીકરી, સાસરવેલ સૌ પાવન કરી"—
ચેષ્ટા કરે સાસુ ગર્વે ભરી; કુંવરબાઈ નવ બોલે ફરી. ૭૪
છે લઘુ વેષે નાનો ભરથાર, [5]કાંઈ પ્રીછે ન વિવેકવિચાર;
કુંવરબાઈને આવ્યું સીમંત, સાદર-વાત ન પૂછે કંથ.

---

૧. 'એક (જ) પુત્રી (કે કુંવરી) ને એક જ બાળ' કા૦દો૦

૨. 'બહુદામ' કા૦દો૦

૩. 'છે સાસરિયાંને ઘણું અભિમાન, ધનનું તે અતિ કરે ગુમાન' કા૦દો૦

૪. 'કુંવરબાઈને દુર્બળ ગણે; નણંદ જેઠાણી વાંકું ભણે' ન૦. અને પછીની ચેષ્ટાની કડી મૂકે છે. તેના કરતાં કા૦દો૦નો ચરણોનો ક્રમ લઈ, પછીની કડી સાસુની ચેષ્ટા તરીકે લેવી ઠીક.

૫. 'તે નવ પ્રીછે વિવેકવિચાર' કા૦દો૦

રૂપ[1] દેખી અતિ વહુવર તણું સાસરિયાં સૌ[2] હરખે ઘણું.
કહે,[3] "મહેતો હરિનો છે દાસ, મોસાળાની શી કરવી આશ!
વહુને ઓરિયે વીતે ખરો, કાંઈક મોસાળું ઘેરથી કરો;
[4]દુર્બળની દીકરી રાંકડી, રીત કરી બાંધો રાખડી."

ન કહાવ્યું પિયર, ન કોને કહ્યું, પંચમાસી તો એળે ગયું;
રહ્યા સીમંતના થોડા દંન, થઈ કુંવરબાઈને ચિંતા મંન. ૮૨
ઓશિયાળી દીસે દામણી વહુવર આવી સાસુ ભણી;

બોલી અબળા નામી શીશ, "બાઈજી, રખે કરતાં રીસ.
આપણો ગોર પંડયો બોખલો, જૂનાગઢ સુધી મોકલો;
[5]મોકલો લખાવી કંકોતરી." તવ સાસુ બોલી ગર્વે ભરી : ૮૬
"વહુવર, શું તુંને ઘેલું લાગ્યું? મા મૂઈ ત્યારે મહિયર ભાગ્યું.
[6]જે તાળ વજાડી ગાતો ફરે, નાચી ખૂંદીને ઉદર ભરે,
દરિદ્ર ઘરમાં ફેરા ફરે, તે મોસાળું ક્યાંથી કરે?
જે સગાથી અર્થ ન સરે, તેને શું થાયે નોતર્યે? ૯૦
મહેતાને વહાલું હરિનું નામ, જોવા મળશે આખું ગામ;
તમને ડોસો [7]મળાવાનું હેત, અમે નાતમાં થઈએ ફજેત;

1. 'સ્વરૂપ દેખી વહુવર તણું' ન૦
2. 'મન' કા૦દો૦
3. 'નરસિંહ મહેતો છે હરિનો દાસ' ન૦. 'નરસિંહ'ને બદલે 'કહે' આવકારમાત્ર પાઠ છે.
4. કા૦દો૦માં શરૂમાં 'છે' પદ વધારે છે.
5. 'લખી મોકલો કંકોતરી' ન૦
6. 'તાળ વજાડે કીર્તન કરે' કા૦ દો૦
   'તાળ વજાડે ને ગાતો ફરે' ન૦
7. 'મળ્યાનું' ન૦

તમારો સસરો લાજે, બાઈ. વણુ આવ્યે સરશે વેવાઈ."

કુંવરબાઈ તવ આંસુ ભરી સાસુ પ્રત્યે બોલી[1] ફરી: ૯૪
"બાઈજી, બોલતાં શું ફગો? દુર્બળ પણુ પોતાનો સગો.
[2]અહીં આવી પાછા જાશે ફરી, એ મશે મળશું બાપદીકરી."

સાસુને મન કરુણા થઈ, [3]નિજ સ્વામીને જઈ વાર્તા કહી:
"રહ્યા સીમંતના થોડા [4]દિન, [5]કુંવરવહુ મન થાયે ખિન્ન;
લખી મોકલો વેવાઈને પત્ર, [6]જેમ તેમ કરતાં આવજો અત્ર."

શ્રીરંગ મહેતો પરમ દયાળ, કાગળ એક લખ્યો તત્કાળ:
"સ્વસ્તિ શ્રી જૂનાગઢ ગામ, જે હરિજન વૈષ્ણવ વિશ્રામ;
નાગરી નાત તણા શણગાર, સાધુશિરોમણિ, પરમ ઉદાર,
ભક્તનાયક, વૈષ્ણવના ધણી, સદા કૃપા હોય કેશવ તણી,
સર્વોપમા જોગ, કરુણાધામ, મહેતા શ્રીપંચ નરસિંહ નામ.
[7]અહીં સહુને છે કુશળ ક્ષેમ, લખજો પત્ર તમો આણી પ્રેમ.

૧. 'બોલ્યાં' ન૦

૨. 'ત્યાં આવી જાશે ઠાલો ફરી, એ મશે મળીશું પિતા દીકરી.' ન૦

૩. 'પોતાના સ્વામીને પૂછ્યું જઈ' કા૦દો૦

૪. 'દહાડા' કા૦દો૦, ન૦

૫ 'કુંવરવહુએ લીધા આડા' ન૦; 'લે છે આડા' કા૦દો૦. પણુ ઉપરનું વર્ણન આડા લીધા કરતાં દુઃખી થયાનું છે. એટલે એ પાઠ ચા. મા. જાની સંપાદિત 'મામેરું'માંથી લીધો છે.

૬. 'જેમ તેમ આવ્યું જોઈએ અત્ર' ન૦. આ આખી લીટીને સ્થાને કા૦દો૦માં બે લીટી છે, પણુ વિશેષ અર્થ ઉમેરાતો નથી; એટલે ન૦ મુજબ એક લીટી જ રાખી છે, પણુ તેનું બીજું ચરણ કા૦દો૦નું લીધું છે.

૭. 'ત્યાં સહુકો છે કુશળી ક્ષેમ' ન૦

એક વધામણીનો સમાચાર, અમારા ભાગ્ય તણો નહિ પાર:
કુંવરવહુને આવ્યું સીમંત, અમ ઉપર ત્રૂઠયા ભગવંત.
માઘ સુદી સપ્તમી રવિવાર, મુહૂર્ત અમો લીધું નિરધાર. ૧૦૮
તે દહાડે નિશ્ચય આવજો, સગાં મિત્ર સાથે લાવજો.
ન આણશો મનમાં આશંક, તમ આવ્યે પામ્યા લખ ટંક
ઊજળો સગો આવે બારણે, સોનાનો મેરુ કીજે વારણે.
જો મહેતાજી નહિ આવો તમો, ખરેખરા દુભાઈશું અમો.''૧૧૨
આપ્યું પત્ર ગુરુના કરમાંય, પંડયો ખોખલો કર્યો વિદાય.

કુંવરબાઈએ તેડયા ઋષિરાય, એકાંતે બેસાડી લાગી પાય:
"ત્યાં બે દહાડા પરૂણા રહેજો, મહેતાને સમજાવી કહેજો:
'કાંઈ મોસાળું સારું લાવજો, સંપત હોય તો હ્યાં આવજો;૧૧૬
કાંઈ નામ જો થાય પૃથ્વીતળે, સાસરિયાંનું મહેણું ટળે.
જો આ અવસર સૂનો જશે, ભવનું મહેણું મુજને થશે;
ઓલબાણું નણદી મારશે, શત્રુનું કામ દિયર સારશે.
રખે નાગરી નાતે કૌતુક થાય, તમારે માથે છે વૈકુંઠરાય.'"૧૨૦
પંડયો ખોખલો કર્યા વિદાય, સદ્ય આવ્યા જૂનાગઢમાંય.

वलण

જૂનાગઢમાં ઋષિજી આવ્યા, મહેતો લાગ્યા પાય રે;
સ્તુતિ વિનય પૂજા કરી, પછે માંડી વાત સુખદાય રે. ૧૨૩

કડવું ૪

राग धनाश्री

ખોખલે પંડ્યે પત્ર જ આપ્યું મહેતાજીને હાથ જી;
વધામણી કાગળમાં વાંચી સમર્યા વૈકુંઠનાથ જી:
"મામેરું પુત્રીને કરવું, ઘરમાં નથી [1]એક દામ જી.
ત્રિકમજી ત્રેવડમાં રહેજો, દ્રવ્ય તણું છે કામ જી." ૧૨૭
ભોજન કરાવી દક્ષિણા આપી મહેતો લાગ્યા પાય જી;
'મોસાળું લઈ અમો [2]આવીશું'—પંડ્યો કીધા વિદાય જી.

નરસિંહ મહેતે ઘેર તેડાવ્યાં સગાં તે વૈષ્ણવ સંત જી,—૧૩૦
'મોસાળું લઈ આપણે જાવું, બાઈનું છે સીમંત જી.'[3]

જૂની વહેલ ને ધૂંસરી વાંકી, સાંગી સોટા-ભાંગી જી,
કોના તળાવા ને કોની પીંજણીઓ, બળદ આણ્યા
એ માગી જી. ૧૩૩

મહેતાજી મામેરે ચાલ્યા, સમર્યા શ્રીજગદીશ જી;
ત્રણ સખીઓ સંઘાતે ચાલી, વેરાગી દશવીશ જી.
સંપુટ ત્રાંબાની ડાબલીનો તેમાં બાળમુકુંદ જી,[4]

---

૧. 'ખોટો' કા૦દો૦

૨. 'આવું છું' ન૦

૩. 'છે કુંવરબાઈનું સીમંત જી' કા૦દો૦

૪. 'ડાબડી ત્રાંબા કેરી સંપુટ' ન૦. અન્વય ક્લિષ્ટ છે.

કંઠે હાર કરીને રાખ્યા દામોદર [1]નંદાનંદ જી. ૧૩૭
વહેલની પૂંઠે કોથળો બાંધ્યો, માંહી ભર્યાં વાજિંત્ર જી;
ગાંઠડી ગોપીચંદનની છે, તુલસીકાષ્ઠ પવિત્ર જી;
મોસાળાની સામગ્રીમાં, છાપાં, તિલક, ને તાળ જી!
નરસૈંયાને નિર્ભય છે જે[2], ભોગવશે ગોપાળ જી. ૧૪૧

બળહીણ બળદો શું હીંડે! ઠેલે વૈષ્ણવ સાથ જી;
સોર પાડે ને ઢાળ ચડાવે,—'જય જય વૈકુંઠનાથ જી'.
એક બળદ ગળિયો થઈ બેસે, આખલો તાણી જાય જી;
પડચાને પૂંછ ગ્રહી ઉઠાડે, કૌતુક કોટિ થાય જી. ૧૪૫
સાલેસાલ જૂજવાં દીસે, વહેલ થાય છે વક્ર જી[3];
સાંગીનો બહુ શબ્દ જ ઊઠે, ચૂચવે છે બહુ ચક્ર જી.
ચડે[4] બેસે ને વળી ઊતરે, લે રામકૃષ્ણનું નામ જી. ૧૪૮

મધ્યાહ્નને મહેતાજી [5]પહોંત્યા, જોવા મળ્યું સૌ[6] ગામ જી.
શું જાણે વૈષ્ણવનો મારગ વિષયી પુરના લોક જી?
"કોડ પહોંત્યા કુંવરવહુના, મામેરું છે રોક જી! ૧૫૧

---

૧. 'નંદન નંદ જી' કા૦દો૦. છંદમેળને કારણે 'નંદ નંદન'નું તોડીને કરેલું રૂપ કાવ્યમાં ચાલે. 'નંદાનંદ' અપરિચિત કહેવાય, જોકે ફરી મામેરામાં એ રૂપ આવે છે.

૨. '...નિર્ભય મનમાં' ન૦ કરતાં સરળ અન્વયવાળું પાઠાંતર ગ્રાહ્ય. અર્થવૃદ્ધિ તો નથી ને 'મનમાં' કહેવા જરૂર નથી.

૩. 'રથ તણાં બહુ વક્ર જી' કા૦દો૦

૪. 'ચડી' ન૦. કૃદંત કરતાં જુદી ક્રિયા વધારે રસ પ્રેરે છે.

૫. 'આવ્યા' કા૦દો૦

૬. 'ઊના' કા૦દો૦. ગામના નામથી એ જ ભાવ તો આવે છે. પણ તેનું સ્પષ્ટ કથન અહીં વધારે અર્થવાળું લાગશે.

વલણ

"રોક મામેરું મહેતો લાવ્યા, જુઓ વૈષ્ણવની વિસાત રે;
અકેકી માળા આપશે તો, પહેરશે નાગરી નાત રે!" ૧૫૩

કડવું ૫

રાગ મારુ

સુણી શ્રીરંગ મહેતો આવ્યા ધાઈ, ભાવે ભેટચા બંને વેવાઈ;
મળ્યો જમાઈ, જમાઈનો ભ્રાત, મળ્યો સહુ નાગરનો સાથ.[1]
કપટે ભેટે પાછા ખસે, સામગ્રી જોઈ જોઈ હસે. ૧૫૬

ઊતરવા ઘર આપ્યું એક, ઝાઝા ચાંચડ મચ્છર વિશેક;[2]
ખાડાટેકરા વસમો ઠામ, ઉપર નળિયાનું નહિ નામ;
કોહ્યું છાજ ને જૂની વળી, ભીંતો દોદશ બેવડ વળી;
ઝાઝા માંકણ ઝાઝા જૂવા;—ત્યાં મહેતાના ઉતારા હુવા. ૧૬૦

વેવાઈ ગયા ઉતારો કરી; બોલે હસણી નાત નાગરી:
"કુંવરવહુનો વૈષ્ણવ બાપ દર્શન કરીને ખોઈએ પાપ."

---

૧ આ પછી નં૦માં નીચેની કડીઓ વધારે છે:
'ભેટચા વેવાઈ જાણે વળગ્યું ઝોડ, હવે પહોંત્યા મનના કોડ!
વેવાણો મન કરે વિચાર, શકે દરિદ્ર આવ્યું અમ દ્વાર'
'બંને વેવાઈ ભાવે ભેટચા' કહ્યું; પછી 'ઝોડ વળગ્યું' કહેવું સંગત નથી. અને વેવાણોને માટે પછી નિરાંતે કવિ કડીઓ આપે જ છે

૨. 'મચ્છર જૂવા માંકડી વિશેક' નં૦. 'જૂવા'નો જુદો ઉલ્લેખ પછી આવતી ત્રીજી કડીમાં તો છે જ.

મહેતાને જોવા હરખે ભરી ઘેર ઘેરથી ચાલી સુંદરી.
મન વિના મહેતાને નમે, 'સારું થયું જે આવ્યા તમે'. ૧૬૪
માંહોમાંહે કહે નાગરી, "મહેતો દીઠે દીઠા હરિ.
જુઓ સાથ કેવો કૂટડો ![1] બાઈ, પરમેશ્વર એને ઢૂકડો.[2]
કુંવરવહુનું ભાગ્યું દુઃખ", એવું કહીને મરડે મુખ. ૧૬૭
"આ બળદ જુઓને મહેતા તણા[3], બગાઈ શબ્દ કરે છે ઘણા;
વગાડશે મંડપમાં ચંગ, નાગરી નાતમાં રહેશે રંગ.
ઓ[4] ગાંઠડી વળગણિયે[5] લટકે, તાળજોડા બાંધ્યા છે પટકે.
જુઓ કાષ્ઠ તુલસીનો ભારો; હવે મોસાળાનો શો ઉધારો !
છાબમાં તુલસીદળ મૂકશે, ઊભો રહીને શંખ ફૂંકશે[6]; ૧૭૨
વેરાગી હરિના ગુણ ગાશે, એટલે મોસાળું પૂરું થાશે !"
એમ નાગરી કૌતુક કરે, ઠંઠોળી કરી પાછી ફરે.
કુંવરબાઈએ જાણી વાત, મોસાળું લઈ આવ્યા તાત;

---

૧ 'આ સાથ સર્વ કેવો કૂટડો' ન૦

૨. 'એને પરમેશ્વર ત્રૂઠડો' કા૦દો૦

૩. 'જુઓ બળદ મહેતાજી તણા' કા૦દો૦. જાણે હાથ કરીને કહેવાતું હોય એમ 'આ...' પાઠ સારો લાગે છે.

૪. 'આ' કા૦દો૦. દૂર હોય એમ 'ઓ' ઠીક નહિ ?

૫. 'વળગાડી' કા૦દો૦

૬ 'આ શંખ મહેતાજી ફૂંકશે, છાબમાં તુલસીદળ મૂકશે;
આ વેરાગી હરિગુણ ગાશે' ન૦

'આ' નો ઉમેરો અનાવશ્યક છે. અહીં બતાવ્યા વગર કહે તો રસ પડે છે. અને લીટી ઉપર નીચે થાય છે એ પણ રસવર્ધક નથી. કડવાને અંતે આ જ લીટીઓ ફરી આવે છે ત્યાં ન૦ પણ આ જ ક્રમ રાખે છે.

ઉતાવળી મળવાને ધસી, નણદી બોલી મર્મે હસી :—૧૭૯
"આ શું પિતા-પુત્રીને હેત ! [1]સગાંને કરવા આવ્યો ફજેત.
લજાવ્યું સાત પેઢીનું નામ, સાથે વેરાગીનું શું કામ ?
શું મળવા ચાલ્યાં એકલાં ? એ બાપથી નબાપાં ભલાં."

કઠણ બોલ એવો સાંભળી કુંવરબાઈ [2]બોલી પાછી વળી : ૧૮૦
"નણદી, મચ્છર શો આવડો ? પૂંઠળથી, બાઈ, શું બડબડો ?
સુખી પિતા હશે જે તણો, તે પુત્રીને લાભ જ ઘણો;
કોનો પિતા લખેશરી કહાવે, તે તો મારે શે ખપ આવે ?[3]
રંક પિતા આવ્યો મુજ ઘેર, એક કાપડું સોનાનો મેર.
તમે મન માને તે કહો, એવો પિતા [4]મારે જીવતો રહો." ૧૮૫

મર્મ-વચન નણદીને કહી પિતા પાસે પુત્રી ગઈ.
દૂર થકી દીઠી દીકરી, મહેતાએ સમર્યા શ્રીહરિ.
અન્યોઅન્ય નયણાં ભરી ભેટયાં બંન્યો આદર કરી. ૧૮૮
મહેતે મસ્તક મૂકી[5] હાથ, પાસે બેસાડી પૂછી વાત :—
"કહો કુંવરબાઈ, કુશળી ક્ષેમ ?[6] સાસરિયાં રાખે છે પ્રેમ ?[7]
રૂડો દિવસ આવ્યો, દીકરી, તો મોસાળું કરશે શ્રીહરિ."

કુંવરબાઈ બોલી વીનતિ, "સામગ્રી કાંઈ પાસે નથી. ૧૯૨

૧. 'શાને' કા૦ દો૦
૨. '...તવ પાછી વળી' ન૦
૩. 'તે મારે શે અર્થે આવે ?' ન૦
૪. 'મારો' ન૦
૫. 'મૂક્યા' ન૦
૬. 'કુંવરબાઈ, કહો કુશળ ક્ષેમ ?' કા૦ દો૦
૭. 'સાસરિયાં કાંઈ આણે છે પ્રેમ ?' કા૦ દો૦

નાગરી નાતે રહેશે કેમ લાજ ? ધન વિના આવ્યા શેં કાજ ?
નિર્માલ્ય નિર્ધનનો અવતાર, નિર્ધનનું જીવ્યું ધિક્કાર;
નિર્ધનને કોઈ નવ ગણે,[1] નવ રાખે ઊભો આંગણે;
ચતુરપણું નિર્ધનનું જેહ, ઘેલા માંહી ગણાયે તેહ;[2] ૧૯૯
લોક બોલાવે દુર્બળ કહી, એથી માઠું કાંઈ બીજું નહિ.
પિતાજી, કાંઈ ઉદ્યમ નવ કરો, ધનનો નવ રાખો સંઘરો;
આ અવસર સચવાશે કેમ ? પિતાજી, તમે વિચારો એમ.[3]
નથી લાવ્યા તમો નાડાછડી, નથી મોડ કે કુંકુંમપડી ! ૨૦૦
નથી માટલી, ચોળી, ઘાટ ! એમ શું આવ્યા બારેવાટ ?[4]
કેમ કરી લજ્જા રહેશે, તાત ? હું શેં ન મૂઈ મરતે માત !

"માત વિના સૂનો સંસાર, નમાયાંનો શો અવતાર !
જે બાળકની માતા ગઈ મરી, બાપની સગાઈ સાથે ઊતરી.
જેવું આથમતા રવિનું તેજ, મા વિના એવું બાપનું હેત.
સુરભિ મરતાં જેવું વચ્છ, જળ વિણ જેવું તલફે મચ્છ,[5]
ટોળા વછોઈ જેવી મૃગલી, મા વિના દીકરી એકલી.
લવણ વિના જેવું ફીકું અન્ન, ભાવ વિના જેવું ભોજન, ૨૦૮
કીકી વિના જેવું લોચન, મા વિના તેવું બાપનું મન.

---

૧ 'નિર્ધનનું કોઈ કાન ન ધરે' ન૦

૨. આ આખી કડી ન૦માં નથી.

૩. આ ચારે ચરણને બદલે ન૦ માં—
'પિતાજી, કાંઈ ન કરો ઉદ્યમ, તો અવસર સચવાયે કયમ ?'
આટલું જ છે.

૪. 'એવું દરિદ્ર શું આવ્યું, તાત ?' ન૦

૫. 'જળ વિના તલપે જેમ મચ્છ' ન૦

ઘડો ફૂટે રઝળે ઠીંકરી, મા વિના એવી દીકરી.
ગોળ વિના મોળો કંસાર, માતા વિના સૂનો સંસાર. ૨૧૧

"શીદ કરવા આવ્યા ઉપહાસ ?[1] સાથે વેરાગી પાંચ પચાસ,[2]
શંખ, તાળ, ને માળા, ચંગ — એ મોસાળું કરવાના ઢંગ ?
ન હોય, પિતા, તો જાઓ ફરી," એમ કહીને રોઈ દીકરી.

મહેતે મસ્તક મૂક્યો હાથ, "મોસાળું કરશે શ્રીનાથ.
પહેરામણી કરવી જેટલી, આસામી લખી લાવો તેટલી; ૨૧૬
લખજો સાસરિયાં સમસ્ત, વિસારશો મા એકે વસ્ત."

વચન મહેતાજીનાં સુણી કુંવરબાઈ ગઈ[3] સાસુ ભણી—
"મારે પિતાએ મોકલી હુંય, લખો કાગળમાં જોઈએ શુંય."
મુખ મરડીને બોલી સાસુ, "શો કાગળ ચીતરવો ફાંસુ ? ૨૨૦
છાબમાં તુળસીદળ મૂકશે, ઊભો રહીને શંખ ફૂંકશે !"

वलण

'ફૂંકશે શંખ ઊભો રહી, નરસૈંયો મોસાળું શું કરે ?'
સંવાદ[4] વહુવરનો સાંભળી વડસાસુ એમ ઓચરે: ૨૨૩

કડવું ૬

राग सामेरी

વડસાસુ ઘણું ભારે માણસ; બોલ્યાં પરમ વચન: વહુજી.
"વડી વહુવર, તમે કાંઈ ન જાણો, મહેતો વૈષ્ણવ જન; વહુજી.

---

૧. 'શું, કરવા આવ્યા ઉપહાસ' (ન૦) કડોર બાણ છે.
૨. 'પંચાસ' ન૦
૩. 'આવ્યાં' કા૦દો૦
૪. 'વિવાદ' ન૦

જેને સ્નેહ શામળિયા સાથે, તેને શાની ખોટ ? વહુજી.
પહેરામણી મનગમતી માગો, કરો નાગરી ગોઠ. વહુજી. ૨૨૭
કુંવરવહુને કાગળ આપો, લખો લખાવું જેમ; વહુજી.
રૂડો વેવાઈ આંગણે આવે, કોડ ન પહોંચે કેમ ? વહુજી.
લખો પાંચ શેર કંકુ જોઈએ, શ્રીફળ લખો સેં સાત; વહુજી.
વીસ મણ વાંકડિયાં ફોફળ, મળશે મોટી નાત. વહુજી.
પાંચ વસ્ત્રના પંચવીસ વાઘા, ચાર ચોકડી તાસ; વહુજી.
લખો પછેડી પંદર કોડી, પટોળાં પચાસ. વહુજી.
સાઠેક મુગટા, સોએક શણિયાં, ચીર લખો ચાળીસ; વહુજી.
ધોતિયાં બ્રાહ્મણને જોઈએ, લખો કોડી [1]ત્રીસ. વહુજી.
બે કોડી જરકસની સાડી, રેશમી કોડી બાર; વહુજી.
સાદી સાડી લખો ત્રણસેં, છાયલ[2] લખો સેં ચાર. વહુજી.
ઘર-સાડી લખો દસવીસ કોડી, સોળ કોડી લખો ઘાટ[3]; વહુજી.
છીંટ મોરવી ટૂંકડી સોએક, નવ કોડી લખો નાટ. વહુજી.
મશરૂ, ગજિયાણી, દરિયાઈ, લખો થાન પંચાસ; વહુજી.
હજાર બારસેં લખો કાપડાં, લોક કરે બહુ આશ. વહુજી.
સોળસેં લખો શેલાં સાળુ, તેલ પાનનો શો આંક ? વહુજી.
આશરા પડતું અમે લખાવ્યું, બાપ તમારો રાંક. વહુજી.
તમને સોળ શૃંગાર કરાવે, બાપ લડાવે લાડ; વહુજી.
ઘટે જમાઈને સોનાસાંકળી; અમને એમાં શો પાડ ? વહુજી.
સહસ્ર મહોર સોનાની રોકડી, કહેતાં પામું ક્ષોભ; વહુજી.

૧. 'સાર' કા૦દો૦
૨. 'છાલ' ન૦
૩. 'સોળ ચોકડી ઘાટ' ન૦

અમો ઘરડાંએ ધર્મ લખાવ્યું, ન ઘટે ઝાઝો લોભ. વહુજી.
એ લખ્યાથી અદકું કરો, તો તમારા ઘરની લાજ." વહુજી.

તવ મુખ મરડી નણદી બોલી, "સિદ્ધ થયાં સૌ કાજ. વહુજી.[1]
ભારે મોટા બે પહાણુ લખોને જે મહેતાથી અપાય!" વહુજી.[1]
ડોશી કહે, "શું શોર કરો છો? [2]કાગળ લખતાં શું જાય?" બહેની[3]

વલણ

'શું જાય લખતાં [4]તાહરું', કહે વડસાસુ વિકરાળ રે,
કાગળ આપ્યો હાથમાં ને પડી પેટમાં ફાળ રે. ૨૫૩

કડવું ૭

રાગ મારુ

"ડાટ વાળ્યો રે, ડોશીએ ડાટ વાળ્યો રે. ટેક
વડસાસુ વેરણ થઈ મારી, હરખ હૈયાનો ટાળ્યો રે, ડોશી૦
મીઠાવચની ને થોડાબોલી, હીંડે હરિગુણ ગાતી રે;
પરમાર્થી થઈ પત્ર લખાવ્યું, મનમાં મોટી કાતી." ડોશી૦

કાગળ લઈ કુંવરબાઈ આવ્યાં પિતાજીની પાસે રે; ૨૫૮
"વડસાસુએ વિપરીત લખાવ્યું, કહો, હવે શું થાશે? ડોશી૦
લખેશરીથી ન પડે પૂરું એવું [5]એવું લખાવ્યું રે;

---

૧. 'માજી' ન૦. લખવાનું ચાલે છે તેમાં જ નણદી કટાક્ષથી ટાપસી પૂરે છે, ત્યાં 'વહુજી' પાઠ ઠીક છે.

૨. 'લખતાં તારું શું જાય ?' કા૦દો૦

૩. 'વહુજી' કા૦દો૦ કરતાં 'બહેની' ન૦ પાઠ યોગ્ય છે.

૪. 'આપણું' ન૦. ઠાવકાપણાને આ ન શોભે.

૫. 'માંહી' કા૦દો૦

સાધુ પિતાને દુખ દેવાને મારે સીમંત શાને આવ્યું ? ડોશી૦
સહસ્ર મહોર સોનાની રોકડી વસ્ત્ર તણું નહિ લેખું રે; ૨૬૨
તાતજી, હું તમારી પાસે કોડી એક ન દેખું. ડોશી૦
પિતાજી, તમો [1]પાછા પધારો, અહીં રહ્યે ઇજ્જત જાશે રે."

મહેતાજી કહે, "પુત્રી મારી, રહો તમે વિશ્વાસે;
[2]ડોશીએ સારું કીધું રે. ટેક
શામળિયો અવસર નહિ ભૂલે, તું કાં આંસુ પાડે રે ?
દામોદરને નથી કાંઈ દોહ્યલું[3], નહિ જ કરજ કોનું કાઢે. ડોશી૦
કુંવરી મારી,[4] ઘેર પધારો; એમાં આપણું શું જાશે રે ? ૨૬૮
જો [5]મોસાળું નહિ કરે, તો ઉપહાસ એનો થાશે. ડોશી૦
પંચાળીનાં પટકૂળ પૂર્યાં નવસેં ને નવ્વાણું રે,
એ રીતે [5]મોસાળું કરશે, તું થાવા દેને વહાણું. ડોશી૦
વિશ્વાસ હૃદયામાં રાખો, છો વૈષ્ણવનાં બાળ રે; ૨૭૨
આપણું તે પ્રતિપાલન કરશે [6]તાત ત્રિભુવનપાળ." ડોશી૦

હૈડે[7] હેત દીકરીને આવ્યું, સુણી તાતની વાણી રે;
કુંવરબાઈ ફરી મંદિર આવ્યાં, વિશ્વાસ [8]ઉરમાં આણી. ૨૭૫

---

૧. 'ગામે' ન૦
૨. 'ડોશીએ રૂડું કીધું રે, આપણું કારજ સીધ્યું રે' કા૦દો૦
૩. 'દામોદર કાંઈ નથી દોહ્યલો, નહિ કરજે કાઢે.' કા૦દો૦
૪. 'કુંવરબાઈ તમે' કા૦દો૦
૫. 'મામેરું' ન૦
૬. 'શામળિયો ગોપાળ' કા૦દો૦
૭. 'જ્ઞાનધૈર્ય' ન૦ કરતાં 'હૈડે હેત' વધુ યોગ્ય છે.
૮. 'હૃદેમાં' ન૦

કડવું ૮

राग गोडी

કૌતુક કલિજુગનાં, વૈષ્ણવની ચેષ્ટા થાય. ટેક
વાંકાબોલી નાત નાગરી, સહેજે બોલે અન્યાય. કૌ૦

ભોજન કરવા મહેતાજી તેડ્યા, સાથે બહુ વેરાગી જી;[1]
ટોળે મળીને નાત નાગરી જોઈ જોઈ હસવા લાગી. કૌ૦
ચીર્યાં તિલક ને તુલસીની માળા, છાપા અંગ વિરાજે જી; ૨૮૦
'વેવાઈનાં રૂપ જુઓ રે, બાઈઓ, કોટિક કંદર્પ લાજે.'[2] કૌ૦

[3]સ્નાન કરી નાગર સૌ બેઠા, જેને જેશું મળતું જી;
મહેતાજીને નાહવા માટે જળ મેલ્યું કળકળતું. કૌ૦
તેલ–કઢા તાતી ઉકાળી સુધન્વાને તળવા જી, ૨૮૪
તેમ વેવાણે જળ ઉકાળ્યું, મહેતાજીને છળવા. કૌ૦

ઉષ્ણોદક દેખીને મહેતે માગ્યું ટાઢું પાણી જી;
મર્મવચન મુખ મરડી બોલી કુંવરબાઈની જેઠાણી : કૌ૦
" માગ્યો મેહ વરસે, મહેતાજી, તો અમ પાસે શું માગો જી ? "

૧. કા૦દો૦માં બન્ને 'જી'ની જગાએ 'રે' આવે છે.

૨. આ ઉક્તિમાં નીચેનું વધારે મળે છે, પણ ન૦ તેને પ્રક્ષિપ્ત બતાવે છે તે શક્ય લાગે છે :

" મલ્હાર ગાશે નાહતી વેળા, વરસશે વરસાદ રે;
પ્રસાદ વેળા થાળ ગાશે, જમશે જાદવનાથ "

૩. 'નાહી કરી.' 'નાગર સર્વ સ્નાન કરી બેઠા' ન૦

બાજઠે બેઠાં તાળ મગાવી, બોલ હૃદેમાં વાગ્યો; કો૦
સ્મરણ કીધું શામળિયાનું, આલાપ્યો રાગ મલાર જી.
નગરલોક સૌ જોવા મળિયા, બોલે વ્યંગ-ઉચ્ચાર. કો૦ ૨૯૧

કડવું ૯

રાગ સોરઠ મલાર[1]

મહેતાજી બેઠા બાજઠે, સમર્યા શ્રીગોપાળ;
મલાર ગાયો નેહશું,[2]—મેહ ગર્જ્યો વજાડી તાળ :
“ઉપહાસ થાય તારા[3] દાસનો, શામળિયા, કરો સહાય;
ઉષ્ણોદક ઘણું ઊકળે — નાંખ્યું શ્રીફળ ફાટી જાય! ૨૯૫
જેમ કઢા ઉકાળી તેલની, કોપ્યો હંસધ્વજ રાય;
તારી કૃપાએ ટાઢું થયું, [4]કીધી સુધન્વાની સહાય.
હૂંડી શિકારી તેં, શામળા, આપ્યા રૂપૈયા સેં સાત;
તે વિશ્વાસે વળગી રહ્યો, વિઠ્ઠલ, મોકલજો વરસાદ. ૨૯૯
સમોવણ નહિ આપો, શામળા, તો કરશો મોસાળું કેમ?”

વિનતી નરસૈંયાની સાંભળી, પ્રેર્યો ઘન પરિબ્રહ્મ.
ષણમાત્રમાં આભ ઘટા થઈ, ચોદશ ચડ્યો અંધકાર;
ગગન વિષે ઘન ગડગડે, થાય [5]વીજ તણા ચમકાર; ૩૦૩

---

૧. ‘રાગ મલાર સામેરી’ ન૦
૨. ‘પ્રીતમશું’ કા૦ દો૦
૩. ‘છે’ ન૦ કરતાં ‘તારા’ વધારે અર્થવાહી છે.
૪. ‘ઉગાર્યો સુધન્વાય’ કા૦ દો૦
૫. ‘વીજળીના’ ન૦

ઊડે કોરણુ બહુ કાંકરા; વરસે મુશળધાર.
વેવાઈના ઘરમાં જળ ઘસ્યું, [1]સૌ નાસે, કરે પોકાર.
સર્વ નાગરીઓ પાયે પડે, "ક્ષમા કરો અપરાધ;
[2]અમો અજ્ઞાને ન ઓળખ્યા, તમો શિરોમણિ સાધ." ૩૦૭
શ્રીરંગ મહેતો સ્તુતિ કરે, વેવાણો માગે માન.
વરસાદ વિસર્જન થયો, મહેતાજીએ કીધું સ્નાન.
ઠગ નાગર કહે, 'થયું માવઠું! એમ આવે છે બહુ વાર.'
[3]પ્રત્યક્ષ દીઠું, પ્રતીત નાવી, કળિજુગને અનુસાર. ૩૧૧

वलण

મહેતાજી ભોજને બેઠા, કરમાં લીધી તાળ રે;
ટોળું વેરાગી તણું, તેણે ગાવા માંડી થાળ રે. ૩૧૩

કડવું ૧૦

राग सामेरी

મહેતે ગાઈ પ્રસાદની થાળી, આરોગ્યા શ્રીવનમાળી;
લીધો પ્રસાદ પૂરણ પ્રીતે, પછે થયું શું રજની વીત્યે?
વીતી રજની કીર્તન કરતાં થયો પ્રાતઃકાળ રે;
કુંવરબાઈ [4]આવ્યાં પિતા પાસે, "હવે મોસાળાની કરો ચાલ રે."

૧. 'કરે લોક પોકાર' કા૦દો૦

૨ 'અમો અજ્ઞાનીએ ઓળખ્યા નહિ તમો સર્વ-શિરોમણ-સાધ' ન૦

૩ 'પ્રતીત ન પ્રત્યક્ષ પારખે, કળિયુગનો પ્રકાર' કા૦દો૦

૪. '. . . કહે, "તાતજી, કરો મોસાળાની ચાલ રે"' ન૦

મહેતાજી કહે, "પુત્રી મારી, જઈ નાતને તેડાં કરો;
વિશ્વાસ આણી મંડપ માંહી છાબ ઠાલી જઈ ધરો.
[1]સમસ્ત નાત નાગર તણી તેડો સહ-કુટુંબ રે;
છે વાર નાત મળે એટલી, નથી મોસાળાનો વિલંબ રે. ૩૨૧

કુંવરબાઈ કહે, "તાતજી, મને કેમ આવે વિશ્વાસ રે?
ઠાલી છાબ હું કેમ ધરું? થાય લોકમાં ઉપહાસ રે."
મહેતાજી કહે, "પુત્રી મારી, છો વૈષ્ણવની દીકરી:
તારે મારે ચિંતા શાની? મોસાળું કરશે શ્રીહરિ." ૩૨૫

મર્મ-વચન સુણી તાતનું, સાસુ પાસે ગઈ વહુ:
"મારો પિતા મોસાળું કરે છે, [2]સગાં મિત્ર તેડો સહુ."
ખોખલે પંડ્યે તેડાં કીધાં, મળ્યું આખું ગામ રે;
[3]વેવાઈવર્ગ એણી પેર બોલે, "જશે મહેતો મૂકી મામ રે."

મંડપમાં મહેતાજી આવ્યા, હાથ ગ્રહી છે તાળ રે;
નાગર સહુ [4]ઊભા થઈ કહે, "આવો[5], જે ગોપાળ રે."

૧. 'જ્ઞાતિ સગાં સહિત પધરાવો, સર્વ કુટુંબ પરિવાર જી;
છે વાર જ્ઞાતિ મળ્યા તણી, નથી મોસાળાની વાર જી.' કા૦દો૦
'સહકુટુંબ'ને બદલે 'સહુ-કુટુંબ' મળે છે.

૨. 'સગાં તેડાવો સહુ' ન૦

૩. 'વિચાર વેવાઈ કરે' ન૦

૪. 'બેઠા રહી' ન૦ ન૦માં આ પાઠ અંગે ટીપ મૂકી છે તેમાં કહે છે કે, "બધામાં 'બેઠા થઈ' છે. માનને સારુ ઊભા થાય, પણ કાંઈ બેસે એ તો સંભવતું નથી. તેથી દ એ સુધારીને 'ઊભા થઈ' એમ કર્યું છે." અને છેલ્લે કહે છે, "'બેઠા રહી' એ ફેરફાર મારી તરફનો થયેલો છે." ફેરફાર કરવો જ હોય તો 'ઊભા થઈ' જ કરવા જેવો હતો.

૫. 'પ્રેમે' કા૦દો૦ પાઠ કરતાં સાદો આવકાર યોગ્યતર છે

મંગાવી એક છાબ ઠાલી, તે ચોકમાં આણી ધરી;
મહેતાજીએ શંખ પૂર્યો, વિનતી શ્રીહરિની કરી. ૩૩૩

કડવું ૧૧

राग मारु

મહેતે વજાડ્યો શંખ, સમર્યા વનમાળી;
લાગી હસવા ચારે વર્ણ, માંહોમાંહે દે તાળી:
"જુઓ મોસાળાના ઢંગ વેવાઈએ માંડ્યા!
નાગરના વહેવાર એણે સર્વ છાંડ્યા. ૩૩૭
જુઓ છાપાં, તિલક ને તાળ, જુઓ તુલસીમાળા;
નરસૈંયો કરશે નૃત્ય, ગાશે ટોપીવાળા."

જોવા મળી નાગરી નાત, બહુ ટોળેટોળાં;
કરે મુખ મરડીને વાત, "આપશે ઘરચોળાં." ૩૪૧
બહુ નાની મોટી નાર, મંડપમાં મળી;
કરે વાંકી છાની વાત, સાકરપેં ગળી.
મહેતાને કરે જે શ્રીકૃષ્ણ, હસી [1]પરું જોતી.
[2]સોહે અધરની ઉપર વેસરનાં મોતી; ૩૪૫
સજ્યા સોળ શણગાર, ચરણાં, ને ચોળી;
જોબનમદ-ભરી નાર કરે બહુ ઠંઠોળી.

૧. 'અરૂંપરૂં' ન૦
૨. 'મુખ ઉપર ઝળકે સાર . . .' કા૦ દો૦

માળા મોતીહાર ઉર પર લળકે છે;
જડાવ ચૂડલો હાથ, કંકણ ખળકે છે. ૩૪૯
[1]કોઈ સમીર ઉરાડે ચીર, શણવટ વાળે છે;
અણિયાળાં લોચન, કટાક્ષે ભાળે છે.
કોઈ છૂટે અંબોડે નાર, વેણી લાંબી છે;
કોને ઝાંઝર ઝમકે પાય, કડલાં કાંબી છે. ૩૫૩
કોએ નાના તિલક રસાળ ભાલે કીધાં છે;
કોએ [2]રમાડવા સરખાં બાળ કેડે લીધાં છે.
કોઈ જોવા ઠાલી છાબ, અબળા ઊઠે છે;
કોઈ વહુવારુ લજ્જાળ નણદી પૂઠે છે. ૩૫૭
કો શીખવી બોલાવે બાળ, વારી રાખે છે;
કો વાંકાબોલી નાર, વાંકું ભાખે છે:[3]

૧. અહીંથી શરૂ થતાં ૪ ચરણોમાં અનેક પાઠાંતરો મળે છે. 'કોઈ સમી રહી ઓઢે ચીર' એ ન૦, કા૦દો૦ બેઉમાં છે. બીજું ચરણ સરખું છે. ત્રીજા ચોથામાં ન૦ 'નારી નચાવે નેણ, સ્વામી ભાળે છે' એમ આપે છે. ઉપર સ્વીકારેલું કા૦દો૦નું છે. શ્રી. ચી. મા. જાનીના 'મામેરા'માંથી પહેલું ચરણ મેં લીધું છે. તેમણે તેની અગાઉ એક નવી લીટી આપી છે: 'શીશફૂલ રાખડી ચાક ભમરી ભાળે છે' અને 'લોચન' વાળાં બે ચરણ તેમાં છે જ નહિ. ઉપર કહ્યું તેમ, તે કા૦દો૦માંથી લીધાં છે. મને લાગે છે, આ રીતે આ ચાર ચરણો સારામાં સારો અર્થ રજૂ કરે છે. આને અંગે જુઓ ટિપ્પણમાં પણ.

૨. 'નાનાં બાળ' કા૦દો૦

૩. આના પછી કા૦દો૦ બે વધુ લીટી આપે છે જે, રસ અને અર્થ જોતાં, જરૂરની નથી. 'એવાં કૌતુક અનેક સહુકો દેખે છે; સહેજે બોલે અન્યાય હરિને લેખે છે.''

"બાઈ, કુંવરવહુનો બાપ કરશે મામેરું;
હું તો લઈશ પટોળી શ્રીકાર,[1] સાડી નહિ પહેરું. ૩૬૧
વૈષ્ણવને શી ખોટ? કંઠે માળા છે!
વહેવારિયા દશવીશ ટોપીવાળા છે!
કુંવરવહુને ધન્ય, પિયર-પનોતી છે;
બાપે વગાડયો શંખ, સાદર પહોંતી છે!" ૩૬૫

વાંકાબોલા વિપ્ર બોલે ઉપહાસે,
"મૂકો છાબમાં પહાણ, વાયે ઊડી જાશે."

મૂકયો દીકરીએ નિઃશ્વાસ, આવી પિતા પાસે.
મહેતે દીધી સાન—'રહેજે વિશ્વાસે.' ૩૬૯

वलण

'વિશ્વાસ રાખો, દીકરી,' કહી કરમાં લીધી તાળ રે;
કાગળ મૂકયો છાબમાં, મહેતે સમર્યા શ્રીગોપાળ રે. ૩૭૧

કડવું ૧૨

राग सारंग

ઠાલી છાબમાં કાગળ ધરી નરસિંહ મહેતે સમર્યા હરિ;
વેરાગી સહુ પૂંઠે ગાય;— નાગરને મન કૌતુક થાય.
વાંકાં વચન બોલે વેદિયા,–મહેતો માધવમાં ભેદિયા;—

1. 'સાર' કા૦ દો૦

"જુઓ છાબમાં! [1]મૂકો શોર; આ [2]દીસે કમખાની [3]કોર!"
[4]કહ્યું કોનું કાને નવ ધરે, મહેતો સ્તુતિ માધવની કરે:
"જય દામોદર, બાળમુકુંદ, નરકનિવારણ, પરમાનંદ,
વિશ્વેશ્વર, વૃંદાવનચંદ, દેવકીનંદન, આનંદકંદ,
ગોપીનાથ, ગોવિંદ, ગોપાળ, અનાથબંધુ, દીનદયાળ, ૩૭૯
હું સેવકની લેજો સંભાળ, મોસાળાની કરજો ચાલ.
વદને કીર્તન, હાથે તાળ, નાત નાગરી બોલે આળ.
છે દોહ્યલો લોકાચાર, લજ્જા રાખજો આણી વાર;
મારો શેઠ તું નંદકુમાર; શું કરશે પાપી સંસાર? ૩૮૩
તમો પ્રતિપાળો પોતાના દાસ, માટે મુજને છે વિશ્વાસ:
અંબરીષનો નિવાર્યો ત્રાસ, તમે ભોગવ્યા છે ગર્ભવાસ;
લીધો મચ્છ તણો અવતાર, શંખાસુર કીધો સંહાર;
કમઠ[5]-રૂપ ધર્યું, મોરાર, ચૌદ રત્ન મથી કાઢચાં બહાર. ૩૮૭
[6]હિરણ્યાક્ષને નાંખ્યો કાપી, ધરણી સ્થિર કરીને સ્થાપી;
અજામેલ સરખો મહાપાપી, પુત્ર નામથી પદવી આપી;
પ્રહ્લાદની દોહ્યલી જાણી વેળા, [7]પરમેશ્વર પ્રગટ થયા વહેલા;
ધ્રુવનો જન્મમરણભય હર્યો, અવિચળ પોતા સરખો કર્યો; ૩૯૧

---

૧. 'મૂક્યું સાર' (કા૦દો૦).
૨. 'નીકળી' ન૦
૩. 'સાર'ના પ્રાસમાં કા૦દો૦ 'હાર' પાઠ આપે છે.
૪. 'તે બોલ અંતર નવ ધરે' કા૦દો૦
૫. 'કચ્છપ' કા૦દો૦
૬. 'માર્યો હિરણ્યાક્ષ મહાપાપી' કા૦ દો૦
૭. 'પરમેશ્વર પ્રગટ્યા થાંભલે' બની.

પોપટ પઢાવતી પુંશ્ચલી [1]વિમાને બેસી વૈકુંઠ પળી;
તમો ઉચ્છિષ્ટ આરોગ્યાં બદરી, તો પરમ ગતિ પામી શબરી;
લગારેક ચરણે નામ્યું શીશ, વિભીષણ કીધો લંકાધીશ;
તાર્યો કુટુંબ સહિત તેં માછી, નવ પામ્યો જન્મપીડા પાછી.
છો દોહ્યલી વેળાના સાથી ! ગ્રાહ થકી મુકાવ્યો હાથી;
બટુકવેષ થયા વામન, જાતું રાખ્યું ઇંદ્રાસન.
પ્રભુ, પાંચાલીનું દુઃખ જાણ્યું, પૂર્યાં ચીર નવસેં નવ્વાણું.
કૌરવથી જિતાડ્યો પારથ, કુરુક્ષેત્રમાં હાંક્યો રથ. ૩૯૯
રુકમાંગદ તાર્યો સંસાર, હરિશ્ચંદ્રની કીધી વહાર.
શંખ પૂજતો રાજકુમાર, ચંદ્રહાસ રાખ્યો ત્રણ વાર.
તમે સુધન્વા બળતો રાખ્યો, પિતાએ પેણામાં નાંખ્યો.
વહેરાતાં રોયો નવ રજ, મુક્તિ પામ્યો મુરધ્વજ. ૪૦૩
ખાંડવનાં[2] ખગ લીધાં રાખી, ગજઘંટા તે ઉપર [3]નાંખી.
વિદુરની આરોગ્યા ભાજી, તેની પ્રીતે થયા તમો રાજી.
સુદામાના લઈ તાંદુલ, આપી નવનિધ બહુ અમૂલ્ય.
મદ મઘવાના મનનો હર્યો, લીલાએ ગોવર્ધન ધર્યો. ૪૦૭
દાવાનળ પીધો જદુરાય, બળતાં રાખ્યાં ગોપી ગાય.
કુબજાની લીધી તમે અર્ચા, તમે લોક તણી સહી ચર્ચા.
અનાથબંધુ, દીનદયાળ, હું સેવકની લેજો સંભાળ.
તમો છો, દામોદર, દક્ષ, હું સરખા સેવક છે લક્ષ. ૪૧૧
મારે એક તમારી પક્ષ, પરમેશ્વર, થાઓ પ્રત્યક્ષ.

---

૧. 'વિમાને વૈકુંઠ મોકલી' ન૦
૨. 'ખાંડવ વન' કા૦દો૦
૩. 'ઢાંકી' ન૦

મારે માથે દુઃખનાં વૃક્ષ, તેથી લાજે તમારી પક્ષ.
ધનવંત છે નાગરી નાત, તેમાં દુર્બળ મારી જાત.
દુઃખે [1]દમાયે તેત્રીસ ક્રોડ, કલ્પવૃક્ષને લાગે ખોડ; ૪૧૫
શોભા વૈષ્ણવની જો ગઈ, કળા તમારી ઝાંખી થઈ.
[2]સગા મારા શ્રી પરિબ્રહ્મ, તમને નિદ્રા આવે કયમ?
સગાં સર્વ બેસાડયાં આણી, પુત્રીના કર માંહી પિંગાણી;
છે કંકુ વહોણી કંકાવટી, પુત્રીને થાયે ચટપટી. ૪૧૯
મધ્યાહ્ન ઉપર થઈ બે ઘટી, વહેલા આવો વેળા વટી;
કુંવરબાઈ તારે આશરે, હું દુર્બળથી અર્થ ન સરે.
શું સૂતા વૃંદાવનમાંય? ત્યાં શું રાધાજી ચાંપે પાય?
લલિતા, વિશાખા, ચંદ્રાવલી, તેશું રમણ કરો છો મળી?
કે, લંપટ, કો મળી સુંદરી, તેણે ભક્ત ગયો વીસરી[3]?
જાગી જોને, જાદવપતિ, સાંભળ સેવકની વિનતી. ૪૨૫
કબીરને જેમ કરુણા કરી, સમયે દર્શન દીધું હરિ;
ભક્ત એક [4]નામો દરજી, તેનું પય પીધું તમે હરજી;
ત્રિલોચનનું મહાદુઃખ હર્યું, સેવક થઈને પાણી ભર્યું;
અભયદાન કોળીને દીધું, મીરાંબાઈ તણું વિષ પીધું; ૪૨૯

---

૧. 'દુભાયે' કા૦ દો૦

૨. 'મુને સગાં થઈ લાગ્યાં જમ' કા૦ દો૦

૩. કેટલીક પ્રતોમાં આ બે લીટી (૪૨૩-૪) નથી, યા પાઠાંતરથી છે.

લલિતા, વિશાખા, ચંદ્રાવલી, તને ઉત્તમ નારી કો મળી?
રંગમાં જાએ શર્વરી, તેણે ભક્ત ગયો વીસરી?

જુઓ ટિપ્પણમાં.

૪. 'દામોદરજી' કા૦દો૦

સેના માટે નાપિક થયા, વપન[1] કરવાને પ્રભુજી ગયા.
હું તમને કદી નવ સંભારતો, લાવતો ઘાસ, મહિષી ચારતો;
ન જાણતો ધોળા પર કાળો, ભાભીએ મને કીધો ગોવાળો.
સદાશિવે મને કીધો દાસ, દેખાડચો મને અખંડ રાસ;
મેં જોયો તમારો વિલાસ, તેવો મેં કીધો અભ્યાસ.
લોક બોલે મને ઉપહાસ, મારે મન તારો વિશ્વાસ; ૪૩૫
બોલાવીએ પોતાનો કહી, તેને, ત્રિકમ, તજીએ નહિ.
ખીચડો જમાડવા આવ્યા, નાથ, હુંમાટે કીધા પંચ હાથ;
હું મધરાતે તરસ્યો જાણી, ઝારી લઈને પાયું પાણી.
મુને સાચો કીધો, કોઠીવાળા,[2] હૂંડી શિકારી, શ્રીગોપાળા[3].
તે રીતે મોસાળું કરો, ઠાલી છાબ સૌનેયે ભરો;
જો નહિ આવો, સુંદરશ્યામ, તો છે નાગર સાથે કામ!"

वलण

'નાગર સાથે કામ છે, સમજી લેજો વાત રે;'—
સુણી નરસૈંયાની વીનતી, ઊઠી ધાયા વૈકુંઠનાથ રે. ૪૪૩

કડવું ૧૩

राग प्रभाती

ઉધડકી ઊઠિયો વેગે વૈકુંઠપતિ,
'ગરુડ ક્યાં? ગરુડ ક્યાં?' વદત વાણી;

1. 'પવન' ન૦
૨ 'કોઠી વાર' કા૦દો૦
૩. 'શ્રીમોરાર' કા૦દો૦

'ચાલ ચતુરા,' ચતુર્ભુજ ભણે, 'ભામિની,
નષ્ટ[1] નાગરે મારી ગત જાણી.
નરસૈંયો નાગરો, ભક્ત તે માહરો;
છાબ ભરો તેહની, શીઘ્ર[2] થાઓ;
જન ઘણા હઠ કરે, ગયા વિના નવ સરે;
રિદ્ધિ સિદ્ધિ લઈ સખી અગ્ર[3] જાઓ. ૪૪૭

હાથ હેમ-સાંકળાં, નંગ બહુ નિર્મળાં,
શુભ શણગાર જઈ અંગ સારો;
રીત ને ભાત, શેકડ રખે વીસરો:
દીન થઈ કરગરે દાસ મારો.
ચીર ચરણાં ઘણાં, હોય ચતુરે વણ્યાં,
અધિક એક એકથી મૂલ્ય જાણો;
સ્વપ્ને કો નવ પડે, નામ કો નવ જડે,
અંગ આળસ તજી તેહ આણો.' ૪૫૧

ઇંદ્ર બ્રહ્મા જેનો પાર પામે નહિ,
માગે મુખ બોલતાં વદત વાણી,
નાથ લક્ષ્મી તણો એણી પેરે આવિયો,
અગણિત ગાંઠડી સંગ આણી.

૧. 'નિષ્ઠ' (શ્રી. અવસથ્થીનો પાઠ)

૨. 'સિદ્ધ' ન૦. સિદ્ધ થાઓ એટલે શું? તૈયાર થાઓ? તે કરતાં 'શીઘ્ર' પાઠ જ ઠીક છે.

૩ કા૦દો૦માં 'અગ્ર' નથી.

राग मारु

ભક્ત નરસૈંયાનું દુઃખ જાણી રે, ઊઠી ધાયા પુરુષ પુરાણી રે;
થયા શેઠ તે સારંગપાણિ રે, સાથે લક્ષ્મી થયાં શેઠાણી રે; ૪૫૫

નંદ સુનંદ ગરુડ સાથે રે, વસ્ત્ર-ગાંઠડા તેને માથે રે.
[૧]એક નૌતમ વહેલ ઘડાવી રે, તેની સાંગી તે હીરે જડાવી રે;
ફરતાં પરવાળાં વળી ફરકે રે, ચાર પાસથી ચૂની ચળકે રે.
રથ[૨] ઉપર બેઠા શ્રીગોપાળ રે, ઘમકે ધોરી ને[૩] ઘૂઘરમાળ રે.
લોકે ઓળખ્યા નહિ જગદીશ રે, સાથે વાણોતર દશવીશ રે;
સર્વ જોઈ જોઈ વિસ્મય થાય રે,–પ્રભુ આવ્યા મંડપ માંહ્ય રે.
છડીદારે વાટ મુકાવી રે, નાગરી નાત જોવાને આવી રે–
"આ વહેવારિયો કોણ[૪] આવ્યો રે?
સાથે ગાંઠડીઓ શીદ[૫] લાવ્યો રે?" ૪૬૩

કો ન જાણે ત્રિભુવન-ભૂપ રે, વહાલે લીધું વણિકનું રૂપ રે.
રથ ઉપરથી ઊતરિયા રે, [૬]હરિ સભા માંહી સાંચરિયા રે.
ખટ દર્શને ખોળ્યો ન લાધે રે, જેને ઉમિયાવર આરાધે રે,

૧. આ ને પછીની લીટી કા૦દો૦માં નથી

૨. 'રથ ઉપર'ને બદલે 'રથે' કા૦દો૦માં છે. શ્રી. જાનીની આવૃત્તિમાં 'વહેલ ઉપર બેઠા ગોપાળ રે' છે. 'વહેલ' શબ્દ આગળની સાથે ઠીક લાગે છે

૩ કા૦દો૦માં 'ને' 'ધોરી' જોડે છે. અલગ લેવાથી તે ઉપરાંત અર્થ ગળે છે ને તે વધારે સ્પષ્ટ છે.

૪. 'કોઈ' કા૦દો૦

૫. 'ધાગી' કા૦દો૦

૬. 'હળવે હળવે સભામાં...' ન૦

ન જડે ધ્યાને, દાને, બહુ જાગે રે,
તે હીંડે છે અણુવાણે પાગે રે: ૪૬૭
ચૌદ લોક તણો મહારાજ રે, મહેતા માટે થયા બજાજ રે.

વાગો શોભે કેસરછાંટે રે, બાંધી પાઘડી અવળે આંટે રે;
કાને કુંડળ હીરે જડિયાં રે, નેત્ર પ્રલંબ શ્રવણે અડિયાં રે;
એક લેખણ કાને ખોસી રે, ધર્યું નામ દામોદર દોશી રે; ૪૭૧
ઝીણા જામા ને પટકા ભારે રે,—હરિ હળવે હળવે પધારે રે.
ખાંધે પછેડી ઓઢી નાથે રે, બેઉ છેડા ગ્રહ્યા છે હાથે રે;
[1]વીંટી વેળિયાં કર-આંગળિયે રે,
સાદાં મોજાં પહેર્યાં શામળિયે રે;
ઘણા વાણોતર છે સાથે રે, કોણે ઝોળા ગ્રહ્યા છે હાથે રે. ૪૭૫
[2]ઘણા સેવક સેવામાં સજ રે, [3]ઓધવના કરમાં ગજ રે.

પ્રભુ પૂંઠે કમળા રાણી રે, સભા મોહી જોઈ શેઠાણી રે.
ઊતર્યાં નાગરીનાં અભિમાન રે, જાણે ઊગ્યા શશિયર ભાણુ રે.
ભલું ભાલ, ભમર રૂડી રાજે રે, રત્નજડિત રાખડી છાજે રે;[4]
વિશાળ લોચન ચંચળ [5]ચાલે રે, કે શું ખંજન પડિયાં ગાલે રે![6]
છે અધર બિંબ પરવાળી રે, ઉપર ઢળકે વેસર વાળી રે;[7]

૧. 'વીંટી વેઢ હશે આંગળિયે રે' કા૦ દો૦
૨. 'સેવક સેવા માંહી સજ રે'. ન૦
૩ 'ઉદ્ધવના હાથમાં ગજ રે' કા૦દો૦
૪. ન૦માં આ આખી લીટી નથી.
૫. 'ચાલ' ન૦. ચાલ ચંચળ કહેવામાં શો અર્થ?
૬. 'ચાલ' સાથે 'ગાલ' પાઠ ન૦માં છે
૭. કા૦દો૦માં 'મસ્તક ઉપર વેણુ વિશાળી રે' છે.

બાજુબંધ ગલુબંધ માળ રે, નવસર હાર[1] તે ઝાકઝમાળ રે;
કટિ ઘમકે ક્ષુદ્ર ઘંટાળી રે, પહેરણ ચંપકવર્ણી સાડી રે; ૪૮૩
[2]ઝમકે ઝાંઝર ઉજ્જ્વલ પાગે રે, વીછુવા અણુવટ [3]બહુ વાગે રે;
જડાવ ચૂડો કંકણ ખળકાવે રે,—માયા મહેતી રૂપે આવે રે.
મોહી સભા અંબાને નીરખી રે, દેવી દીસે વાણિયણ સરખી રે;
લલિતા વિશાખા ખવાસી રે, ભક્તિ મુક્તિ ચારે દાસી રે. ૪૮૭

આવ્યા સજોડે દેવાધિદેવ રે, મહેતે ઓળખિયા તતખેવ રે;
"ભલે આવ્યા, શેઠ શામળિયા રે,"—
મહેતો માધવજીશું મળિયા રે.
ભેટતાં[4] બોલ્યા સુંદરશ્યામ રે, " મારું પ્રગટ ન લેશો નામ રે;
રખે વાત અમારી ચર્ચો રે, તમારે જે જોઈએ તે ખર્ચો રે;
કુંવરબાઈના પૂરો કોડ રે." એમ કહી બેઠા રણછોડ રે.
પછે સભા સહુ સાંભળતાં રે, હરિ વચન બોલ્યા છે વળતાં રે:

"જાઓ શેઠાણી, દુઃખ કાપો રે,
કુંવરબાઈને હૃદિયાશું ચાંપો રે."
એવું[5] કહેતામાં કમળા હીંડયાં રે,
કુંવરબાઈને હૃદેશું ભીડયાં રે: ૪૯૫
"મારી મીઠી, ન ભરીએ આંસુ રે, તેડો ક્યાં છે તમારી સાસુ રે."

૧. અને આ જગાએ કા૦ દો૦માં 'નાકવેસર' છે. અધર સાથે નાકવેસરનું અને ગલુબંધ સાથે હારનું વર્ણન ઠીક બંધબેસે છે.

૨. 'ઢળકે ઉજ્જ્વળ પોલરાં પાગે રે' ન૦

૩. 'રવ' ન૦ અને ચી. મા. જાની પોતાની આવૃત્તિમાં 'છંદ' આપે છે. પગના પણ 'છંદ' હોય છે? ટીકામાં જાની પગનું ઘરેણું કહે છે.

૪. 'મળતાં' કા૦ દો૦

૫. ન૦માં 'એવું' નથી.

મળી નાગરીઓ સેં બે ચાર રે, જોઈ રૂપ મેલ્યો હંકાર રે.
વેવણ કમળાને એમ[1] પૂછે રે, "મહેતા સાથે સગપણ શું છે રે?"
કોકિલા-સ્વરે અમૃતવાણી રે, તવ હસીને બોલ્યાં શેઠાણી રે :
"વેવાણ, તમોએ શું નવ જાણિયાં રે,
તમો બ્રાહ્મણ ને અમો વાણિયાં રે? ૫૦૦
વેપાર દોશીનો, ઘેર કોઠી રે, અમારે ઓથ નરસૈંયાની મોટી રે:
અમો ધન મહેતાજીનું લીજે રે, વેપાર કાપડનો કીજે રે.
અમો આવ્યાં મોસાળું કરવા રે—ઠાલી છાબ સોનૈયે ભરવા રે.
મહેતે જે જે વસ્ત્ર મંગાવ્યાં રે, અમો લખ્યા પ્રમાણે લાવ્યાં રે."
એવું કહી બેઠાં શેઠાણી રે, સહુ નાગરી સાંસે ભરાણી રે.
તેડયા શ્રીરંગ મહેતે વેવાઈ રે, ભાવે ભેટયા શ્રીજદુરાઈ રે.
ત્યારે વિસ્મય થયા સહુ નાગર રે, ભરી છાબ તે કરુણાસાગર રે.
મહેતાને કહે વનમાળી રે, "કરો પહેરામણી સંભાળી રે."

वलण

"સંભાળી કરો પહેરામણી," એમ કહે સુંદરશ્યામ રે;
"વળી ઘટે તેવું સોંપજો અમ વાણોતર સરખું કામ રે." ૫૧૦

કડવું ૧૪

राग मारु[2]

[3]મહેતે તેડાવી દીકરી, "જુઓ છાબ શામળિયે ભરી.
પહેરાવો સહુ નાગરી નાત, આવો અવસર નહિ આવે ફરી."

૧. 'એમ' ન૦માં નથી.
૨. ન૦ 'કેદારો' કહે છે.
૩ 'મહેતાજીએ તેડી દીકરી' ન૦

કંકાવટી કર માંહે ધરી, સાસુ પાસે વહુ સંચરી;
હાકીને ગર્વે ઓચરી, " જુઓ છાબ સોનૈયે ભરી! ૫૧૪
વૈષ્ણવ કહીને દેતાં ગાળ, 'એ શું મોસાળું કરશે કપાળ!'
[1]તમો નિંદતાં તુલસી ને તાળ; તેણે વશ કીધા ગોપાળ!
જુઓ કમાઈ દુર્બળ ડોસા તણી! જીવે છે હરિના ગુણ ભણી!
લખ્યાથી આશા હોય જો ઘણી, માગી લો, બાઈ, પહેરામણી!"

સાંભળી કુંવરવહુની વાણી, સાસુએ તેડચાં ગોરગોરાણી;
પૂજ્યા પાગ કરમાં પિંગાણી, ઉમામહેશ્વર[2] આપ્યું આણી.
પછે નાગરની ભીડ ઘણી ભાળી, પછેડીની પલવટ વાળી,
છાબ પાસે આવ્યા વનમાળી, છોડી ગાંઠ વસ્ત્ર આપે ટાળી.[3]
મહેતાજી કહે, "લો દીકરી, આ સસરાને આપો પામરી;"
ગડી જરકસી વાગાની કરી, હેમ-સાંકળી ઉપર ધરી,—
"એ વરના મુખ આગળ ધરો, નીચું જોઈ ને પાછાં ફરો.
પહેરામણી મનગમતી કરો, રખે પગલું પાછું ભરો." ૫૨૬
સજોડે તેડચાં જેઠજેઠાણી, આઠ વસ્ત્ર [4]પહેરાવ્યાં આણી.
પ્રીતે પૂજ્યાં દિયરદેરાણી, ખુસટિયો તવ બોલ્યો વાણી:
"જ્યાં નરસૈંયો ત્યાં નવનિધ;" દિયરિયો બેઠો હઠ કીધ.
પંચ મહોર સોનાની લીધ[5], પછે પહેરામણી ચાલતી કીધ.[6]

૧. 'નિંદ્યાં તિલક ને તુલસીમાળ, તાળે વશ કીધા ગોપાળ' ન૦
૨. 'આઠ વસ્ત્ર આપ્યાં તેને આણી' કા૦દો૦
૩. 'છોડ ગાંઠ આપ વસ્ત્ર ટાળી' કા૦દો૦
૪. 'ત્યાં આપ્યાં' કા૦દો૦
૫. 'લીધી' કા૦દો૦
૬. 'કીધી' કા૦દો૦

નણદીએ પહેરામણી અટકાવી, કુંવરબાઈ પિતા કને આવી;
બે તોલાની રાખડી લાવી, દશ તોલા આપી સમજાવી.
આપ્યા સાસુને સોળ શણગાર, પહેરાવી કીધો નમસ્કાર;
તવ કોપ્યાં વડસાસુ અપાર, સર્વ કુટુંબનો કીધો તુચ્છકાર.[1]

वलण

તુચ્છકાર કીધો ડોસીએ, "પહેરામણી પહેરું નહીં;
વડી વહુવર આગળ થઈ ને હું ઘરડી બેસી રહી !" ૫૩૯

કડવું ૧૫

राग [2]मेवाडो

વડી વેવાણ રિસાયાં જાણી લક્ષ્મીજી પાસે આવ્યાં જી;
સારું ખીરોદક ખાંધે મૂકી ડોસીને સમજાવ્યાં જી.
જેજેકાર થયો મંડપમાં, ગીત ગાય છે રામા જી;
મોસાળું તે મહેતાજીનું, બીજા સર્વે ભામા જી. ૫૪૦

મનવાંછિત પહેરામણી દેખી, માંડી તેડાતેડ જી;
પોતે પોતાનાં સગાં તેડયાં, જેની જ્યાં સગવેડ જી.[3]
ઘેર ઘેર વાત થઈ નાગરમાં, 'મહેતો કરે મામેરું જી';
વિચાર કરતી અબળા [4]ધાએ, 'મનગમતી[5] સાડી પહેરું જી.'

---

૧. 'તિરસ્કાર' કા૦ દો૦

૨. 'રામગ્રી' ન૦

૩. લીટી ૫૪૨ કા૦ દો૦માં લીટી ૫૪૧ની ઉપર છે.

૪. 'દોડી' કા૦ દો૦

૫. 'મનમાની' કા૦ દો૦

ચાર વર્ણ જે ચરણે ચાલે, તે આવ્યાં મંડપમાંય જી.
પલવટ વાળી શ્રીવનમાળી તત્ક્ષણ આવ્યા ત્યાંય જી;
મહેતો ઊભા તાળ વજાડે, ગાય વૈરાગી ગીત જી!
[1]શીખવે સાસુ કુંવરવહુને પહેરામણીની રીત જી. ૫૪૮

શ્રીરંગજી ને શામળ મહેતો પામ્યા [2]આછાં શેલાં જી;
હેમજી ખેમજી મહેતાને ખાંધે દશેક[3] મેલ્યાં જી.
[4]કભાય કોને, પામરી પટકા, નામ ન જાયે ગણિયાં જી;
કોને મુગટા, કોને પિતાંબર, કોને શેલાં શણિયાં જી. ૫૫૨

મગિયાં, દોરિયા, અસાવળી કોને, [5]કોને પટ્ટુ શાલ જી;
ગુચ્છપેચ, પાગડીઓ, તોરા દીસે ઝાકઝમાળ જી;
પાયજામા, નીમા, પછેડી, જામા, અવળા બંધ જી:—
વસ્ત્ર તણો વરસાદ વર્ષ્યો, જ્યાં દોશી કરુણાસિંધુ જી! ૫૫૬

બાજુબંધ બેરખા અતિસુંદર, વેઢ, વીંટીઓ, છાપ જી;
દુગદુગી, માળા, ને માદળિયાં; મોતીનું નહિ માપ જી;
કોને કંદોરા ને કંઠી, પહોંચી, કોને સાંકળી, માળ જી;[6]
[7]કનક-કડાં ને કાને કુંડળ જડાવ ઝાકઝમાળ જી: ૫૬૦

૧. 'વડસાસુ કુંવરવહુને કહે' કા૦ દો૦
૨. 'ધોળાં' કા૦ દો૦
૩. 'ખીરોદક' જાની
૪. 'પાર ન આવે પામરીઓનો, પટકા જાય ન ગણિયા જી' ન૦
૫. 'શેલાં' કા૦ દો૦ ફરી નકામાં મૂકે છે.
૬. 'કંદોરા, દોરા, ને કંઠી, પહોંચી, સાંકળી, માળ જી;' ન૦
૭. 'કોને મુક્તાફળનાં કુંડળ' ન૦

પહેરામણી પુરુષોને કીધી.* તેડચો અબળા-સાથ જી.
પિયળ કાઢીને ખાંધે મૂક્યાં પટકુળ નાના ભાત જી.
ગંગાવહુને ગજિયાણી સાડી, સુંદરવહુને સાળુ જી;
ગોરે અંગે સુંદર શોભે માંહે કાપડું કાળું જી; ૫૬૪
છબીલીવહુને છાયલ ભારે, ભાત તે રાતી ધોળી જી;
કોડવહુને કલગેર[1] આપી, પ્રેમવહુને પટોળી જી;
રામકુંવરને, કૃષ્ણકુંવરને આપ્યાં ભારે[2] ઘાટ જી;
છેલવહુને છીંટ જ આપી, નાનીવહુને નાટ જી; ૫૬૮
પાનવહુને પીતાંબર આપ્યું, તાકે બચ્ચીબાઈ જી;
રૂપકુંવરને રાતો સાળુ, દેવકુંવર દરિયાઈ જી;
[3]શ્યામકુંવરને સોનેરી સાળુ, ગુણકુંવરને ઘરચોળું જી;
લક્ષ્મીવહુને, લાછાવહુને, લાલવહુને પટોળું જી; ૫૭૨
જશમાંદે, જશોદા, જીવી, જમના, જાનકી વહુએ જી;
ચરણાં, ચોળી ને ઘરસાડી પહેરી ઊભાં સૌએ જી.
માનબાઈ ને વેલવહુ ને રંભાવતી ને રૈયાં જી
જૂનાં કાઢીને નવાં પહેરે, હેઠાં મૂકી છૈયાં જી. ૫૭૬
છાબની પાસે છબીલો બેઠા, જે જોઈએ તે કાઢે[4] જી;
[5]મજીઠિયા મશરૂના કમખા ગજે ભરીને ફાડે જી.

---

* 'પહોંતી' કા૦દો૦
૧. 'કલધર' ન૦
૨. 'ઉત્તમ' કા૦ દો૦
૩ આ ને પછીની લીટી ન૦માં નથી.
૪. 'આપે' કા૦ દો૦
૫ 'મશરૂ ગજિયાં ને ગજિયાણી ગજ ભરીને કાપે જી' કા૦ દો૦

પાટ, પીતાંબર, અતલસ, અંબર, ચોળે રંગે ચીર જી;
[1]સાડી જરકસી ને ઓઢણીઓ, વાણે નવરંગ હીર જી. ૫૮૦
કેસર-છાંટચા ધોળા સાળુ, ફરતી કસબી કોર જી;
ચંદ્રકળા ને મોરવી શોભે, દરિયાઈમાં દોર જી;
અતલસ પાંચપટા નવરંગી, [2]આભૂષણ અપાર જી:
જડાવ-વીંટી સુંદર શોભે, તેજ તણો નહીં પાર જી. ૫૮૪
કોને અકોટી, કોને ત્રોટી, ગળુબંધ બહુમૂલ જી;
કોને ભમરી, કોને સેંથો, ત્રસેંથિયાં શીશફૂલ જી;
કો મહેતા પાસે માળ માગે, ઊભી રહી કર જોડે જી;
કેટલીએક પોતાનાં બાળક મહેતા આગળ ઓડે જી. ૫૮૮

वलण

ઓડે બાળક જાણે કાંઈ આપે, મનવાંછિત પામ્યાં સહુ;
સાસરિયાં સર્વે વખાણે, "પિયર-પનોતી કુંવરવહુ." ૫૯૦

કડવું ૧૬

राग धनाश्री

કોડ પહોંત્યા કુંવરવહુના, ભાગ્યું ભવનું મહેણું જી;
મનવાંછિત પહેરામણી પામ્યાં જેને જેવું લેણું જી.
નાગરી નાત, કુટુંબ, પડોશી, ચાકર, કોળી, માળી જી;
પહેરામણી સૌ કોને પહોંતી: વાચા પ્રભુએ પાળી જી. ૫૯૪

---

૧. 'શોભે સુંદર ભાત નવરંગી, પુતળીઓ ને ફાર જી.' કા૦દો૦-માં આની ઉપર આ કડી વધારે છે, ને આ કડી આ પ્રમાણે છે: 'સાડી જરકસીની ઓઢણી, ચળકે સુંદર જોર જી'

૨. 'સોનારૂપાની મહોરજી' કા૦ દો૦

સોળે શણગાર કુંવરબાઈને આપી દીધું માન જી;
કનકપહાણુ બે છાબમાં મૂક્યા, હરિ થયા અંતર્ધાન જી
સભા સહુકો વિસ્મય પામી, "અલૌકિક શેઠશેઠાણી જી.'
મહેતાને સૌ પાયે લાગે, ભક્તિ સાચી જાણી જી. ૫૯૮

કુંવરબાઈની નણદી આવી, બડબડતી મુખ મોટ[1] જી:
"પહેરામણી કોને નવ પહોંતી, [2]કાઢી વેવાઈએ ખોટ જી
પહેરામણી પરનાતી પામ્યાં, ઘરનાં માણસ ગયાં ભૂલી જી
એક કડકો કાપડું નવ પામી પુત્રી મારી ફૂલફૂલી જી. ૬૦
મને આપ્યું તે લો, ભાભી, પાછું રાખડી-બંધામણ જી
નામ મહેતો પણ નહોય નાગર, દીસે દુર્બળ બ્રાહ્મણ જી.'

કુંવરબાઈ પિતા કને આવી, "તાત, હવે શું થાશે જી
આટલું ખરચતે મહેણું રહ્યું, તે હવે કેમ જિવાશે જી? ૬૦
વીસરી દીકરી નણદી કેરી, નાનબાઈ તેનું નામ જી;
છ મહિનાની છે તે છોકરી, એક કાપડાનું કામ જી."
મહેતોજી કહે, "પુત્રી મારી, સમરો શ્રીગોપાળ જી;
એક તાંતણો હુંથી ન મળે! બેઠો વજાડું તાળ જી." ૬૧
ફરી ધ્યાન ધર્યું માધવનું, "ત્રિકમ, રાખજો ટેક જી."
પંચ રંગનું ગગન વિષેથી પડ્યું કાપડું એક જી.
નણદી સંતોખી કુંવરબાઈની, મહેતે માગી વિદાય જી;
સહસ્ર મહોર, [3]સોનાના પહાણા [4]મૂકી છાબની માંહ્ય જી

---

1. 'મોડ' કા૦ દો૦
2. 'વેવાઈને અવખોડે જી' કા૦ દો૦
3 'સોનાની શેકડી' ન૦
4. 'મૂક્યા તે છાબ માંય જી' કા૦ દો૦

નાગર લોક સહુ પાયે લાગે, પ્રજા કરે વખાણ જી:
"નાગરી નાતે મોટો નરસિંહ, માથે સારંગપાણ જી.
ધન્ય મહેતાજી ! તમ સમોવડ આ કલિયુગમાં ન હોય જી;
નાગરી નાતનો મહિમા રાખ્યો, ઊજળું કીધું સૌકોય જી. ૬૧૮
અમને તો વિશ્વાસ નહોતો જે મહેતો કરે મામેરું જી;
સર્વની લજ્જા પ્રભુએ રાખી, મહેણું ટળ્યું ભવ કેરું જી."

પછે મહેતોજી વિદાય માગે, બોલે બેઉ કર જોડી જી,
"કુંવરબાઈને વોળાવો, વહેલ આણી છે જોડી જી." ૬૨૨
પછે કુંવરબાઈ વહેલે બેસી જૂનેગઢ તે જાય જી;
સહુકો વળાવી પાછાં વળિયાં, ધન્ય ધન્ય વૈકુંઠરાય જી.

વીરક્ષેત્ર વડોદરું ગુજરાત મધ્યે ગામ જી;
ચાતુર્વંશી જ્ઞાતિ બ્રાહ્મણ, ભટ પ્રેમાનંદ નામ જી. ૬૨૬
સંવત સત્તર ઓગણચાળો, આસો સુદિ નવમી, રવિવાર જી;
પૂરણ ગ્રંથ થયો તે દિવસે, થયા બુદ્ધિવિસ્તાર જી.
પ્રીત કરી જે ગાય સાંભળે, દારિદ્રય તેનું જાય જી;
[1]એવું જાણી ભક્તિ કરે તેને સન્મુખ વૈકુંઠરાય જી. ૬૩૦

वलण

વૈકુંઠરાય સન્મુખ હોય, જો નિર્મળ મને સાંભળે;
ભટ પ્રેમાનંદ કહે કથા, તેને માધવજી નિશ્ચે મળે. ૬૩૨

૧. આ લીટીને બદલે ન૦માં 'કહે પ્રેમાનંદ પ્રેમે સર્વને, હરિ રાખા મનમાંય જી' છે, ને વલણ છે જ નહિ.

ટિપ્પણ

[કાવ્યની કડીનો અંક આપીને તેના પર ટિપ્પણ આપવામાં આવ્યું છે]

કડવું ૧

[કડવું (सं. कलाप, दे. कडप्प) १, २, નરસિંહ મહેતાની સાધનાની વાત વર્ણવે છે. તેમણે પોતે એનું વર્ણન 'શામળશાના વિવાહ' માં (પદ ૧–૬) આપ્યું છે તે જુઓ. એનો તુલનાત્મક અભ્યાસ મોટા વિદ્યાર્થીઓને રસિક થવા સંભવ છે.]

૧. ગ્રંથના પ્રારંભમાં મંગળાચરણ કે સ્તુતિ કરવાનો જૂનો શિરસ્તો આજ લેખકોમાં નથી પળાતો. જૂના કવિઓ તે પાળે છે. પોતાના ગુરુ, ગણેશજી, અને વિદ્યાની દેવી સરસ્વતી એ ત્રણને કવિએ અહીં સ્મર્યાં છે.

ગણપતિ ગણોના પતિ. गण+ईश—ગણેશ. દરેક કાર્યના આરંભમાં મંગળ તરીકે ગણપતિનું પૂજન કરવામાં આવે છે.

શારદા [सं. शरद्+अ તદ્ધિત પ્રત્યય સ્ત્રી.] વિદ્યા તથા વાચાની દેવી—સરસ્વતી.

'સમરું' [सं. स्मृ] કે 'સુખદાયા' [सं.]એમાંથી ગમે તેની જોડે 'સર્વદા' લઈ શકાય.

૨. મનમુદા [सं. મનની મુદ કે મુદા] मनमुद् [सं.]–ની ત્રીજી વિભક્તિનું રૂપ પણ લેવાય: મનના આનંદ સાથે, રાજી થઈને.

મામેરું [મામા+કેરું ?] જુઓ 'શિક્ષણ અને સાહિત્ય' માસિક અંક ૨, ૧૯૩૯માં આની વ્યુત્પત્તિ ચર્ચી છે. કવિ 'મામેરું' અને 'મોસાળુ' સમાન અર્થમાં વાપરે છે. કેટલીક

નાતોમાં સીમંતના પ્રસંગે નહિ, પણ ભાણા ભાણીના લગ્ન પ્રસંગે મામો 'મામેરું' કરવાને જાય છે.

'મામેરું મહેતા તણું' એટલે કે મહેતાએ પૂરેલું કુંવરબાઈનું મામેરું. છઠ્ઠીનો પ્રયોગ અનેક અર્થે થાય છે, તેનો એક દાખલો. 'પ્રેમાનંદનું મામેરું' પ્રયોગ પણ યાદ કરો.

મહેતા [સં. महामात्र] પ્રાયઃ બ્રાહ્મણોમાં એક અટક છે. કારભારું કે મહેતાગીરી કરવા પરથી તે અટક ઊતરી આવી હશે. જુઓ 'શિક્ષણ અને સાહિત્ય' અંક ૮–૧૯૪૦.

તણું [સં. तनकम्] નું, ના સંબંધનું, કેરું.

૩. 'પદબંધ કરવું' એ શબ્દપ્રયોગ 'સ્વરભંગ થવું', 'અંતર્ધાન થવું' એના જેવો ગણાય. વ્યાકરણશુદ્ધ પ્રયોગ 'પદબદ્ધ કરવું' એવો થાય.

૪. નરસિંહ મહેતો ગુજરાતના પ્રસિદ્ધ ભક્ત અને ભાષાના આદિકવિ. જન્મ વિ. સં. ૧૪૭૦ માં હશે એવો બહુમત છે. એમને વિષે વધુ જાણવા ઇચ્છનારે શ્રી. મુનશીનું 'નરસૈંયો ભક્ત હરિનો' કે 'નરસિંહ મહેતાના કાવ્યસંગ્રહ'- (ટૂંકમાં ન૦કા૦સં૦)નો ઉપોદ્ઘાત જોવો.

દાઝ [સં. दग्ध, दाह–दह्] ગુસ્સો કે ક્રોધ. આજ આપણે 'દાઝ ચડવી' પ્રયોગ કરીએ છીએ. 'દાઝ લાગવી' એમ આજ નથી બોલાતું.

૫. નરસિંહકૃત 'હારમાળા'માં ભાભીએ કહેલું વચન આ રીતે વર્ણવ્યું છે :

'એક દિવસ ઉદ્યમને ગયો'તો, તે સૌને તું જાણી;
આખા દિવસનો રળીખપી આવ્યો, ભાભીએ ન પાયું પાણી.'

ઉત્તરમાં જે કહ્યું હશે તે વચનને 'શામળદાસના વિવાહ'માં

મહેતાએ 'મરમ-વચન' કહી વર્ણવ્યું છે. ઉપરાંત જુઓ 'ન૦ કા૦ સં૦'નો ઉપોદ્ઘાત પા. ૨૮ પણ.

૬. ઘર છોડ્યું ત્યારે મહેતાજી ૧૭ વર્ષના હશે એમ એના એક ચરિતકાર કહે છે.

૭. દેરું [સં. देवगृह–પ્રા. देहरय] મંદિર. જૈન મંદિર માટે એકલું 'દેરું' વાચક પણ આજ વપરાય છે.

દીઠું [સં. दृष्ट] 'દેખવું'નું ભૂતકાળનું અનિયમિત રૂપ.

૮. ઉમંગથી શિવલિંગ પૂજ્યું તે પરથી અનુમાની શકાય કે, મહેતાનો કુલધર્મ શૈવ હશે? હિંદના ધાર્મિક ઇતિહાસમાં આ કાળે ભાગવત ધર્મનો પ્રચાર જામતો હતો એ બીના પણ અહીં યાદ કરવી જોઈએ.

૯. તવ [સં. तावत्, હિં. तव] ત્યારે.

મહાદેવ [સં. महान् देव] શંકર. 'महत्'નો સમાસમાં આદેશ 'મહા' છે. જેમ કે, મહાત્મા, મહાજન, મહાપુરુષ

રીઝયા [સં. ऋध्] રાજી–પ્રસન્ન થયા.

પેરે [દે. पएर = રસ્તા] પ્રકારે, રીતે.

૧૦. તતખેવ [સં. तत्क्षणमेव ?] પદ્યમાં જ વપરાય છે.

૧૧. કર્પૂરગૌર [સં. कर्पूर જેવું गौर.] કપૂર જેવું ગોરું સ્વરૂપ; તેની શોભા. અથવા સ્વરૂપની તેવી શોભા છે.

ઉમિયા [સં. उमा] પાર્વતી–હિમાલયની પુત્રી મનાય છે. શંકરની અર્ધાંગના તરીકે તેમની પાસે છે.

૧૨. જાહ્નવી [સં. जह्नु+ई] જહ્નુ રાજાની પુત્રી. આકાશમાંથી ગંગા ભૂમિ પર ભગીરથે આણી ત્યારે રસ્તામાં આ રાજાની યજ્ઞભૂમિ પર તેનું પાણી ફરી વળ્યું. તેથી ગુસ્સે થઈ રાજા ગંગાને પી ગયો! દેવ, ઋષિ અને ભગીરથે કરગરીને વિનંતી કરી, એટલે પોતાના કાનમાંથી પાછાં ગંગાનાં પાણી

પ્રગટાવ્યાં. તેથી તે જહ્નુની પુત્રી લેખાય છે, એવી પૌરાણિક કથા છે.

૧૩. શંકરના શણગારનું આ વર્ણન છે.

વાઘાંબર [વાઘ–व्याघ्र+अंबर] વાઘના ચામડાનું કપડું. શિવે કપડા તરીકે વ્યાઘ્રચર્મ પહેર્યું છે.

રુંડમાલા [सं. रुंड+माला] ખોપરીઓની માળા. શિવ અને કાલી આવી માળા પહેરે છે એમ વર્ણવવામાં આવે છે.

૧૪. ઉપરના ભાપણ શણગારને અનુરૂપ વાઘો પણ છે. શિવના ગણ તે વગાડતા હશે.

પરિબ્રહ્મ [सं. परब्रह्म] વિશ્વનું એકમાત્ર સત્ય તે પરબ્રહ્મ, પરમેશ્વર. અહીં શંકરને માટે તે પ્રયોગ કર્યો છે.

૧૬. હારમાળાના પદ ચોથામાં એમ છે કે, 'મહાદેવે મને કહ્યું **સમણામાં** માગ માગ માગું તે આપું તને.'

નિલવટ [લિલવટ, सं. निटिल-पट्ट=કપાળ] સાતમી વિભક્તિમાં પ્રયોગ છે. નિલવટમાં ચંદ્રનો પ્રકાશ છે. શિવજી કપાળમાં ચંદ્ર ધારણ કરે છે એવું એમનું વર્ણન છે. તેથી તે 'ચંદ્ર-મૌલિ,–શેખર,–ચૂડ' ઇ. કહેવાય છે.

૧૭. 'સ્વામિન'-[सं. સંબોધનનું રૂપ] નાથ; માલિક.

૧૮. 'શામળદાસના વિવાહ'માં નીચેનો વર માગ્યાનું વર્ણન છે:

"તમને જે વલ્લભ હોય જે દુર્લભ,
આપ રે, પ્રભુજી, મને, દયા રે આણી."

તમ [सं. त्वम्] 'તમે'નું પદ્યમાં વપરાતું રૂપ.

પામવું [सं. प्राप्] મેળવવું.

૧૯. સાધુ–'હે સાધુ પુરુષ' એમ અર્થ લેવાય. કે 'સાધુ'=સરસ! ઉત્તમ! એવો ઉદ્‌ગાર પણ ગણાય. ધન્ય ઉદ્‌ગાર પછી, પહેલો અર્થ ઠીક થશે.

ભક્તિની આશ. આ જગાએ પાઠાંતર છે કે 'મુક્તિની આશ.' આ પાઠભેદ ધર્મના ઇતિહાસની દૃષ્ટિએ મહત્ત્વનો લાગે છે. ભક્તિ માટે તો એમ ગવાયું છે કે, 'મુક્તિ છે એમની દાસી રે;' 'હરિના જન તો મુક્તિ ન માગે, માગે જન્મોજન્મ અવતાર રે.' મુક્તિ એટલે જન્મમરણના ફેરામાંથી છૂટવું તે. તે મુક્તિ શિવ આપે એવી પણ એક માન્યતા છે. તપ, સંયમ, યોગાભ્યાસ વગેરે તેની પદ્ધતિઓ છે એમ શ્રમણ અને સંન્યાસ સંસ્કૃતિમાં ચાલતું. તેમાંથી ભક્તિનો મહિમા વધ્યો —આમ પ્રજા માટેનો ભાગવત ધર્મ જામ્યો. એ રીતે જોતાં 'મુક્તિ' કરતાં 'ભક્તિ' પાઠ યોગ્ય લાગે છે; ને નરસૈંયાને મળે છે પણ પછી ભક્તિ. એ જોતાં તે સાચો પણ છે.

૨૦. અખંડ વ્રજ કે જ્યાં હરિ રાસ રમે છે તે કોઈ ભૌગોલિક સ્થાન તો ન જ હોય. અખંડ વ્રજ એટલે વૈકુંઠ— વિષ્ણુનું ધામ, 'જ્યાં હરિ રાસ રમે છે.'

૨૨. નરસૈયો કૃતારથ થયો—એને અંતરમાં દેવદર્શન થયાં—તત્ત્વસાક્ષાત્કાર થયો. એટલે તે સ્થિરચિત્ત, આત્મસંતુષ્ટ થયો. તપમાંથી તે નવધા ભક્તિ તરફ વળ્યો. બીજું, આમ આત્મપ્રત્યય થવાથી તેનામાં કવિશક્તિ સ્ફુરી, જેનું વર્ણન વિષ્ણુએ વર આપ્યો એમ કહીને હવે પછીના કડવામાં આવે છે.

મુક્ત કે કૃતાર્થ થવામાં 'कृपा हि केवलम्' એ ભક્તિ-માર્ગનો સિદ્ધાંત છે: 'તે કૃપા શ્રીહરની હવી.'

કડવું ૨

૨૩-૨૬. (જ્યાં) ગોપી ગાય (છે, અને) વાજાં વાજે (છે), (જેનાં) દર્શન કીધે ભવદુઃખ ભાજે, (એવી) અદ્ભુત

લીલાનો રાસ વિરાજે (છે.) (એના દર્શનનું) મહાસુખ શિવ-મહારાજે દીધું.— અન્વય.

વાજે [સં. वाद्] પદ્યનું રૂપ છે. ગદ્યમાં 'વાગે' બોલાય છે. પણ 'વાજું–વાદ્ય' પ્રચલિત છે. તેમ જ, **ભાજે** [સં. भंज्] (પ.). 'ભાગે' ગદ્યનું રૂપ.

કીધું [સં. कृत] 'કરવું'નું અનિયમિત ભૂ૦કા૦નું રૂપ. તેવું, **દીધું** [સં. दत्त] 'દેવું'નું અનિયમિત રૂપ.

૨૮. वैकुंठ+नाथ — વિષ્ણુ, હરિ.

૨૯. વિષ્ણુના રાસમાં ગોપી હોય છે. નવધા ભક્તિમાં પ્રેમલક્ષણા ભક્તિ કરનારનો દૃષ્ટાંત ગોપીનો છે. એ નરસિંહનો આદર્શ હતો.

ગોપી [गो+प સ્ત્રી૦] ગાયને પાળનારી.

૩૦. ગોકુલના રાય શ્રીકૃષ્ણ. પૂર્ણ પુરુષોત્તમરૂપે ગોકુળ-મથુરામાં અવતર્યા તેથી ગોકુળરાય. ગોપીઓ તે ગોકુલની સ્ત્રીઓ.

૩૧. હે સદાશિવ, કહો, આ કોણ છે (કે જેને) તમે આ ઠામ દેખાડ્યો ? — અન્વય.

ઠામ [સં. स्थान, प्रा. ठाण] ધામ; ઠેકાણું; જગા.

૩૩-૩૪ (એ) તમારી ભક્તિ માગે છે. (એટલે) **તે** કીર્તન કરે અને ગુણ ગાય એવી, હે શ્રીકૃષ્ણજી, તમે (એની ઉપર) કરુણા કરો.— આમ અન્વય કરાય. અથવા એમ પણ કહી શકાય: તમારી ભક્તિ માગે છે, જેથી તે કીર્તન કરે અને ગુણ ગાય; માટે તમે કરુણા કરો. પહેલો અન્વય ઠીક લાગે છે.

બોલવું [દે. बोल्लइ=બોલવું. સં. ब्रू ?] શું બોલ્યા તે પછી આવતી બે કડીઓ કહે છે.

૩૬. ઉદ્ધવ અને વિદુર વિષ્ણુના પરમ ભક્તોમાં એ મુખ્ય ગણાય છે. શિવ જેવા પરમ વૈષ્ણવ જેની સિફારસ કરે તેવા મહેતાજીને વિષ્ણુ એ એને તુલ્ય પદ આપે છે.

ઉદ્ધવ એક યાદવ હતા. કૃષ્ણના કાકાના દીકરા થાય. પણ તે પ્રસિદ્ધ છે પરમ કૃષ્ણભક્ત અને કૃષ્ણસખા તરીકે. પરમ ભક્ત તરીકે ભાગવતમાં એમનું વર્ણન આવે છે. ઓધવજી અને ગોપીઓનાં ગીત આપણી ભાષામાં લોકપ્રિય થયેલાં ઘણાં છે.

વિદુર પાંડવકૌરવના કાકા. પરમ કૃષ્ણભક્ત હતા. ભારે નીતિજ્ઞ અને નિઃસ્પૃહ માણસ તરીકે મહાભારત તેમને આલેખે છે. 'વિદુરની ભાજી'એ 'શબરીનાં બોર' જેમ ભક્તિપંથનો અમર ઉલ્લેખ છે. એ ભાજીનો પ્રસંગ શિક્ષકોએ વાતરૂપે અહીં કહેવા જેવો ગણાય.

૩૭. ગોપાલ [સં. गो+पाल] ગોપ, ગોવાળ; એટલે કે શ્રીકૃષ્ણ યા વિષ્ણુ.

૩૮. સંભારજે [સં. संस्मर्] યાદ કરજે. તો **ધાઈ આવીશ** [સં. धाव्, प्रा. धा] દોડી આવીશ.

૩૯. ભવસંસાર — 'ભવ' એ જ 'સંસાર'. સામાન્ય સમાસ 'ભવસાગર' વપરાય છે. અહીં કદાચ પ્રાસની જરૂરથી પુનરુક્તિ-દોષ વહોર્યો હશે.

૪૦ લીલા કે જે 'કેવળ શૃંગાર-રસ'નો વિસ્તાર છે. પ્રેમલક્ષણા ભક્તિનો મુખ્ય રસ શૃંગાર છે. પતિપત્ની રૂપે એ ભક્તિ કેળવાય છે. નરસૈંયો, મીરાંબાઈ એનાં આશક હતાં.

૪૨. ત્રિપુરારિ [त्रिपुर+अरि] ત્રણ પુરોના શત્રુ—શિવજી. મય દાનવે સોના, રૂપા ને લોઢાનાં ત્રણ શહેરો બાંધેલાં. તેમાં

વસતા દાનવને ત્રિપુર કહેતા. દેવોના કહ્યાથી શિવે એ સર્વનો સંહાર કર્યો હતો. તેથી ત્રિપુરના તે શત્રુ—ત્રિપુરારિ કહેવાય છે.

૪૩. મહાદેવના આ આદેશ નરસિંહ પર પછી જીવનમાં આવતાં વીતકની આગાહીરૂપ છે. 'શામળદાસના વિવાહ'માં મહાદેવે આમ કહ્યાનું કથન નથી. 'હારમાળા'માં એક કડી છે ('મામેરા'ની ૪૪મી કડી જેવી),

'મહાદેવ વચન બોલ્યા તે વાર :
નરસૈંયા, આ લીલા ગાજે, જે જોયું કૃષ્ણાવતાર.'

પણ લોકાચારને અંગે, 'ભક્તિ શીશ તણું સાટું, આગળ વસમી છે વાટું,' એ ભાવની આગાહી પ્રેમાનંદે નાંખી!

લોકાચાર [लोक+आचार] લોકોમાં ચાલતો—રૂઢ થયેલો આચાર: રૂઢિનો શિષ્ટ અશિષ્ટ ગણાતો વિવેક. જેમ કે, નરસિંહ મહેતા નાચીખૂંદીને કીર્તન કરતા એ જ લોકાચાર વિરુદ્ધ વાત થઈ હતી. તેવું જ ઢેડવાડે જઈ કીર્તન કરવું, વગેરે. અને ભક્તિમય જીવન ગાળવું, વ્યવહારની રૂઢિ પ્રમાણે, પરવા ન કરવી એ તો એક મોટી વિરુદ્ધ વાત હતી જ.

૪૪. અહીં કહ્યા પ્રમાણે, મહેતાજીનું કવિજીવન ભક્તિનું ગાન કરવામાં જ ગયું છે.

જુક્તિ [सं. युक्ति] રીત: પ્રકાર. [સામાન્ય અર્થ યુક્તિ, ઉપાય, તરકીબ અહીં નથી. મૂળ તત્સમ અર્થ અહીં છે.]

૪૫. ભોળા [सं. भावालु ?] શંકરને ભોળાનાથ પણ કહેવાય છે. તે ઝટ પ્રસન્ન થઈ જાય એવા ભોળા હૃદયના છે, એમ મનાય છે. મહેતા ૭ દિવસના તપથી ફાવ્યા તે 'ભોળા'-નાથને લઈને.

૪૬. 'શામળશાના વિવાહ'માં કડી છે:—

"મુહૂર્ત એકમાં ભૂતલ આવિયા." (પદ ૫ મું.)

૪૭-૪૮. પ્રભુના વરદાનથી આ થયું. તે પહેલાં નરસૈંયો રખડયા કરતો ને રાધાકૃષ્ણને નહોતો જાણતો.

તરણાવત્ તૃણવત્, નહિ જેવું.

૪૯-૫૩. ભાભી [सं. भ्रातृभार्या ?] અને મહેતાના આ મિલનનું શબ્દચિત્ર કોઈ ચિત્રકારની પીંછીને શોભાવે એવું છે. જુઓ કનુ દેસાઈનું 'તાળ વાતા ગીત ગાતા' મહેતાજીનું ચિત્ર.

વાતા [सं. वा] વગાડતા.

પધાર્યા [सं प्रधृ ?] કવિ આમ માનાર્થક પદ વાપરે છે.

ગોરાણી [गुरु स्त्री०] સ્ત્રી-ગુરુ. મેં તને મારી ગુરુ ગણી, કબૂલી. 'તું' બીજી વિભક્તિમાં છે. 'હુંને' પદ્યછૂટ ગણાય: 'મને' રૂપ જોઈએ.

પરિબ્રહ્મ–એટલે કે દરિદર બંને ! અગાઉ કડી ૧૪ માં શિવ માટે તે છે તે જુઓ.

કેરું [प्रा. केर, करय=સંબંધી] 'તણું.' બેઉ પદો છઠ્ઠીના અર્થમાં પદ્યમાં વપરાય છે.

૫૪. વનમાં ગયા પૂર્વે તે પરણ્યા હતા ને મોટાભાઈની ભેગા રહેતા. પ્રભુદર્શન પામીને આવ્યા બાદ તે જુદા થયા.

સાધ્વી [साधु+ई स्त्री०] સાધુ ગુણવાળી; ભલી; પતિવ્રતા. જુઓ કડી ૫૫.

માંડ્યો ગૃહસ્થાશ્રમ [दे. मंड=શરૂ કરવું] ઘર માંડયું, ગૃહજીવન શરૂ કર્યું.

कडवुं ३

૫૫. પતિવ્રતા [सं. पति+व्रत–बहुव्रीहि] 'પરસ' આનું ક્રિ૦વિ૦ છે. ભારે પતિ-પરાયણ કે સાધ્વી.

૫૬. દામોદર [सं. दामन् + उदर–बहु०] શ્રીકૃષ્ણનું જશોદામાતાએ પેટ કે કેડ પર દોરડું વીંટી ખાંડણિયે બાંધેલા

તે પરથી 'દામ – દોરડું' + ઉદર – પેટ' આ નામ પડયું હશે.

મુદ્રા છાપ. વૈષ્ણવો શરીર પર શંખચક્રાદિની છાપ મારે છે તે.

એક બાજુ ગૃહસ્થાશ્રમ માંડ્યો કહીને પછી ગૃહસ્થના જે ઢંગ વર્ણવે છે એમાં રહેલું હાસ્ય સ્પષ્ટ છે.

કડી **૫૫** થી **૬૮** સુધીમાં મહેતાનો ઘરસંસાર વર્ણવ્યો છે, એમાં ભક્તજીવનનું જે ચિત્ર પ્રેમાનંદે દોર્યું છે તે આજ પણ જૂની પેઢીના લોકમાનસમાં મોજૂદ છે. પણ તેની સાથે નીચેની ટીકારૂપ લોકોક્તિ પણ યાદ કરવા જેવી છે:

'ફરો વંઠે, કબૂતરું પેસે;
ઘર વંઠે, ભગતડું પેસે;'

આજે આપણને આવી ભક્તિ ગમે? પાલવે? એમાં સાચાં ને ગ્રાહ્ય તત્ત્વો કયાં કયાં છે? આ ચિત્રમાં કવિકલ્પના ને પ્રેમાનંદના જમાનાનો રંગ કેટલાં માનવાં? સુદામાનું ભક્તજીવન પણ અહીં સરખાવવા જેવું છે.

૫૮. ચોક [સં. चतुष्क, દે. चउक्क] જૂની ઢબનાં ઘરમાં પેસતાં ચોખૂણ ખુલ્લી જગા હોય છે તે. સામાન્ય ઘરનું આંગણું પણ ચોક કહેવાય છે.

ચોકમાં તુલસીનાં વન એટલે કે તેના અનેક છોડ હશે. બાકી વૈષ્ણવ ઘરની સાધારણ નિશાની ચોકનો તુલસી-કચારો આજે પણ જોવા મળે છે.

અહર્નિશ [સં. अहः -દિવસ, निशा–રાત] રાતદહાડો; બધો જ વખત.

૫૯-૬૧ 'ખેતી ઉદ્યમ વેપાર' જેવાં સમજાય એવાં નિર્વાહસાધનો જોડે 'ભક્તિ તણો આધાર' બતાવ્યો છે, એ જમાનાનું નિદર્શક ગણાય. ભક્તિ કરનાર કમાય નહિ, અને

તેને આપવામાં પુણ્યધર્મ છે, એ માન્યતા યાદ કરો. તેથી કવિ ૫૯ લીટીમાં કહે છે, 'જે આવે તે વૈષ્ણવ જમે . . .' અને આમ થતી આવકને ૬૧મા લીટીમાં 'વિશ્વંભર પૂરું પાડે . . .' એમ કવિ વર્ણવે છે. એ વ્યવસ્થામાં 'મહેતાને મન વિશ્વાસ ઘણો' એ ભક્તિનું લક્ષણ ગણાય છે.

ઉદ્યમ ધંધો; જેવો કે કોઈ નોકરી કે કારીગરીના કામકાજનો. ધંધાના ત્રણ પ્રકાર– ખેતી, ઉદ્યમ, વેપાર— છે. મહેતાજી એકે કરતા નથી. એમનો 'ધંધો' ભક્તિ છે ને તેના ઉપર એ નિર્વાહનો આધાર રાખે છે.

૬૦. વૈષ્ણવ [સં. विष्णु+अ પ્રત્યય. જેમ કે, શૈવ, કૌરવ ઇ૦] વિષ્ણુનો ભક્ત. અહીં મહેતાજી અને એમના કુટુંબપરિવાર એ અર્થમાં 'બહુવચન' લેવું.

દહાડા નિર્ગમે [સં. दिवस, પ્રા. दिअह] દહાડા કાઢે; જીવનનિર્વાહ ચલાવે.

૬૧. વિશ્વંભર [સં.] વિશ્વને ભરનાર, વિશ્વનું ભરણ-પોષણ કરનાર, પ્રભુ: અન્ન પૂરું પાડવાની વાત જોડે 'વિશ્વંભર' એ યથાર્થક પદ જ વાપર્યું છે.

વિશ્વંભર છે. તો તે અન્ન આપશે જ. દાંત આપનાર ચાવણું આપશે, એવો વિશ્વાસ મહેતાજી પોતાના મનમાં રાખી નિશ્ચિંત રહે છે; ભક્તિમાંથી ડગતા નથી.

મંન પદ 'અન્ન' સાથે પ્રાસ સાચવવા માટે, 'મન' પરથી ફેરવી લીધું છે.

ઘણો [हिं. घना, સં. घन=ખૂબ, ગાઢું ઇ૦] 'વિશ્વાસ'નું વિશેષણ.

૬૩-૬૪. બેઉ સંતાનને 'રૂડી' [સં. रूढ?] સારી રીતે પરણાવ્યાં. મહેતા કુળવાન નાગર હતા એ બીના અહીં યાદ કરો. અને કુલની રીત પ્રમાણે સંસારનાં કામો થવાં ઘટે

એ તો હરિનો ભક્ત પણ હચ્છે. તેમ ન થાય તો હરિના ભક્તની એટલે હરિની લાજ જાય, એમ ભક્તને લાગે. તેથી તે પાર કરવામાં વૈરાગ્ય કે ઉપેક્ષા ન ચાલે. ભલે ભક્તની રીત ન્યારી હોય.

૬૮. સંસારનાં મરણાદિ દુઃખો આવતાં ભક્તહૃદયમાં જે ભાવ જાગે એમ મનાય છે, તેની આ લીટી લોકોક્તિ થઈ પડેલી છે. માયા, વૈરાગ્ય, અને મોક્ષના આપણા લૌકિક ખ્યાલો અહીં યાદ કરવા.

આ કડીઓ વિષે સ્વ. શ્રી. ઇચ્છારામ દેસાઈ 'નરસિંહ મહેતાના કાવ્યસંગ્રહ'ના આદિમાં લખે છે,

"પ્રેમાનંદ વર્ણવે છે તેવો નરસિંહ નિષ્ઠુર હૃદયનો (લાગણી વગરનો) નહોતો. મામેરામાં નરસિંહ કહે છે કે,

'પત્ની ને પુત્ર તે બે મરણ પામિયાં,
નગરના લોક કરે રુદન;
અવધ જેની થઈ તેહ જાયે સહી.
લેશ નહિ શોક કરતું મન.'

વળી પુત્રીને આશ્વાસન આપવા માટે જ તેણે 'સુખદુઃખ મનમાં ન આણીએ' . . . અને 'જે ગમે જગતગુરુ દેવને' . . . એ પદ રચ્યાં, એવી વાયકા છે."

પ્રેમાનંદની આ કડીઓનું મૂળ વિશ્વનાથ જાનીના મામેરામાંની નીચલી કડીઓ હોય એમ બતાવે છે:

'મહેતાજી કહે ટળ્યો જંજાળ,
પુત્રી સમરો શ્રી ગોપાળ.'

૬૯. વહુ [સં. વધૂ] એટલે શામળશાની પત્ની. પછી એ કેટલો સમય જીવી એ જાણવા નથી મળતું. 'મામેરા'ને સમયે નહિ હોય એમ લાગે છે.

વિધવા [सं. वि+धव=ધણી] પતિ વગરની; રાંડેલી

૬૮. જંજાળ [जग+जाल ? કે સં. जंजू=લડવું પરથી હશે ?] જગતની—ઘરસૂત્ર કે ઘરસંસારની ખટપટ, પંચાતો વગેરેની કડાકૂટ; પ્રપંચ.

૬૯–૭૬ હિંદુ સંસારમાં નવી વહુની દશાનું યથાતથ ચિત્ર આ ગણાય. ૭૪મી લીટીમાં સાસુની ચેષ્ટા છે તે 'ગર્વે ભરી' હોવા ઉપરાંત કેવી ક્રૂર છે! બધાં અચ્છકલાં અને અભિમાની સાસરિયાંમાં શ્રીરંગ મહેતો નોખા તરી આવે છે.

પણ આ ચેષ્ટા છેવટે તેમનાં કરનારાં પર જ પાછી વળીને વાગે છે, એમનાં વ્યંગ-વાક્યો સાચાં ઠરી એમના જ મોંમાં પાછાં વળે છે, એ આ કાવ્યનું એક જબરું રસબીજ છે.

૬૯. બાળલગ્ન થતાં ત્યારે પણ વધૂ સાસરે તો ઉંમર લાયક થતી ત્યારે જ જતી, એ ચાલ હતા.

પછે [सं. पश्चात्] (પ.) પછી. 'પછે'રૂપ હજી ગ્રામીણ પ્રયોગ તરીકે ક્યાંક તળપદી ભાષામાં સંભળાય છે.

મોટું થવું ઉંમરે પહોંચવું. **મોટું** [सं. महत ? हिं. मोटा=સ્થૂલ]

આણું [सं. आज्ञा; प्रा. आणा ? કે सं. आनी=આણવું ?] કન્યાને સાસરીએ લઈ જવાનું તેડું.

૭૦. સસરો [सं. श्वसुर]. તેનું ઘર તેનું કુટુંબ ભાગ્યવાન એટલે કે પૈસેટકે સુખી કહેવાય છે.

૭૨. વાંકું [सं. वंक, वक्र] ભણે — વાંકું બોલે. એટલે કે અઘટિત કહે, કારણ કુંવરબાઈને 'દૂબળી' [दुर्बल] એટલે ઓછા ભાગ્યવાન ઘરની ગણે છે: પોતાને 'ધન-અભિમાન' છે.

૭૪. સાસુ [सं. श्वश्रू] સામે 'કુંવરબાઈ ફરી ન બોલે' એટલે સામે ઉત્તર ન આપે — ચૂપ રહે.

૭૫. કુંવરબાઈનું કજોડું લાગે છે. તેનો ધણી ઉંમરે જ નાનો નથી, સમજણમાં પણ કાચો છે; કાંઈ વિવેક કે વિચાર પ્રીછતો [સં. प्रीछ्] — જાણતો નથી — નાદાન જેવો છે.

૭૬. **સીમંત** [સં. सीमंत=સેંથો] અધરણી; પ્રથમ સગર્ભા થતી સ્ત્રીના છઠ્ઠા મહિને કે તેની આસપાસ કરાતી રીત. આ ચાલ એક યા બીજે રૂપે આજ પણ ચાલુ છે.

સાદર·વાત ગર્ભવતીના દોહદની વાત. ગર્ભવતી સ્ત્રીને ખાવાપીવા વગેરેમાં ખાસ ઇચ્છા થાય છે તે સાદર [સં. श्रद्धा?]. તે પૂરી પાડવા કુંવરબાઈના કંથ [સં. कान्त] કાંઈ પૂછતો નથી. એવો વિવેક વગરનો નાદાન તે છે.

૭૭. **વહુવર** નવોઢા કે નાની વહુ. જેમ કે, કુંવરબાઈ. વડસાસુ કુંવરબાઈની સાસુને 'મોટી વહુવર' કહે છે તે આગળ કડવા ૧૪ના વલણમાં જુઓ.

૭૮. આ લીટીમાં ભક્તિની પ્રશંસા છે કે ઠેકડી? **મોસાળું** [मातृ+शाला?] મામેરું.

૭૯. **ઓરિયો** [સં. आतुरत्व?] ઓરતો; આતુરતા; તીવ્ર ઇચ્છા કે ઉત્કંઠા.

૮૦. **રાખડી** — રક્ષાબંધન — સગર્ભાના પાંચમે માસે કરાતી એક રીત — પંચમાસી.

૮૨. ૬ મહિને ખોળો ભરવાનો રિવાજ આજે પણ ગુજરાતમાં ચાલુ છે.

૮૩. **ઓશિયાળી** [સં. अवश+વાળી?] અવશ; અને ગરજથી દીન–**દામણી**–દયામણી બનેલી.

૮૪. **શીશ** [સં. शीर्ष, प्रा. सीस] નામીને–નમાવીને.

બાઈ [સં. भवती?] સાસુને કે મોટી સ્ત્રીને માનાર્થક પ્રયોગ આજ પણ કાઠિયાવાડમાં ચાલે છે.

૮૫. ગોર ઓખલો પંડ્યો. 'ગોર' [સં. गुरु] અને 'પંડ્યો' [સં. पंडित] એઉનો અર્થ એક જ — પુરોહિત — છે. 'ઓખલો પંડ્યો' એ ગોરને માટે રૂઢ બોલ તરીકે ગણી લેવો જોઈએ. જુઓ કડી ૧૧૩, ૩૨૮.

ઓખલો [સં. शुष्क] વૃદ્ધ, ખખળી ગયેલો.

૮૬. કંકોતરી [સં. कुंकुम+पत्रिका] લાલ શાહીથી લખી તેની પર કંકુનું છાંટણું નંખાય છે. શુભ પ્રસંગે એવો પત્ર લખાય છે.

મોકલો [દે. मोकल, म. मोकलणें] રવાના કરો.

૮૭. **ઘેલું** [સં. ग्रह, प्रा. गह – ઘે પરથી ?] લાગ્યું = ગાંડી થઈ. **મહિયર** [સં. मातृगृह].

૮૭. માડીકરીના પ્રેમના આ કથન જોડે કુંવરબાઈ મહેતાને સંભળાવે છે તે લીટીઓ (૨૦૩-૨૧૧) સરખાવો.

મૂઈ [સં. मृ—મરવું. मृत, प्रा. मुअ] મરી, ગુજરી ગઈ.

૮૯-૯૩ 'છે સાસરિયાંને ધનઅભિમાન' એ લીટી ૭૧મી અહીં યાદ કરો.

૮૯. **દરિદ્ર** = દારિદ્ર, દરિદ્રતા.

૯૦. **સગો** [સં. स्वक, प्रा. सग] સ્વજન, સંબંધી. **નોતરવું** [સં. निमंत्र्] તેડવું, બોલાવવું.

૯૧. મહેતાને વ્યવહારની પડી નથી; તેને તો વહાલું [સં. वल्लभ, प्रा. वल्लह] છે હરિનું નામ.

૯૨. ડોસો [प्रा. दोसा ?] અહીં બાપ અર્થ છે.

હેત [સં. हृद्य – प्रा. हिज्ज ?] પ્રેમ, હૃદયનો ઉમળકો.

ફજેત [अ. फजीहत – બેહાલ, દુર્દશા; બદનામી] બદનામ; બેઆબરૂ.

૯૩. તમારો સસરો લાજે [सं. लज्ज्] એમની લાજ જાય. તેથી વેવાઈ [सं. वैवाहिक] એટલે કે નરસિંહ મહેતા નહિ આવે તોય સીમંતનું કામ સરી જશે — ઊકલશે — થશે.

૯૫. કુંવરબાઈના ઉત્તરમાં રહેલી હિંમત પ્રશંસાપાત્ર છે. 'દુર્બળ પણ પોતાનો સગો,' એ હિંદુસંસારની એક મોટી ભાવનાને ભૂલીને સાસુ બોલી, તેથી કદાચ એ આવો સચોટ ઉત્તર આપી શકી. અને તરત ક્રોધને બદલે, '**સાસુને મન કરુણા થઈ.**'

ફગવું [सं. फाल्गुन, दे. फग्गु, ० ण, फाग] ફાટ્યું બોલવું — છકવું.

૯૭ 'સાસુને મન'=સાસુના મનમાં. તુ૦ ક૦ 'તારે મન કે હું ગયો' એવો પ્રયોગ.

વાર્તા [सं.] ખબર; હકીકત.

૯૯. 'જેમ તેમ કરતાં'=ફાવે તેવી કે જેવી થઈ શકે તેવી જોગવાઈ કરીને પણ. જુઓ આગળ લીટી ૧૧૦મી.

૧૦૦. કાગળ [फा. कागज] લખવા દા પાડી એ પણ 'દયાળુતા'! પ્રેમાનંદે શ્રીરંગ મહેતાને ધનઅભિમાન વગરનો ને સુખી તથા પત્ની કરતાં શાંત સ્વભાવના ચીતર્યા છે.

૧૦૧-૧૦૫. આપણી જૂની દેશી પત્રલેખન પદ્ધતિનો આ નમૂનો છે. આજે અંગ્રેજી ઢબે સીધી સાદી પદ્ધતિ ચાલુ થઈ છે.

૧૦૧. હરિજન [હરિનો જન] -પ્રભુનો માણસ, ભક્ત. આજે 'હરિજન' શબ્દ અંત્યજ માટે ગાંધીજીએ શરૂ કર્યો તે અર્થ અહીં નથી.

૧૦૨-૧૦૩ 'નાગરી નાતનો શણગાર' [शृंगार] ઇ૦ વિવેકની ભાષા, જોકે શ્રીરંગ મહેતા મનમાં કદાચ એ ન વાપરતા હોય.

સાધુઓમાં શિરોમણિ [शिरः + मणि] -શ્રેષ્ઠ સાધુ પુરુષ ભક્તોના નાયક, વૈષ્ણવના ધણી [સં. धनी], વૈષ્ણવોમાં શ્રેષ્ઠ

'કેશવ [સં.]ની જેમની પર સદા કૃપા હોય છે' એ નરસિંહ મહેતાનું વિશેષણ–વાક્ય છે.

૧૦૪. શ્રીપંચ – જેમ સંન્યાસીને 'શ્રી ૧૦૮' લખા છે, તેમ ગૃહસ્થને 'શ્રી ૫' એવું લખવાનો જૂનો રિવાજ તે હાલ લોપ પામ્યો છે. પાંચ એટલે ગૃહસ્થાઈના 'પાં ગુણોવાળા' એવો અર્થ બતાવવામાં આવે છે. આ પાંચ ગુણ કયા તે મળતું નથી.

૧૦૬. 'વધામણીનો સમાચાર' — આજ 'સમાચાર પ્રાયઃ બ૦વ૦માં વપરાય છે.

વધામણી [हिं. बधाई, દે. वड्ढवण, સં. वर्धापन] વધા લેવા જેવું–શુભ.

૧૦૭. અમારી ઉપર 'ભગવંત' [સં. भग = શ્રેષ્ઠ સુખ **સર્વ**શક્તિમત્તા, શ્રેષ્ઠતા + वंत = વાળા] ભગવાન ત્રૂઠ્યા [સં. तु —રાજી થયા. પુત્રવધૂને સીમંત આવ્યું તે.

૧૧૦-૧૧૧ આશંક [સં. आशंका] અંદેશો, આંચકો લાવતા કે ધન નથી ને શું જવું? તમે આવ્યાથી જ અ 'લખ ટંક' [સં. लक्ष = લાખ टंक = એક સિક્કો] –લા **ટકા** — ઘણું ધન પામ્યા એમ જાણીએ છીએ. કેવી રીતે જુઓ ૧૧૧ મી કડી.

શ્રીરંગ મહેતાના આ ભાવની સાથે ૯૯મી કડી સાસુની વાત અને તેનો ૯૦મી કડીનો ફગેલો બોલ જુઓ.

૧૧૧. ઊજળો [સં. उज्ज्वल] **સગો** એટલે કે, મહે જેવો પવિત્ર ભક્ત. ઉપરની કુંવરબાઈની ઉક્તિ (લીટી ૯ અહીં યાદ કરો.

ઊજળો સગો પોતાને બારણે [सं. द्वार] ઘેર આવે તો (તેની આગળ) સોનાનો મેરુ પણ ઓવારી નાંખીએ — તે પણ કુરબાન છે. મતલબ કે, મેરુ કરતાં પણ એ અધિક છે.

ઓવારવું [सं. उपचार, दे. उवयारो પરથી ? કે सं. अपवारित–प्रा. ओवारिअ ?] અશુભ વારવા માટે ઉપચાર ક્રિયા કરવી; કુરબાન કરવું.

૧૧૩–૧૨૦. હિંદુ નવવધૂને પિયર વિષે જે કાવ્યભાવના હોય છે તેનું આ ચિત્ર છે. પિયર જતા પંડયાને — ગોરને યા રાતને આજ પણ નવવધૂ આમ જ સંદેશા મોકલે છે.

૧૧૫ પરૂણો [सं. प्राघुण–प्राघूर्णः] પ્રાહુણો; મહેમાન.

૧૧૬. સારું [सं. सार] મોસાળું એટલે શોભે એવું — લોકમાં કદર પામે એવું.

૧૧૭. 'પૃથ્વીતળે જો કાંઈ નામ થાય તો સાસરિયાંનું મહેણું (ગરીબાઈનું) ટળે.' પૂર્વના પ્રસંગો પ્રભુએ કેમ પાર પાડયા છે તે કુંવરબાઈ જાણે છે. તેથી અંતે કહાવે છે, 'તમારે માથે છે વૈકુંઠરાય.' (લીટી ૧૨૦)

૧૧૮ જો આ અવસર [सं.] સૂનો [सं. शून्य] એટલે કે કાંઈ કર્યા વગરનો — ખાલી જશે, તો ભવ — જન્મારાનું મહેણું મને લાગશે. આખો મારો જન્મારો એ મહેણું મને મરાશે.

૧૧૯. બોલબાણ [બોલ રૂપી બાણ] વાગ્બાણ. કઠણ — કાળજે વાગે એવા બોલ.

નણદી [सं. ननान्द] ને દિયર [सं. देवर] એ બેને બોલબાણ મારનારાંમાં ખાસ ગણાવે છે.

૧૨૩. મહેતાએ પંડ્યાની સ્તુતિ, ઘટતી આગતા-સ્વાગતાનો વિનય અને પૂજા કરી; પછી (વધામણીની) સુખદાયી વાત એએ માંડી.

૧૨૪. પંડયા કુંવરબાઈનો સંદેશો ક્યારે કહે છે? આ કહેવાનું છોડી દઈને કવિએ એક ભારે તક ગુમાવી ગણાય. મહેતાનો પુત્રીપ્રેમ એ અહીં ઉત્તમોત્તમ રીતે વર્ણવી શકત. સાસરે ગયેલી પુત્રીને વિષે જે કરુણા, મમતા અને મોહ તથા વાત્સલ્ય હોય છે તેનું કાવ્ય હિંદુ પિતા જ જાણે છે. એ કાવ્યનો કંઈક ચિતાર પ્રેમાનંદ પાછળના પ્રસંગોમાં આપે છે ખરા. પંડયાએ સંદેશો કહ્યા સરખો ઉલ્લેખ પણ કવિ ભૂલ્યા છે.

૧૨૫. કુંવરબાઈના સારા દિવસની ધન્યતામાં અને આગળને માટે પ્રાર્થના તરીકે વૈકુંઠનાથને સમર્યા. જુઓ ૧૮૭મી લીટી પણ.

૧૨૬-૯ મહેતાજી અહીં 'ભાગી જંજાળ'નો ભાવ નથી બતાવતા. શીમંત કરવાનો ઉમળકો---ભલેને એકે દામ ન હોય, પણ ત્રિકમ તો છે ને!— અને પંડયાની આગતાસ્વાગતા બરોબર દેખાય છે.

દામ [સં. द्रम्म] દમડી; પૈસા.

૧૩૦. સગાં એટલે કે વૈષ્ણવ સાધુઓ. સગપણમાં એમને એ જ હતાં ને એ જ સાથે ગયાં પણ.

૧૩૩. વહેલ, ધૂંસરી, સાંગી ઇ૦ બધું માગી આણ્યું એમ અન્વય લેવો. આજ ઉખાણો બનેલી આ 'મહેતાજીની વહેલ'ની ખરી રમૂજ તો હવે પછી ૧૪૨મી લીટીથી વર્ણવે છે.

વહેલ [સં. वह्--વહેવું પરથી?]ની **સાંગી** તે ધરી અને બેસવાનું ખોખું--સાટી—એ વચ્ચેનો ભાગ. તે **સોટા-ભાંગી** [સોટા જેના ભાંગેલા છે એવી— બહુ૦ સમાસ] છે.

૧૩૩. પીંજણી તે વહેલનાં પૈડાં પરનું ઢાંકણ. તેની તળેની આડી તે **તળાવો**.

બે બળદ [સં. बलद] અહીં કહે છે. કડી ૧૪૪માં ફેર છે તે જુઓ.

૧૩૪. જગદીશ [સં. जगत्+ईश]નું સ્મરણ કરીને મામેરે મહેતાજી ચાલ્યા — નીકળ્યા, ઊપડ્યા.

૧૩૫. 'સાથે દશવીશ વૈરાગી (અને) ત્રણ સખીઓ ચાલી.' આ ત્રણ સખીઓનો ઉલ્લેખ મહેતાના જીવનમાં બીજે પણ આવે છે. પણ તે કોણ એ વિષે ઝાઝું જાણવા મળતું નથી. મહેતાની ભક્તમંડળીમાં સ્ત્રીઓ પણ હોતી, અને જૂના સંપ્રદાયમાં ઊછરેલ લોકને એ વસમું લાગતું. રા'માંડળિકનો હારમાળાનો પ્રસંગ આવા આવા વિરોધોમાંથી થયો હતો.

મામેરામાં સ્ત્રીપુરુષ સૌ જાય એવો રિવાજ છે. વિધવા પુત્રવધૂ હતી કે કેમ, એનો કશો ઉલ્લેખ નથી.

૧૩૬-૭. આજે દક્ષિણમાં લિંગાયતો શિવલિંગને આમ જ સંપુટમાં મૂકી ગળે પહેરે છે. વસ્તુને કંઠનો હાર કરીને રાખવો એટલે તેને જીવ જેવું વહાલું ગણીને રાખવું.

નવલરામ તેમની ટીકામાં કહે છે, "મુસાફરી કરતી વખત મૂર્તિ જોડે રાખવી હોય તો માર્ગમાં સ્પર્શાસ્પર્શથી અપવિત્ર ન થાય તેનો ઉપાય એવો આપણા લોકોના સમજવામાં છે કે, તેને માણસે પોતાને ગળે હાર કરીને બાંધવી."

નંદાનંદ [સં. नंद+आनंद] નંદ-નંદન શ્રીકૃષ્ણ.

૧૩૮. સામાનનો **કોથળો** [સં. कोष्ठ? દે. कोत्थलो, कोहओ] વહેલ **પૂંઠે** [સં. पृष्ठ] પાછળ છે, તેમાં મામેરાનો સામાન છે એવી અપેક્ષા રખાય, પરંતુ છે ભક્તિની સામગ્રી! કવિ તે રસબીજ પકડીને કડી ૧૪૦માં કહે છે, 'મોસાળાની સામગ્રીમાં' આ બધું!

૧૪૦. ૧૩૮ થી આ કડી સુધીનો અન્વય 'મોસાળાની સામગ્રીમાં' એની સાથે લેવો ઠીક શોભે છે: તેમ કરવાથી હાસ્યરસની છટા જામે છે.

૧૪૧. મોસાળાની સામગ્રી વર્ણવીને કવિએ વાચકને ઠીક ટકોર કરી છે કે, 'જુઓ, મોસાળાના ઠાટ!' પણ પછી ૧૪૧ મી લીટીમાં જ ભક્તિનો પલટો લે છે:

'નરસૈંયાને નિર્ભય છે જે ભોગવશે ગોપાળજી.'

બિરદ-ભરોંસે રહેલા ભક્તને નિરાંત છે કે, આબરૂ બેઆબરૂ — ફજેતી સૌ ગોપાળને ભોગવવાની છે.

'નિર્ભય' વિ૦ છે. પણ 'અભય'ના અર્થમાં નામ તરીકે વાપર્યું છે એ કવિછૂટ ગણવી. **'જે'**—'કે'ના અર્થમાં થતો ઉપયોગ આજ કાલગ્રસ્ત થયો છે.

૧૪૨. 'બળહીણ' છતાં બળદ — બળ દેનાર!

હીંડવું [सं. हिंड्=ચાલવું]

૧૪૩. વૈષ્ણવોના સાથ ડેલે છે તેનું વર્ણન.

સોર [फा. शोर के सं. स्वर?] પાડવો=બૂમ પાડવી, કિલકારી મારવી. આજનો શ૦પ્ર૦ 'શોર કરવો' છે. જુઓ કડી ૨૫૧ માં.

'જય જય વૈકુંઠનાથ' એમ 'શોર પાડે'— એ શબ્દોથી કિલકારી મારે.

૧૪૪. એક બળદ ને બીજો આખલો [सं. अक्षतोक्ष] હતો? આગળ લીટી ૧૩૩ માં બે બળદ માગી આણ્યાનો ઉલ્લેખ છે.

ગળિયો [सं. गल्=ગબડી પડવું] બેસે તે ઊઠે નહિ એવો.

૧૪૬. વહેલનાં સાલેસાલ [सं. शल्य, प्रा. सल्ल] જુદાં — ઢીલાં કે છૂટાં હોવાથી વહેલ વાંકી થઈ જાય.

૧૪૮. રામકૃષ્ણનું એટલે કે ભગવાનનું નામ લે. જુઓ કડી ૧૪૩.

૧૪૯. શ્રીરંગ મહેતા ગામના જાણીતા સદ્‌ગૃહસ્થ; અને વળી મહેતાજી આવે ' એથી આખું ગામ જોવા આવ્યું છે.

૧૫૧–૩. ગામલોકની આ વ્યંગોક્તિ સ્પષ્ટ છે. જોકે કવિ ૧૫૦મી લીટીમાં તેની પર ટીકા અગાઉથી જ કરી મૂકે છે. હાસ્ય અને ભક્તિ એમ બેઉ રસના પલટા ખાવાનો લાગ કવિ ચૂકતા નથી. આવા જ પલટાની અગાઉ જુઓ લીટી ૧૪૦–૧.

૧૫૧. કોડ [दे. कोड्ड, सं. कौतुक] **પહોંત્યા** [પ્રા. पहुत्त(–च्च); सं. प्रभू?]—ઓરિયો વીત્યો, મનની ઇચ્છા પૂરી થઈ કે, પિતા મામેરે આવે.

રોક=રોકડું, તૈયાર, કશી મણા વગરનું.

૧૫૨. વિસાત [अ. वसात=માલ; પૂંજી; મત્તા]

૧૫૪. મહેતાજી કંકોતરી ઝીલીને મામેરું કરવાને આવે છે એમ **સુણીને** [सं. शृणोति]

૧૫૭–૬૦ 'મહેતાજીની વહેલ' જેમ જ 'મહેતાજીનો ઉતારો' પણ ગુજરાતીઓમાં કહેવતરૂપ બનેલો છે. રસજમાવટ માટે જ કવિએ આવા રહેવા માટે અશક્ય ઘરને અતિશયોક્તિપૂર્વક ચીતર્યું છે, એમ માનવું જોઈએ. 'ઉતારા' બહુવચન હાસ્યમાં ઉમેરે છે.

૧૫૭. ઝાઝા [सं ज्यायस्, ? फा. ज्याद: ?] ચાંચડ અને **વિશેક** [सं. विशेष=ઘણું, ઝાઝું] મચ્છર. [सं. मत्सर]. 'ઝાઝા' અને 'વિશેક' એમાંથી એક હોત તોય બેઉને લાગી શકત.

૧૫૮. ખાડા [सं. खात=ખોદાયેલું] અને **ટેકરા** [दे. टेक्कर], તેથી **વસમો** [सं. विषम] સપાટ નહિ, ઢેકાઢૈયાવાળો ઠામ–સ્થાન, ઉતારો છે. **નળિયું** [सं. नल ?]

૧૫૯. છાપરા [सं छत्वर ?]**નું છાજ** [सं. छाद] કોહ્યું [सं. कुथ्=સડવું] કોહેલું છે.

૧૬૧. વેવાઈ એટલે શ્રીરંગ મહેતા ઉતારાની ગોઠવણ કરીને પોતાને ઘેર ગયા.

૧૬૬. ફૂટડો [सं. स्फुट – ખીલેલું; ફાટેલું] રૂપાળો. **ઢૂકડો** [सं ढौक्=પાસે જવું] પાસે ગયેલો – નજીકનો.

બગાઈ [दे. बिग्गाइ] ઢોરને વળગતું એક જીવડું.

૧૭૦–૩ અહીં ૧૩૮-૪૦ કડીઓ સરખાવો. **મજાકમાં** કહે છે, પણ એમ જ છેવટે થાય છે!

૧૭૪. ઠંઠોળી [ठट्ठो+टोळ?] હાંસી મજાક. ઉપરની સામગ્રી જોઈ નાગરણો કૌતુક કરે છે – આશ્ચર્ય બતાવે છે કે આ તે કેવી નવાઈ! અને એની મશ્કરી કરીને ઘેર જાય છે.

૧૭૫-૮૫. નણંદ ભાભીનું આ શબ્દચિત્ર હિંદુસંસારનું એક લાક્ષણિક ચિત્ર જ છે. વહુને મન પોતાને ઘેર પિયરિયાં આવ્યાનું કાવ્ય અને સાસરિયાંને મન પ્રસંગોચિત પોતાનો જડ લોભ – આ એક મેળ ન ખાય એવો દ્વંદ્વ કરુણ છે, અને એમાં લોભની ક્ષુદ્રતાનુ હાસ્ય પણ છે.

૧૭૫. તાત [सं.] બાપ. ઉંમરમાં નાનાને પણ વહાલથી 'તાત' કહેવાય છે; જેમ કે, 'બાપુ' વપરાય છે.

૧૭૬. હેતથી **ઉતાવળી** [दे. उत्तावल] મળવાને ધસી —ધસમસતી ચાલી નીકળી.

૧૭૮. સગાંની અને પોતાની બેઉની સાત **પેઢી** [हिं. पीढी, सं. पीठिका]નું નામ લજવ્યું, એમ અર્થ લઈ શકાય. સાત પેઢી સુધી સગાઈ–સંબંધ પહોંચે એમ મનાય છે.

૧૮૦. સાસુ સામે 'નવ બોલે ફરી' (કડી ૭૪), એવી કુંવરબાઈ નણદી સામે કેવી ફૂંફવે છે! સરખાવો કડી

૯૫-૯૬ નો સાસુને નમ્રતાપૂર્વક સ્પષ્ટ જવાબ અને આ સણસણતો સપાટો.

૧૮૧. મચ્છર [सं. मत्सर] ગર્વ; ગુમાન; અભિમાન.

૧૮૩. સાદી ને સાચી વાત આ સ્થળે સોંસરા વાગ્બાણ પેઠે મર્મમાં વાગી હશે!

કોનો — કોઈનો (દા. ત. નણદીનો!) બાપ **લખેશરી** [सं. लक्ष्मीश्वर?] તાલેવન કહેવાય તો ભલે. પણ મારે તેનો શો ખપ? [सं. क्षप् = કાઢવું; ફેંકવું?] મારે તો ... (કડી ૧૮૪-૫)

૧૮૪. કાપડું [सं. कर्पट, प्रा. कप्पड] એક જાતની કાંચળી, જે આજ ઓછી થતી જાય છે. ભરવાડામાં એ હજી પહેરાય છે. એટલું નજીવું કાપડું મળે તો તે પણ સોનાના મેરુ જેટલું કીમતી કે મોંઘું લાગે.

૧૮૭. નરસિંહ મહેતાનો પુત્રીપ્રેમ એક જ લીટીમાં અનુપમ રીતે ચીતર્યો છે. પછીની લીટીઓ તેમાં ઉમેરો જ કરતી જાય છે. ભક્તહૃદયની કુટુંબવત્સલતા એને અનુરૂપ જ છે. 'હારમાળા'માં કુંવરબાઈ અને મહેતાજીનો જે સંવાદ છે તે પણ, આ પ્રેમને અંગે. જોવા જેવો છે. જુઓ ન૦ કાવ્યસં૦ પદ ૬૭...(પાનું ૨૫).

દૂર **થકી** [सं. स्थित, प्रा. थक्कइ?] દૂરથી આવતી **દીકરી** [सं. दारिका] ને **દીઠી** [सं. दृष्ट] જોઈ; અને ભાવભીના થઈ પ્રભુ સમર્યા, તે પુત્રીના ધન્ય દિવસની દુવા દેતાં ને મોસાળું કરવાની—ત્યાર સુધી લાજ રાખી તેમ આગળ પર રાખવાની—પ્રાર્થનાપૂર્વક. જુઓ કડી ૧૨૫.

૧૯૨-૨૧૨. મહેતાજીના અનુપમ પ્રેમના ઉત્તરમાં દીકરી જે વાગ્બાણ ફેંકે છે તે કવિની ભાષાશક્તિ અને વર્ણનની છટાનો નમૂનો છે. પણ તેમાં અતિરેક થયો છે ને તેથી ઔચિત્યભંગનો દોષ આવી જતો લાગે છે.

૧૮૮. નયણાં [सं. नयन] ભરીને = પ્રેમનાં અશ્રુવાળી આંખો સાથે શાણી કુંવરબાઈ પિતાની નિર્ધનતા રડે એ તો ઠીક; પણ 'કાંઈ ઉદ્યમ નવ કરો' એવું મહેણું મારે, ને આગળ વધીને તેમના પ્રેમ પર માના પ્રેમને ઉલ્લેખ, ને છેવટે કહે, 'ન હોય તો જાઓ ફરી' — આ વર્ણનરસ જમાવવાની લહેરે ચડી ગયેલા કવિએ અતિરેક જ કર્યો કહેવાય.

પણ છૂટી કડીઓ લઈએ તો ૨૦૩–૨૧૧ કડીઓ મા-દીકરીના અગમ્ય પ્રેમનું રમ્ય વર્ણન ગણાય.

૧૯૭. તુ૦ક૦ वरं वनं व्याघ्रगजादिसेवितं...न बंधुमध्ये धनहीनजीवनम् ।

૧૯૮. સંઘરો [सं. संग्रह] પાસે ધન એકઠું ન કરો, તો અવસર કેમ સચવાય?

૧૯૯. વ્યવહારદક્ષતાની આ શીખ ઘરસંસારનું સૂત્ર જ ગણાય. પિતાને પુત્રી એ આપે છે, તેથી વધુ સારું મહેતાની સંસારવિમુખ વૃત્તિ બતાવવા બીજું શું હોય?

૨૦૦. નાડાછડી, મોડ [सं. मुकुट, પ્રા. मउड]ને કુંકુમપડી તદ્દન જરૂરની પ્રાથમિક સામગ્રી અને બહુ કીમતી પણ નહિ. તેય નથી લાવ્યા!

૨૦૨. 'હું શે ન મૂઈ'...તદ્દન સ્વાભાવિક દુઃખોદ્ગાર. એટલા ઉદ્ગારથી, પછીની કડીઓ કરતાં, ભાવ ઘણો વધારે બતાવી શકાયો છે. પછીની કડીઓમાં કાવ્ય વધારે છે.

૨૦૪. બીજી સ્ત્રી કરવાથી બાપની સગાઈ ઊતરે ખરી. મા વગર બાપ કાંઈક રીત કરવા તરફ ઓછું ધ્યાન પણ આપે, એમ બને. છતાં સગાઈ તો ન જ ઊતરે. દુઃખમાં અતિકથન કરે છે?

૨૦૫. આથમતા [सं. अस्तं इ=અસ્ત પામવું] રવિનું ઊતરતું — ઓછું થતું તેજ.

૨૦૬. સુરભિ [સં.] ગાય; તેનું **વચ્છ** [सं. वत्स] વાછડું. **તલકે** [अ. तलब=ઇચ્છા] તલસે, ટળવળે.

૨૦૭. ટોળા વછોઈ [सं. विश्लिष्ट ? हिं. बिछोय=છૂટું પડવું તે] ટોળાથી વછૂટી ગયેલી — છૂટી પડેલી. 'વિછોઈ' પાઠ પણ મળે છે.

૨૦૯. કીકી [सं. कनीनिका ?] એ લોચન — આંખના ડોળાનો મુખ્ય — કાળો ભાગ જેમાં જોવાની શક્તિ રહેલી છે.

૨૧૨-૪. કુંવરબાઈના આ બોલની સાથે નાગરોનાં અગાઉનાં મહેણાંટોણાં યાદ કરો. તેમાં મજાકનું હાસ્ય અને લોભનો કરુણ હતો, તો આમાં દુઃખની બળતરા અને પ્રેમનો પ્રકોપ છે. બાહ્યતઃ બેઉ સરખાં જ છે. દીકરી પરના પ્રેમથી ને નાદાન અજાન જાણીને જ આ દારુણ ઠપકો સહ્ય બની શકે. એથી જ અપાર પ્રેમથી ભરેલી પછીની કડીઓ ભક્તના હૃદયને સમજવામાં મહત્ત્વની છે.

૨૧૬-૭ મહેતાને વિશ્વાસ છે કે, શામળિયો મોસાળું કરશે જ. એ વિશ્વાસ ભોળી દીકરી માટે ચેપી બને છે.

વસ્ત વસ્તુ. 'સમસ્ત' સાથે પ્રાસ માટે કવિછૂટ.

આસામી [फा.] વ્યક્તિ; પહેરામણીનું જે જે ઘરાક હોય તે બધાં માણસ.

૨૧૯. 'હું' 'શું'ના પ્રાસ માટે જ કવિછૂટ ગણી 'હું' ચાલે, બાકી 'મને' જોઈએ.

૨૨૦. ફાંસુ [सं. पांशु=ધૂળ ?] નકામું; વ્યર્થ.

૨૨૧. મહેતાના મામેરાના બેહાલ વર્ણવવા કવિએ આ કડીને ધ્રુવપદ જેવી સચોટતા અર્પી છે.

અને ખરેખર મહેતાજી કરે છે પણ એ જ. ફેર માત્ર એટલો પડે છે કે, તેથી છાબ પુરાય છે!

ઊભો [सं. ऊर्ध्व, प्रा. उब्भ] રહીને, શબ્દશઃ **અને** અર્થતઃ એઉ રીતે 'શંખ ફૂંકશે.'

૨૨૩. વડસાસુ એ વહુવરનો સંવાદ સાંભળી એમ (હવે પછીના કડવામાં આવતી વાત) વિચરે છે. વડસાસુ તે શ્રીરંગ મહેતાની મા. ઘરમાં 'ઘણું ભારે માણસ' ગણાય જ.

कडवुं ६

"આ આખા કડવામાં આછો હાસ્યરસ બહુ છે. જેમ વરાળનો બાચકો ભર્યાથી તે હાથમાં આવતી નથી, તેમ હાસ્યને ગંભીરાઈથી નિહાળ્યે તેના રસનો અનુભવ પમાતો નથી. સ્થિર ચિત્તે કવિના તરંગને વશ થઈને બેસવું એ સઘળા રસ જમાવવાનો ઉત્તમ માર્ગ છે." —નવલરામના ટિપ્પણમાંથી.

૨૨૪. 'ઘણું ભારે માણસ'—આ અન્યોક્તિ સચોટ ને સફળ છે. એક ચરણમાં એકવચન ને પછી બહુવચન એમાં સરસ જોર પૂરે છે! **'પરમ'** કટાક્ષમાં. વડસાસુના વચનને 'પરમ' વિના બીજું કહી કહેવાય? પછી **ભલેને** ધૂળ જેવું હોય.

૨૨૫. વડી વહુવર—મોટી વહુ; શ્રીરંગ મહેતાની પત્ની; કુંવરબાઈની સાસુ. વડસાસુને તો એઉ વહુ; તેમાં મોટી ને નાની એમ પછી ભેદ કર્યો છે.

૨૨૬. ખોટ [प्रा. खुट्ट=ખૂટવું] બાકી; તોટો.

૨૨૭. પહેરામણી [सं. परिधा, प्रा. परिहा=પહેરવું] કન્યાપક્ષ તરફથી અપાતી ભેટ. સામાન્યતઃ વસ્ત્ર કે જણસ પહેરાવાય; ધન પણ અપાય છે.

'નાગરી ગોઠ'=નાગરી નાતની રીત પ્રમાણેની આખી વાત અથવા નાગરને છાજે તેવી વાત. શ્રી. આવસથ્થી પોતાના

ટિપ્પણમાં 'ગોઠ'ની આવી વ્યુત્પત્તિ બતાવે છે: 'પહેરામણી કરતી વખતે જ્ઞાતિમાંથી પોતાનાં સગાંસંબંધી તમામ ઇષ્ટ-જનોને નોતરીને તેમની સાથે વાતવિનોદ કરવાનો જૂના વખતથી રિવાજ ચાલ્યો આવે છે, અને એ બધા આપ્તજનો કે ઇષ્ટજનોને વેવાઈ તરફથી પહેરામણીનાં કપડાં અપાય છે. તે પરથી પહેરામણી માટે મળેલી મિજલસને હજી પણ 'અષ્ટ-ગોષ્ઠિ' કહેવાનો ચાલ છે.'

નવલરામ પોતાના ટિપ્પણમાં અર્થ આપે છે, 'શરમ વિના કહી દેવું, માગી લેવું.' 'રોકડી વાત કરો' એવો અર્થ બતાવે છે. અને કહે છે, "ભાષામાં એ એક કહેવત છે. પણ શહેરમાં દરેક વસ્તુની રોકડી કિંમત આપવી પડે છે અને ગામડાંની પેઠે માગીતાગી મળતી નથી તે ઉપરથી એ નીકળેલી કે સાધારણ લોકો માને છે તેમ નાગર બ્રાહ્મણના તોછડાપણા ઉપરથી નીકળેલી, એ કહી શકાતું નથી."

બેઉ અર્થ શક્ય છે ને એકના પુરાવામાં ચાલુ ટાંક્યો છે ને બીજામાં કહેવતરૂપતા; છતાં પહેલો અર્થ સારો ને સીધો લાગે છે, જોકે 'ડાસીએ ડાટ વાળ્યો' ૨૫૦ કડીમાંથી બીજો અર્થ પણ ઘટાવવા આધાર તો મળી રહે.

૨૨૯. બેઠી મજાક કરવાની નાગરની શક્તિનો નમૂનો ગણાય. ભોળી કુંવરબાઈ કદાચ ડોસીનો બેઠો કટાક્ષ નથી સમજતી. છેવટે જાણે ઝબકીને જાગતી લાગે છે – 'ડાસીએ ડાટ વાળ્યો; મીઠાબોલી પરમાર્થી થઈને, નીકળી મોટી કાતી!' જુઓ કડી ૨૫૪-૨૫૭.

૨૩૦. 'સે' સાત' ક્રમ પદ્યમાં જ ચાલે. આમ 'સાત સે'ની પેઠે તોડચાના બીજા દાખલા પણ કાવ્યમાં છે તે નોંધો.

૨૩૧. વાંકડિયાં ફોફળ [सं. पूगफल, प्रा. पूअफल= સોપારી] વાંકડિયાં—વાંકડાં, વાંકાં સોપારી. આ કોઈ સારી જાતનાં સોપારીના ખાસ આકાર પરથી હશે?

નાગરોની મોટી નાત મળે, એટલે વહેંચવાને વીસ મણ તો જોઈશે. એમાં વધારે કાંઈ નથી.

૨૩૨. પાંચ જાતનાં વસ્ત્રના એટલે ભાત ભાતના પચીસ વાઘા [हि. बागा]—અંગરખા જેવા જામા.

ચાર ચોકડી, એટલે કે સોળ તાસ=તાસતો કે તાફતો [फा.] યા 'ટાફેટા' કહેવાતું એક રેશમી કપડું.

૨૩૩. પંદર કોડી, એટલે ૩૦૦ **પછેડી,** પિછોડી [તુ૦ ક૦ हिं. पिछौरी] દુપટ્ટો—ઓઢવાની ચાદર. આજ જાડી ચાદર માટે જ 'પછેડી' આપણે વાપરીએ છીએ. **પટોળું** [सं. पटोल] ખાસ વણાટનું ઉત્તમ ગણાતું એક રેશમી વસ્ત્ર (સ્ત્રીઓ માટેનું).

૨૩૪. મુગટો [તુ૦ક૦ हि. मुगटा] અબોટિયા તરીકે વપરાતું એક રેશમી વસ્ત્ર; **શણિયું** તેવું શણનું વસ્ત્ર.

૨૩૬. જરકસ [फा. जरकश] જરીની-કસબની **સાડી,** [सं. शाटी, प्रा. साडी].

૨૩૭. છાયલ ભાતીગર સુતરાઉ સાડીની એક જાત.

૨૩૮. ઘર-સાડી ઘરમાં પહેરવા જેવી સાદી—સામાન્ય સાડી, ૨૦૦-૪૦૦ લખો.

ઘાટ—ઘાટડી; એક જાતનું રેશમી સાલ્લાનું કપડું.

૨૩૯. મોરવી—મોરની ભાતની એક જાતની સાડી. **ટૂંકડી**—નાની. **છીંટ** [सं. चित्र=ભાતવાળું]. **નાટ** એક સુતરાઉ સાડી.

૨૪૦. મશરૂ [अ.], **ગજિયાણી** ને **દરિયાઈ** કમખો કે કાપડું કરવાનું રેશમનું કપડું. તેનાં ૫૦ **થાન**—તાકા.

૨૪૨. શેલુ' પુરુષનું ને **સાળુ'** [फा. शाल?] સ્ત્રીનું, શાલના જેવું કીમતી વસ્ત્ર.

તેલ અને પાનનો શો આંક હોય? એ તો સભા પ્રમાણે જોઈએ તે જોઈએ. તેની ગણતરી ન હોય.

૨૪૪. જમાઈ [सं. जामातृ] ને ઘટે તે આપો ને સોળ શણગારનાં લાડ [सं. लालन] તમને લડાવે, એમાં અમારી ઉપર શો પાડ [सं. प्राभृत=ભેટ; નજરાણું?] એ તો ન લખાવ્યેય કરે જ ને! અમારી યાદીમાં તે ન ગણાય.

૨૪૬. વસ્તુઓ ઉપરાંત રોકડ તરીકે **હજાર મહોર** [फा. हजार मुह्र=છાપ; સિક્કો] પહેરામણીમાં કરતાં ક્ષોભ પામે - - ગભરાય છે, કેમ કે તે જૂજ છે તેથી!

૨૪૭. 'ધમ' એટલે ધર્મ્ય—ધર્મ પ્રમાણે, રીત મુજબનું એમ અર્થ છે. **ઘરડાં** [हिं. जरडो, सं. जरठ] વૃદ્ધજન— વડીલો ધર્મ બહાર જવાનો અવિવેક ન કરે. તે સમજે કે ઝાઝો લોભ ન શોભે.

૨૪૮. લખ્યાથી અદકું - -અધિક કરો તો તમારા ઘરની શોભા થાય.

૨૫૦. ભારે **પહાણ** [सं. पाषाण] પથરા લખાવી યાદીની વિફલતા દેખાડવા ચાહે છે. લખાવ્યું તો ખરું, પણ આપવાનો છે શું — પથરા!

૨૫૧. છેવટે 'ઘણા ભારે માણસે' લેખન-પુરુષાર્થમાં ઠીક 'નિષ્કામતા' બતાવી!

૨૫૨. ૨૨૪મી કડીના 'ઘણા ભારે માણસ'ને અહીં 'વિકરાળ' વર્ણવ્યું છે. કારણ પછીની કડીમાં છે જ, જેનું વિવરણ કડવું ૭મું હવે આવે છે.

ફાળ [सं. लंफ=ફલંગ?] પડી — ધ્રાસકો પડ્યો.

૨૫૪. ડાટ વાળ્યો = ગજબ કર્યો; ખલાસ કરી મૂક્યું; સત્યાનાશ વાળ્યું.

૨૫૫. કાંઈક સામાન્ય અપાય એવી યાદી હોય તો પિતા વળી જોઈ લઈ શકે ને મામેરું થયું કહેવાય, એ જાતના સંભવથી હૈયામાં હરખ છે. કુંવરબાઈ કેવી ભોળી છે!

વેરણ [સં. वैरिणी] શત્રુ.

૨૫૬-૭ સ્વાર્થબુદ્ધિ છતાં વિવેક અને પરહિતચિંતા દાખવવી એ લક્ષણ ઘરડાંમાં કેટલીક વાર નજરે પડે છે. આ કડવાની ડાસી એવા વર્ગની પ્રતિનિધિ છે. ૨૫૭મા લીટી પર નવલરામ નોંધ મૂકે છે: 'આ કડીમાં કેટલીએક ડાશીઓનું બરોબર ચિત્ર છે.' હિંદુ સમાજનાં આવાં આવાં કેટલાંક પ્રતિનિધિ-ચિત્રો કવિએ આલેખ્યાં છે એમાંનું આ એક ડાશીનું ચિત્ર છે. 'મામેરા'નું વાસ્તવનિરૂપણ ભારે પ્રભાવિત છે.

૨૫૬. 'મીઠા-વચની', 'થોડાબોલી' કયા સમાસ કહેવાય? મીઠાં વચનો (કર્મધારય)+इन्? 'બોલો; બોલી; બોલું' એ ગુજરાતી 'બોલવું' પરથી ઉપપદ સમાસના અંતનું પદ ગણવું? તુ૦ક૦ વાંકાબોલું જૂઠાબોલું ઇ૦

૨૫૭. કાતી -- 'કાતિલ'નું રૂપ કવિછૂટથી કરેલું માનવું?

૨૫૮. પંડ્યાને જૂનાગઢ મોકલાવી શકી, મહેતાજી આવ્યા, યાદી માગી — આટલે સુધી સખનું ચાલેલું ગાડું કુંવરબાઈને સંતોષે જ. એ સંતોષ અને બંધાયેલી આશા પછી અશક્ય યાદીનો ધ્રાસકો આ લીટી વ્યક્ત કરે છે: 'કહો, હવે શું થાશે?' 'થાશે' રૂપ કાઠિયાવાડમાં હજી પ્રચલિત છે.

વિપરીત [સં.]= ઊલટું. પોતે ધારેલું તેથી તૃતીયમ જ.

૨૬૧. ૨૫૯મી લીટીમાં દર્શાવાતી આશા તૂટવાનું માપ આ લીટી છે. પુત્રીવત્સલ મહેતાજીને કેવી કાળજે વાગે એવી છે? છતાં કેવી વહાલી લાગે એવી! કેમ કે, એની પાછળ પિતા-પ્રેમ છે. જુઓ એને મળતી પૂર્વની ઉક્તિ — કડી ૨૦૮. પણ ૨૦૮-૨૧૪ પંક્તિઓ?

૨૬૨-૪. એક બાજૂ યાદી ને બીજી બાજૂ મહેતાની તૈયારીનો અફાટ ગાળો બેદક રીતે મૂકેલો છે. એમાંથી બચવાનો માર્ગ એક જ છે — પિતાજી, તમે પાછા પધારો, નહિ તો આબરૂ જશે. તો પાછા ગયે શો ફેર પડે?

૨૬૫. 'ડાશીએ ડાટ વાળ્યો' અને 'ડાશીએ સારું કીધું' એ ધ્રુવપદ પિતાપુત્રીના માનસભેદનાં ટૂંકાં ને સૂચક શબ્દચિત્રો છે.

૨૬૭. દામોદરને શું દોહ્યલું [સં. दुर्लभ]— અઘરું છે? આપણ સંસારીની જેમ, પ્રસંગ આવ્યે, એને ઓછું જ કોઈને ત્યાંથી કરજે [अ. कर्ज=દેવું] કાઢવાપણું છે? — એ અર્થ.

૨૬૮-૯. હેતુવાદથી જેમની વિચારસરણી ઘડાઈ છે, એવા આપણા જમાનાને આ ભાવ બેવકૂફીનો નહિ તોય અકળ તો લાગે જ છે. છતાં હકીકત એ છે કે, અનેક ભક્તો એની સત્યતાને જીવનથી પુરવાર કરે છે.

૨૭૦. પંચાળી -- પાંચાલી, દ્રૌપદી, દુર્યોધનની સભામાં દુઃશાસન એમનાં વસ્ત્ર હરણ કરતો હતો ત્યારે પ્રભુએ ૯૯૯ ચીર પૂર્યાં — 'હોન ન દીધ ઉઘાડી' — એ પ્રસંગ કહે છે.

૨૭૧. વહાણું [दे. विहाण, सं. प्रभात के विभात] પ્રભાત, સવાર.

૨૭૨. સાસુ પણ કુંવરબાઈને (કડી ૭૩ મી) કહેતી, 'આવા વૈષ્ણવની દીકરી'! ફેર માત્ર શ્રદ્ધાનો જ હતો.

૨૭૪–૫. કુંવરબાઈ કેવી સરળચિત્ત છે! સાસરિયાંના સંગમાં હોય છે ત્યારે મૂંઝાય છે; અને પિતા પાસે આવતાં વિશ્વાસ આવે છે. પોતાના હાથમાં જેનો ઉપાય ન હોય ને કશી પરમશ્રદ્ધાનું ધારણ ન હોય, ત્યારેય મૂંઝાયેલા માણસનું આમ બને છે.

૨૭૮. અગાઉ ૨૦૪થી કડીમાં 'બાપની સગાઈ ઊતરી' એ ભાવને અનુલક્ષીને આ કડી ગણવી કે શું? સ્વતંત્ર રીતે પણ, મહેતાની ઉક્તિ અપાર પ્રેમપૂર્ણ છે, એનો દીકરીના દિલ પરનો આ પડઘો જ કવિ વર્ણવે છે.

હૈડું કે હૈયું [दे. हिअअ, सं. हृदय] હૃદય; મન; ઉર [सं. उरस्].

કડવું ૮

૨૭૯. કલિજુગ–સત્ય, ત્રેતા, દ્વાપર પછીનો છેલ્લો યુગ. તે યુગમાં સહેજે બુદ્ધિનું વલણ અનાસ્થા અને પાપ ભણી વળે, એમ મનાય છે. તેથી જ 'વૈષ્ણવની (કદર થવાને બદલે) ચેષ્ટા થાય'. ઉપરાંત વળી 'વાંકાબોલી નાગરી નાત'! કવિ 'માંકડાએ મદિરા પીધી' જેવા ભાવ જમાવે છે. નાગર-નાત પ્રત્યે કવિના ભાવ સખત કટાક્ષ અને ટીકાપૂર્ણ છે.

૨૮૦. 'ચીર્યાં તિલક'—વૈષ્ણવનું ઊભું એ પાંખિયાં-વાળું, તેથી 'ચીર્યું' તિલક.

'છાપા'— કદાચ તીર્થની છાપો અથવા સામાન્ય વૈરાગીઓ અંગ પર પાડે છે કે મારે છે તેવી.

૨૮૧. કોટિક [सं. कोटि+क] કરોડો, અસંખ્ય કંદર્પ —કામદેવો. કંદર્પ રૂપમણિ ગણાય છે.

૨૮૨. જેને જેની સાથે ફાવતું હતું તે તેની સાથે બેઠું, ફાવતાનાં ટોળાં કરીને સૌ ગોઠવાયું — એ અર્થ.

૨૮૩. નાહવા [सं. स्ना] માટે કકડતું–ખૂબ ઊનું જળ મેલ્યું [दे. मेल्लइ=મૂકવું] મૂક્યું.

૨૮૪. સુધન્વા પ્રસિદ્ધ વિષ્ણુભક્ત. પોતાના પિતાના એક રાજહુકમનો અનાદર કરવા બદલ તેમને આ **તાતી** [सं. तप्त] ખૂબ તપાવેલી **તેલકઢા** [सं. तैल+कटाह]માં તળવાની [सं. तलित, प्रा. तलिअ=તળેલું] સજા થઈ હતી. આખ્યાયિકા છે કે, વિષ્ણુએ પોતાના ભક્તને તેમાંથી બચાવ્યો. અને એમ મહેતા પણ આ કસોટીમાંથી ઊગરશે એવું સૂચન કવિ કરે છે.

૨૮૫. જેમ સુધન્વાને તળવા તાતી તેલ-કઢા **ઉકાળી** [सं. उत्कल्] તેમ મહેતાજીને છળવા વેવાઈ જળ ઉકાળ્યું.

છળવું='છેતરવું' સામાન્ય અર્થ છે. એક કોશકાર [સ્વ. બેલસરે] 'પજવવું, સતાવવું' અર્થ પણ આપે છે [તુ૦ ક૦ म. छळणें=કનડવું સતાવવું, ત્રાસ આપવો], તે અહીં લાગુ પડે છે. જોકે એવો અર્થ પ્રચલિત નથી. કદાચ આ દાખલા પરથી મરાઠી અર્થ બેલસરે સંઘરવા લલચાયા હોય.

કડી ૨૯૪ પરથી જાણવા મળે છે કે, આ પ્રસંગને મહેતાજીએ 'ઉપહાસ' માન્યો. 'છેતરવું' પરથી 'બનાવવું, ભૂલ ખવડાવવી, મજાક કરવી' એવો અર્થ કાઢી શકાય. 'તળવા' 'છળવા'નો પ્રાસ તો સરસ લાગે છે.

૨૮૬. ઉષ્ણોદક [सं. उष्ण+उदक] ઊનું પાણી—હાથ બોળ્યા વગર, જોયે જ જણાઈ જાય એવું કડકડતું છે.

સમોવવાને ટાઢું **પાણી** [सं. पानीय] **માગ્યું** [सं. मार्ग् કે मृग्=માગવું, યાચવું.]

૨૮૭. મર્મમાં વાગે એવું વચન તે મર્મવચન—મર્મવેધી વચન, કઠણ બોલ—બાણબોલ.

૨૮૮. માગ્યો **મેહ** [सं. मेघ, दे. मेहो] વરસે છે એવી લોકવાયકા મહેતાજીને વિષે ચાલતી હશે, તે પરથી મહેણું મારે છે. શા મામેરા કરવા પર સેવા માગો છો?—વેવાઈવર્ગમાં એવો ભાવ પણ માનવામાં હરકત નથી. જુઓ ઉતારાની સવડ પણ.

૨૮૯. મહેતાજીને બોલ હૃદયમાં વાગે એવા સતેજ સ્વમાનવાળા તે છે. ભક્તિ એટલે વેવલાવેડા નહિ, પણ ઉગ્ર સાધના છે.

બાજઠ [સં. पादपृष्ठ] નાહવા માટે જે આસન પર બેઠેલા તે. મહેતાજીની શક્તિ કરતાલમાં. એટલે તે મંગાવી.

૨૯૦. 'રાગ આલાપ્યો' એટલે ચીજ ગાવાની શરૂ કરતા પહેલાં તેની સુરાવટ બાંધી. તેના રાગના સ્વરો આ આ આ...કરીને ઉચ્ચાર્યા. અથવા રાગ ગાયો એ અર્થ પણ ચાલે.

૨૯૧. વ્યંગ-ઉચ્ચાર એટલે વ્યંગ ભરેલા ઉચ્ચાર કે ઉક્તિ અથવા બોલ.

મલાર રાગથી વરસાદ થાય એમ મનાય છે.

કડવું ૯

૨૯૩. 'તાળ વગાડી (કે) મેઘ ગાજ્યો' — એમ અન્વય. બરોબર **નેહ** [સં. स्नेह]— પ્રેમથી મલાર ગાયો. તેમાં શું ગાયું, તે પછીની લીટીઓમાં આપ્યું છે.

૨૯૬. હંસધ્વજ તે સુધન્વાનો પિતા.

૨૯૭. તારી કૃપાએ (તેલ) ટાઢું થયું; (અને એ રીતે) સુધન્વાને (તેં) સહાય કરી — એ અન્વય.

'સુધન્વાની સહાય'માં છઠ્ઠીનો પ્રયોગ દુરસ્ત નથી.

૨૯૮. હૂંડી – મહેતાજીના જીવનમાં અગાઉ ઈશ્વરે કરેલી સહાયનો ઉલ્લેખ આ છે. દ્વારકા જતાં જૂનાગઢમાં કેટલાક વાણિયાએ દ્વારકાની હૂંડી લેવા વિચાર્યું. કોઈએ દ્વારકાની હૂંડી ના આપી. એક મશ્કરા નાગરે કહ્યું, "આ નરસિંહ મહેતો જબરા શાખદાર છે, તે તમને જરૂર આપે." પરગામી વાણિયા જઈને મહેતાને કરગર્યા. મહેતાએ શામળશા શેઠ, દ્વારકા, ના નામની હૂંડી આપી. તે લઈ દ્વારકા ગયા ને ત્યાં

તે શિકારાઇ! તે પ્રસંગનું કાવ્ય પ્રેમાનંદ લખ્યુ છે, તે જોવા જેવું ગણાય.

'સં સાત' અગાઉ લીટી ૨૩૦માં પણ જુઓ.

શિકારી—સ્વીકારી. તે હૂંડી ૭૦૦ રૂપિયાની હતી.

૩૦૦. આ લીટીનો પ્રશ્ન ભક્તહૃદયને, ખરેખર, અતિ પ્રિય લાગે એવો છે. સમોવણ જેવું સહેલું કામેય નહિ કરો, તો અઘરું મોસાળું શી રીતે કરશો?

આખા મોસાળાના ચમત્કારનો જાણે આ નાનકડો પૂર્વ અંક ન હોય, એમ મહેતાજી બરોબર ફળી ગયા છે.

સમોવણ [प्रा. समोअर=સમાવું?] ઊના પાણીને જોઈએ એવું ટાઢું કરવા માટે ટાઢું પાણી ઉમેરવું તે.

૩૦૨. આભ [सं. अभ्र = આકાશ]માં વાદળની ઘટા [सं.] થઈ, તેથી ચારે દિશામાં બધું ઘેરાયું.

૩૦૩. વીજ [दे. विज्जु, ०ली, सं. विद्युत्] વીજળી.

૩૦૪. કારણ (=વાવાઝોડું) (ને તેથી) બહુ કાંકરા ઊડે —એમ અન્વય. પહેલું અંધારાયું; પછી ગડગડયું ને વીજ ચમકી; પછી પવનનો સપાટો ને તે સમાણા કાંકરા ઊડયા; અંતે મુશળધાર વરસ્યું.

૩૦૫. મહેતાની મજાક કર્યાના અપરાધની કવિ-શિક્ષા. ભક્તને નાહક રંજાડયાનું જાણે વેર લેવાયું એવો રસ વાચકને આવે છે.

પોકાર [दे. पु(–पो)क्कार] બૂમ, મોટેથી બોલવું તે.

૩૦૭. તમો સાધુ-શિરોમણિને અમે અજ્ઞાને ન ઓળખ્યા [सं. अवलक्ष्?]—એમ અન્વય.

૩૦૮. માન માગવું=રિસાઈને બેસવું કે ન માનવું. આ સામાન્ય અર્થ અહીં નથી. અહીં અર્થ 'કરગરવું, વીનવવું' એવો છે. બીજે પણ પ્રેમાનંદ આ અર્થમાં વાપરે છે.

૩૧૦. કવિ નાગરો પર જરાય દયા નથી ધરાવતા લાગતા! કેવું અવળું **માનસ** એમનું ચીતર્યું છે!

માવઠું [सं. माघ+वृष्टि] માહ મહિનાનો—કઋતુનો વરસાદ થયો.

૩૧૧. પ્રત્યક્ષ [सं. प्रति+अक्ष] નજર સામે—સગી આંખે દીઠા છતાં **પ્રતીત** [सं. प्रतीति] પતીજ કે વિશ્વાસ, **નાવી** [ન+આવી]—ન આવ્યો.—કળિયુગના અનુસારને લઈને, તેમના કળિયુગને લીધે.

૩૧૩. થાળ [सं. स्थाली=થાળી] ભગવાનને થાળ ધરાવતી વેળા ગાવાનું ગીત.

કડવું ૧૦

૩૧૪. આરોગાવ્યા=જમાડ્યા. 'આરોગવું' [दे. आरोग्ग=ખાવું] નો આ પ્રેરક પ્રયોગ વિચિત્ર લાગે છે. ક્રિયાનાથ તરીકે 'શ્રી વનમાળી' ન ઘટે. 'શ્રી વનમાળીને આરોગાવ્યું' વ્યાકરણશુદ્ધ; અથવા જો 'થાળી'ને ક્રિયાનાથ લઈએ તો 'આરોગાવી' જોઈએ.

૩૧૫. પૂરણ પ્રીતે—ખૂબ પ્રેમથી. **પ્રસાદ** [सं.] **લીધો** [सं. लब्ध, प्रा. लद्ध] જમ્યા. પ્રભુને જમાડીને જમ્યા' તેથી પ્રસાદ કહ્યાં છે.

૩૧૭. હવે મોસાળાની જે **ચાલ**—રીત કે **રસમ** છે તેને માટે તૈયારી કરો—એવો અર્થ. રીત, રસમના અર્થમાં 'ચાલ' બહુધા પુંલ્લિંગમાં આજે આપણે વાપરીએ છીએ.

૩૧૯. ઠાલી [दे. ठलिय=ખાલું, ઠાલું] **છાબ.** પહેરામણીને માટે આવેલી સામગ્રી એક છાબમાં પ્રદર્શન પેઠે રખાય છે ને પછી અપાય છે. અહીં છાબ ઠાલી જ મૂકવાની વાત છે! પ્રભુએ કરેલા ચમત્કારને આ બીના અજબ ઉઠાવ અર્પે છે. તો બીજી બાજૂ વહેવારિયાઓને એવું જ ઉઠાવદાર હાસ્ય!

૩૨૦. સમસ્ત [સં.] બધી—આખી નાગર તણી નાત સહકુટુંબ—તેમના કુટુંબ સહિત—નોતરે.

'સહુકુટુંબ' પાઠ ઘણે મળે છે. 'સહકુટુંબ' શ્રી. જાનીની આવૃત્તિમાંથી લીધો છે. સમસ્ત નાત સાથે એ પાઠ ઠીક બંધબેસે છે.

૩૨૪-૫. જુઓ કડી ૨૭૨મી ને તે પરની ટીપ. આ કડીઓ મહેતાજીની અટળ શ્રદ્ધાની સૂચક છે. કુંવરબાઈ જઈને તેડાં કરાવવા કહે છે. પણ સાસુ શું જોઈ કે સમજીને તેડાં કરવા કહેતી હશે? માત્ર તાલ જોવા? તેમાં તો પોતાનીય ફજેતી રહી છે. શું, ઊંડે ઊંડે કાંઈ કે થવાની આશા હશે?

૩૨૬. મર્મ-વચન—મર્મ—રહસ્યથી પૂર્ણ એવાં વચન. કડી ૧૮૫માં આ શબ્દ જુદા અર્થમાં છે.

૩૨૭. આ કડી કેવી કુંવરબાઈનાં મમતા અને હરખ ભરેલી છે! 'મારા' શબ્દ ધ્યાનમાં લો.

આ જગાએ સાસુ કશું બોલતી નથી એ કેવું! કદાચ, હવે બોલવાનો વખત નથી રહ્યો એમ! અને કવિએ, અગાઉ પીરસેલી પાર વિનાની મજાકો પછી, યોગ્ય સંયમ બતાવ્યો; નહિ તો અતિશયતાનો દોષ થાત.

૩૨૮. આખું [સં. अक्षत, प्रा. अक्खय] ગામ તો તાલ જોવાને લોભે જ મળ્યું એમ માનવું જોઈએ. નાગરો ટીખળી તો ખૂબ જ ને?

૩૨૯. મામ—મમત, અભિમાન.

૩૩૩. શંખ પૂર્યો=ઠાલી છાબમાં મોસાળું પૂરવા માટે શંખ ફૂંક્યો. 'શ્રીહરિને' વધારે શુદ્ધ પદ ગણાય.

આ કડવાને અંતે વલણ નથી, એટલે આ છેલ્લી કડીઓ તેની ગરજ સારતી જ મૂકી છે.

૩૩૬. મોસાળાના ઢંગ—મોસાળું કરવાના ઢંગ—રીત, પદ્ધતિ. શંખ વગાડ્યો એ પર આ કહે છે.

૩૩૭. ટોપીવાળા—સાધુવેરાગીની કાનટોપી પહેરેલ તે—મહેતાના સાથી વેરાગીઓ.

ટોપીવાળાને માટે શ્રી. આવસથ્થીએ એક ઉખાણું ટાંક્યો છે:

"ટોપી પહેરે ત્રણ ગુણ, નહિ વેરો નહિ વેઠ;
આવો આવો સૌ કહે, સુખે ભરે પેટ."

૩૪૧. મુખ મરડીને—વ્યંગાર્થ સૂચવવા માટે મોઢાની મુદ્રા મરડીને.

૩૪૩. 'છાની વાંકી વાત કરે, (જે) સાકરપેં ગળી (લાગે છે). મજાક અને કુથલીમાં સરખેસરખાની સભાને બ મજા પડે. તેથી તે સાકરથી ગળી લાગે.

૩૪૪. પરું [सं. पर ?] આઘું; દૂર.

૩૪૫ થી ૩૫૭. આ કડીઓ કાવ્યના વસ્તુપ્રવાહમ આડ-ફાંટો છે. કવિ નાગર સ્ત્રીઓનો શૃંગાર વર્ણવવા લલચાય લાગે છે. ૩૪૪મી કડી પછી તરત ૩૫૮મી કડીથી આગળ વાંચવામાં આવે તોપણ વચ્ચે કાંઈ ખૂટ્યાનો ભાવ નહિ રહે

૩૪૫. અધર [सं.]—નીચેનો હોઠ; તેની ઉપર **વેસરન** [सं. वेध+सर् ?]—વાળીનાં મોતી **સોહે** [सं. शुभ्, प्रा. सोह શોભે છે.

૩૪૬. સોળ શણગાર તે સ્ત્રીનો સંપૂર્ણ શણગાર પ્રેમાનંદે નળાખ્યાનમાં તે આ પ્રમાણે ગણાવ્યા છે:

"હવે શણગાર વખાણું સોળ, **અંજન, ચીર, હાર, તંબોળ**
ઊઠે સુગંધના કલ્લોલ, અંગે **અરગજાના** રોળ;
શીશફૂલ, રત્નરાખડી, શોભે ભમરમાં **ચૂની** જડી;

ગોફણો રહ્યો અંગશું અડી, **કટીમેખલાશું** પડે વઢી;
ગળુબંધ કંઠે નવરંગ, **મુક્તાહાર** છે એ સંગ;
. . . . ખળકે **કંકણુ ને કરચૂડી;**
વાજે **નેપુર** કેરો ઝણકો, અંગૂઠે **અણુવટનો** ઠણકો;
અંગુલીએ **વીછુવાનો** રણકો, બોલે મધુર **ઝાંઝરાંનો** ઝણકો.'

ચરણાં–ચરણિયા, ઘાઘરા.

૩૪૭. જોબન–મદ, યૌવનનો મદ, તેનાથી ભરી – ભરેલી: જુવાનીના મિજાજવાળી.

૩૪૮. લળકે છે [સં. લલ્ = લહેરથી ખેલવું] લળક લળક થાય છે — હાલે છે ને તેથી ચળકે છે.

૩૫૦-૧. આ લીટીને અંગે પાઠાંતરોની ગરબડ છે. ઘૂંઘટવાળી સ્ત્રી ઘૂમટો ખેંચતાં જે અંગભંગી કરે છે તેનું આ સાદું ચિત્ર છે. અને તે જ અહીં અપેક્ષ્ય પણ છે.

"કોઈ સમી રહી ઓઢે ચીર, સણગટ વાળે છે;
નારી નચાવે નેણ, સ્વામી ભાળે છે." ન૦

આ વર્ણન 'પતિને ભાળે છે' એમ કહે છે તે યોગ્ય નથી લાગતું. તેનાથી તો સાદું કથન 'અણિયાળાં લોચન કટાક્ષે ભાળે છે' એ વધારે ગ્રાહ્ય ને વ્યાપક છે. ઘૂમટો તાણવાની ક્ષણે 'ભાળે છે' એ જ સાચું વર્ણન લાગે છે.

સમીર [સં.] પવન કોઈનાં ચીર ઉરાડે; (સ્ત્રી તે સંભાળી) **શણવટ** [સં. शृंगार ?]–સણગટ કે ઘૂમટો તાણે છે. અને અણિયાળાં – અણીદાર, રૂપાળાં લોચન – આંખો છે, તેનાથી કટાક્ષે –વક્ર દષ્ટિએ જુએ છે. કેમ કે ઘૂમટો તાણે એટલે સીધું તો ન જોવાય.

૩૫૨. એટલે આજ સર્પાકાર છૂટી વેણી [સં.] ગૂંથાય છે એવી ? કે છૂટા વાળ જ ? 'છૂટા વાળ' તો બરોબર લાગતું નથી.

અંબોડો [દે. आमोड=લટ; જથો] વાળનો ચોટલો બાંધેલો તે.

૩૫૩. કડલાં (સં. कटक) ને કાંબી તે પગનાં ઘરેણાં છે.

૩૫૭. 'કોઈ લજ્જાળ વહુવારુ — નવી વહુ — નણદી પૂંઠે છે.' **પ્રસંગ** પર નવી વહુ જાય ત્યારે નણંદ સાથે જાય એમ આજ પણ ચાલે છે.

૩૫૮–૯. કોઈ (નાની) બાળાને શીખવીને બોલાવે છે; કેમ કે પોતાને એવું બોલતાં કદાચ ઠીક ન લાગે; અને બાળક-નું બોલવું બાલિશતામાં ખપે એ દાવ નીચે બોલ્યાનો આનંદ મળે. પછી વિવેક દાખવવા બાળાને વારી રાખે છે.

આ વાત વિવેકી નારની થઈ. કોઈ બીજી 'વાંકાબોલી નાર (પોતે જ) વાંકું ભાખે છે.' તેને તેમ કરવામાં શરમ અડતી નથી.

૩૬૧–૩૬૬. હાલી છાપ અને પ્રત્યક્ષ પ્રસંગનો નવો લાગ જોઈ કવિએ ઠીક પાછી કટાક્ષશક્તિ અજમાવી છે! કુંવરબાઈને બેઠી સળગાવી મૂકે એવા એ બોલ છે; અને તે નાગરોના મોઢામાં મૂક્યા છે.

શ્રીકાર – સુંદર, મજાની પરોળી — નાનું રૂપાળું પરોળું.
વહેવારિયા – વહેવાર કરી જાણનારા કે શાહુકારો.
પિયર-પનોતી – સબળા પિયરવાળી, ત્યાં ભાઈભાંડુવાળી
સાદર – ઇચ્છા, ઓરિયો
૩૬૯. સાન [સં. संज्ञा?] નિશાની, ઇસારો

कडवुं १२

૩૭૩. મહેતા ભજન કરે એ જોઈને નાગરને મન નવાઈ થાય કે, અહીં ભજનથી શું વળશે!

૩૭૪. વેદિયા (=બ્રાહ્મણ; અહીં નાગરો) તો વાંકાં વચન બોલતા જ રહ્યા; (જેવાં કે લીટી ૩૭૫). પણ મહેતા

તો માધવમાં ભેદી ગયા—તેમનામાં લીન થઈ ગયા.—એ અર્થ.

૩૮૦. 'મોસાળાની કરજે **ચાલ.**' તુ૦ ક૦ લીટી ૩૧૭.

૩૮૧. હું તો મોઢેથી કીર્તન ગાઉં ને જોડે હાથથી તાળ વગાડું છું. મારા તો એ ઢંગ છે. પણ તેને જ માટે નાગરી નાત **મને** નિંદે છે—હું દૂબળો એવું 'આળ બોલે છે.'—એ અર્થ.

'આળ બોલવું,' એ પ્રયોગ આજ કાલગ્રસ્ત છે. 'આળ મૂકવું, ચડાવવું,'=ખોટું તહોમત મૂકવું, આક્ષેપ કરવો, એ પ્રયોગ આજ ચાલે છે.

આળ [दे. अलग्ग ? કે सं. अलीक ?] જૂઠો આરોપ કે કલંક.

૩૮૨. લોકાચાર [सं. लोक+आचार]—લૌકિક રૂઢિ, રિવાજ દોહ્યલો [सं. दुर्लभ] છે—પાળવો કે પૂરો કરવો કઠણ છે.

૩૮૩. મારો **શેઠ** [सं. श्रेष्ठी, प्रा. सेट्ठि] માલિક તું; પછી પાપી સંસાર મને શું કરશે ? પછી મને શાની બીક હોય ? પછી સંસારનું શું ચાલી શકશે ?

૩૮૪. પ્રતિપાળો [सं. प्रतिपाल्] રક્ષો, રાખો, પ્રતિપાલન કરો.

૩૮૫. અંબરીષની કથા ભાગવતમાં આવે છે. તે સૂર્યવંશી રાજા હતો. તેને ત્યાં એક વાર ક્રોધમૂર્તિ દુર્વાસા ઋષિ આવ્યા. તે દિવસે રાજાને એકાદશીનું વ્રત પૂરું કરી સવારમાં પારણાં કરવાનાં હતાં. પણ મહેમાનને જમાડીને જ તેમ કરી શકાય, નહિ તો અતિથિધર્મ લોપાય. અને દુર્વાસા તો સંધ્યાપૂજામાં પડ્યા હતા. આમ રાજાને ધર્મસંકટ આવ્યું: એક બાજુ પારણાં કરવાં જોઈએ, નહિ તો વ્રતપાલનમાં ભંગ થાય; પણ તેમ કરે તો આતિથ્યધર્મ લોપાય ! તેમાંથી રાજાએ

પારણાં નિમિત્તે વિષ્ણુનું ચરણામૃત લઈ સંકટ ટાળ્યું. પછી દુર્વાસા આવ્યા. રાજાની હકીકત જાણી તે તો સ્વભાવ ઉપર ગયા ને રાજાને મારવા શાપશક્તિ વાપરી. પણ વિષ્ણુભક્તની રક્ષામાં સુદર્શન આવ્યું: દુર્વાસા તેના ભયના માર્યા આખું ત્રિભુવન દોડી મર્યા, પણ કોઈ દેવ પણ તેમને બચાવી ન શક્યો; અંબરીષની જ ક્ષમાથી તે બચી શક્યા.

ભગવાનના ગર્ભવાસો એટલે ધર્મરક્ષા ને સાધુત્રાણ માટેના તેના અવતારો.

૩૮૬. 'મચ્છ [प्रा.] તણા અવતાર' તે વિષ્ણુનો મત્સ્યાવતાર. તેની કથા ભાગવતમાં અને બીજાં પુરાણોમ પણ છે. સમુદ્રમાં ડૂબતા વેદને બચાવવા આ અવતાર થયેલો મનાય છે. ભાગવતમાં એમ બતાવ્યું છે કે, પ્રલયજલમાંથી રાજા, ઋષિ, વનસ્પતિનાં બીજ, પશુપંખીનાં નરમાદા વગેરેથી ભરેલી હોડીને બચાવી, જેમાંથી પછી પૃથ્વી પાછી જામી. તુ૦ક૦ બાઈબલની નોઆ પેગંબરની કથા.

શંખાસુર—વેદો તેની બીકે સમુદ્રમાં લપાયેલા. તેથી વેદના ઉદ્ધાર માટે વિષ્ણુએ આ અસુરને કાર્તિકી એકાદશીએ માર્યો ને વેદોને મુક્ત કર્યા. આમ એક પુરાણની કથા છે.

ભાગવતમાં શંખાસુરની વાત એ છે કે, સાંદીપનિ ઋષિના છોકરાને ગુરુદક્ષિણા તરીકે જીવતદાન દીધું તે, આ રાક્ષસને સમુદ્રમાં જઈને મારીને, એમ છે.

૩૮૭ કમઠ-રૂપ [सं. कमठ = કાચબો] કૂર્માવતાર. સમુદ્રમંથનમાં મેરુ-રવૈયા નીચે રહી કાચબે પીઠ દીધી, જેથી મંથન થઈ શક્યું ને ચૌદ રત્નો મળી શક્યાં.

મોરાર [सं. मुर — એક રાક્ષસ+अरि] મુરના શત્રુ—તેને મારનાર વિષ્ણુ.

ચૌદ રત્ન 'लक्ष्मी कौस्तुभपारिजातकसुराः धन्वंतरिश्चंद्रमा। गावो कामदुघाः सुरेश्वरगजो रंभादिदेवांगनाः। अश्वः सप्तमुखो विषं हरिधनुः शंखोऽमृतं॥'

કાઢવું [सं. कृष्, प्रा. कड्ढ]

મથીને [सं. मथ्] મંથન કરીને, વલોવીને

૩૮૮. હિરણ્યાક્ષ પૂર્વે વિષ્ણુનો દ્વારપાળ હતો, અને હિરણ્યકશિપુનો ભાઈ. **ધરણી** [सं.]–પૃથ્વીને તે પાતાળમાં લઈ ગયેલો. વરાહાવતારે હિરણ્યાક્ષને મારીને ત્યાંથી પાછી આણી પૂર્વવત્ સ્થાપી. પદ્મપુરાણ તથા ભાગવતમાં એની કથા મળે છે.

કાપવું [सं. कृप्, प्रा. कप्प]

૩૮૯. અજામીલ–ભાગવતમાં એની કથા છે કે તે મહાપાપી હતો. તેના પ્રિય પુત્રનું નામ નારાયણ હતું. મરતી વેળાએ તેણે 'નારાયણ' પોકાર કર્યો. તે પુત્રનામથી વિષ્ણુના દૂતો તેને વૈકુંઠ લઈ ગયા! અને નામમાત્રે પણ મોટી પદવી મળી! નામમહિમા બતાવવા માટે આ કથા પ્રખ્યાત છે.

સરખો [सं. सदृश, प्रा. सरिक्ख] જેવો, સમાન.

૩૯૦. પ્રહ્‌લાદ હિરણ્યકશિપુનો પુત્ર ને પ્રખ્યાત ભક્ત. નરસિંહાવતારરૂપે પ્રભુ પ્રગટેલા તે એને માટે. એની હાલલી વેળા તે તેના પિતા તેને ભક્તિમાંથી રોકવા જે અપાર ત્રાસ આપ્યા કરતા તે.

વહેલા [दे. वहिल्ल] જલદી, ઝપાટાબંધ.

૩૯૧. ધ્રુવ બાળ વિષ્ણુભક્ત. અપર માને વેણે દુભાઈને, વન જઈ તપ કર્યું ને નારદનો આપેલો 'ॐ नमो भगवते वासुदेवाय' એ બારાક્ષરી મંત્ર જપી પ્રભુદર્શન કર્યાં. વિષ્ણુના કહેવાથી પાછો તે ઘેર આવ્યો, ને લાંબો કાળ રાજ કરી છેવટે વિષ્ણુધામ ગયો. ધ્રુવ તારો એ ધ્રુવ છે, એમ મનાય છે.

અને અવિચળપણું એટલે જ 'ધ્રુવ.' સંસારમાં 'ધ્રુવ' વગરનું બધું ફરે છે.

૩૯૨. **પુંશ્ચલી** [સં.] વેશ્યા, ગુણકા. પોતાના પોપટને 'રામ' પઢાવતી [સં. पठ्=પઢવું], તે પરથી તેને વૈકુંઠ મળ્યું, એવી નામમહિમાની આખ્યાયિકા છે. તુ૦ક૦ અજામીલની વાત. પુણ્યશાળી લોકને લેવા જ વૈકુંઠમાંથી **વિમાન** [સં.] આવે એમ શ્રદ્ધાળુ લોક માને છે.

૩૯૩. **શબરી**—રામાયણમાં આવતી પ્રખ્યાત ભીલ ભક્તાણી. પોતાના આશ્રમમાં રામ આવે ત્યારે તેમને ખાવાને માટે તે બોર વીણી રાખતી. તે ખરાબ હોય તો? એટલે ભલી બાઈ જરા ચાખીને પસંદ કરતી! તેવાં **ઉચ્છિષ્ટ** [સં.] એઠાં બોર પણ ભક્તવત્સલ રામે ખાધાં, ને એમ શબરીનો ઉદ્ધાર કર્યો. 'શબરી'ના પ્રાસમાં 'બદર' [સં.]નું 'બદરી' કર્યું છે. બાકી 'બદરી'=બોરડી થાય.

૩૯૪. **વિભીષણ** રાવણનો ભાઈ. તે રામભક્ત હતો. તેથી રાવણને, તેના તરફથી અપમાન સહીને પણ, સીતા પાછાં આપવા કહેતો. છેવટે તેનો ત્યાગ કર્યો ને રામને શરણે ગયો. આટલા માત્ર પરથી રાવણને મારીને લંકાનું રાજ્ય રામે વિભીષણને આપ્યું હતું. કુટુંબ ત્યજી પ્રભુશરણ લેનાર તરીકે તુલસીદાસે તેનું બહુમાન કર્યું છે.

૩૯૫. **માછી** એ રામાયણમાં આવતો ગુહક નામનો માછીરાજ. રામચંદ્રજીએ સીતા લક્ષ્મણ સાથે ગંગા પાર કરી તે આ માછીની હોડીમાં. તે રામભક્ત હતો. તુલસીદાસે આ ગંગાવતરણ વેળાનો પ્રસંગ વર્ણવ્યો છે તે કહેવા જેવો. જુઓ તુલસી-રામાયણ, અયોધ્યા કાંડ, ચોપાઈ દોહરો ૧૦૧મો. અથવા 'કાવ્યપરિચય' ભાગ બીજામાં 'નાવિક વળતો બોલિયો' એ ભાલણનું કાવ્ય.

૩૯૬. ગજગ્રાહનું પ્રખ્યાત લોકપ્રિય આખ્યાન ભાગવતમાં આવે છે. **હાથી** [सं. हस्ती]ને **ગ્રાહે** [सं.] મગરે પકડચો. પોતાનું જોર વાપરતાં છતાં જ્યારે હાથીએ જોયું કે, કાંઈ વળે એમ નથી, ત્યારે એણે પ્રભુને પોકાર્યા. તેમણે તેને **મુકાવ્યો** [सं. मुक्त, प्रा. मुक्क–મૂકવું] છોડાવ્યો, ઉગાર્યો. એમ એ હાથીની દોહ્યલી વેળાના સાથી નીવડચા. 'નાથ કૈસે ગજકો બંધ છુડાયો' એ ભજન જુઓ.

૩૯૭. વામનાવતારની કથાનો આ ઉલ્લેખ છે. બલિએ પોતાના યજ્ઞબળથી ઇંદ્રાસન [सं. इंद्र+आसन]—ઇંદ્રપદ—લેવા ધારેલું. તેમાંથી વિષ્ણુ **બટુકવેષ** [सं. बटु–બાળક+–वेष] બાળકના વેષવાળા વામનરૂપે ત્યાં ગયા ને ત્રણ પગલાંમાં પૃથ્વી, સ્વર્ગ લઈ બલિને માત કરી પાતાળમાં ચાંપી દીધો. એમ ઇંદ્રાસન તે અસુરરાજ પાસે જતું **રાખ્યું** [सं. रक्ष्]—બચાવ્યું, રોક્યું.

૩૯૮–૯. **પાંચાલી** [सं. पंचाल+ई] પંચાલ દેશના રાજાની પુત્રી દ્રૌપદીના વસ્ત્રહરણના કિસ્સો. કૃષ્ણાવતારે તેમાંથી દ્રૌપદીને ઉગારી એ સર્વવિદિત છે. તેવું જ પછી ભારતયુદ્ધમાં અર્જુનનું સારથીપણું કરેલું તે પણ જાણીતું જ છે. સખાભાવે ભક્તિ કરનાર અર્જુન નવધાભક્તિના સખ્યના પ્રકારનો દૃષ્ટાંત ગણાય છે.

હાંકવું [दे. हक्क હાંકવું (૨)હાંક મારવી]

૪૦૦. **રુકમાંગદ**—નારદપુરાણમાં આની કથા આવે છે. એકાદશીવ્રત કરવામાં ભારે શ્રદ્ધાવાળો આ રાજા હતો. તે શ્રદ્ધાની કસોટી થવાનો પ્રસંગ એવી રીતે આવ્યો કે, બ્રહ્માએ મોકલેલી મોહિનીમાં તે લુબ્ધ થયો. તેણે રાજાને વ્રત ન કરવા કહ્યું અથવા તો પુત્રનું માથું આપવું એમ જણાવ્યું. અને દશરથ પેઠે તે વરદાન આપી ચૂકેલો હતો. તેણે તરત

પોતાના પુત્ર ધર્માંગદનું માથું કાપવા તલવાર ચલાવી. ત્યાં તો પ્રભુ પ્રત્યક્ષ થયા ને તેને મોક્ષપદ આપ્યું. 'રુકમાંગદને સંસારમાંથી તાર્યો'—એમ અન્વય.

હરિશ્ચંદ્ર સત્યને કારણે રાજપાટ ને છેવટે સ્ત્રી, બાળક અને જાત વેચનાર પુરાણપ્રસિદ્ધ સત્યવાદી રાજા. છેવટે પ્રભુએ તેને એ આકરી અગ્નિપરીક્ષામાંથી ઉગારી પાછો રાજપાટ-વાળો કરી, અચળપદ આપ્યું.

વહાર [प्रा. वाहर=આહ્વાન કરવું; બોલાવવું] મદદ

૪૦૧. ચંદ્રહાસ—જૈમિનિ અશ્વમેધ નામના ગ્રંથમાં એનું આખ્યાન મળે છે. કેરળ દેશનો તે રાજકુમાર હતો. શંખ નહિ પણ શાલીગ્રામ તે પૂજતો. નાનપણમાં માબાપ મરી ગયા પછી તેની એક ધાવે તેને પાળ્યો. તે પણ મરી ગયાથી જીવનમાં તેને અનેક વિટંબણાઓ પડી. એકલો રઝળતો ચંદ્રહાસ તે ભાગના રાજાના ધૃષ્ટબુદ્ધિ કરીને પ્રધાનના હાથમાં પડ્યો. તેણે તેને વનમાં મારાઓ મોકલી મારી નંખાવવા ધાર્યું. મારાઓને દયા આવી અને નિશાની ખાતર તેની એક વધારેની આંગળી હતી તે કાપી, તેને જતો કર્યો. આમ બચેલો તે ફરી પેલા ધૃષ્ટબુદ્ધિના પંજામાં આવ્યો. ત્યારે એણે તેને વિષ આપવા પેંતરો રચ્યો; પણ ભગવાનનું કરવું તે વિષને બદલે પ્રધાનની પુત્રી વિષયા જ એને મળી. જમાઈ થઈ બેઠેલાને પણ પ્રધાને દાઢમાં ઘાલેલો તે ન જ છોડ્યો: પુત્રીનું વૈધવ્ય પણ હોડમાં હોવા છતાં, ચંદ્રહાસને મારવા વળી મારા ગોઠવ્યા. ઈશ્વરનું કરવું, તેમાં તેને બદલે તેનો સાળો જ સપડાયો. આમ ત્રણ વાર તે ઊગર્યો. પુત્રવધથી પ્રધાન એવો દુ:ખી થયો કે તેણે આત્મઘાત કર્યો. આ કરુણ બનાવથી ચંદ્રહાસ પણ મરવા તૈયાર થયો. પણ દેવે તેને રોક્યો ને પ્રધાન તથા પુત્રને જીવતદાન આપ્યું.

૪૦૨. 'પિતાએ **પેણામાં** [दे. पइण्ण=વિપુલ; વિસ્તૃત ?] નાંખ્યો. (તેમાં) બળતો [सं. ज्वल्] તમે સુધન્વાને રાખ્યો' — અન્વય. આની વાત આગળ કહી છે. કડી. ૨૯૬-૭.

૪૦૩. મુરધ્વજ [सं. मयूर+ध्वज] — મોરધ્વજ રાજા. જૈમિનિ અશ્વમેધમાં આનું આખ્યાન આવે છે. તે રાજાએ અશ્વમેધ યજ્ઞ કર્યો હતો. કૃષ્ણ ને અર્જુન બ્રાહ્મણવેશે ત્યાં ગયા ને માગ્યું, "તારું જમણું અંગ અમને આપ." તરત તેણે કરવત ચલાવી અંગ કાપવા માંડ્યું. એમ **વહેરાતાં** [सं. विघट्, प्रा. विहड,–ल ?] છતાં, તે રજ પણ રોયો નહિ. આવી તેની ભક્તિથી કૃષ્ણ પ્રગટ થયા ને તેને આખો કરી પોતાનો કર્યો, ને મરણ પછી મુક્તિ — મોક્ષ આપ્યો.

૪૦૪. ખાંડવવનને અર્જુને બાળ્યું ત્યારે એક પક્ષીનો માળો ભયમાં આવ્યો. એ માળો નીચે પડ્યો ને ભોગજોગે તેની ઉપર ટોપની પેઠે ગજઘંટા [सं. गज+घंटा] — કોઈ હાથીનો ઘંટ પડ્યો ! એમ આગમાંથી તે બચ્યાં બચ્યાં એ ઈશ્વરે ખગ [सं. ख – આકાશ + ग – જનાર]ની ભક્તિ જાણી.

૪૦૫. 'આરોગ્યા ભાજી'— 'આરોગી ભાજી' સાચો પ્રયોગ. આવો જ પ્રયોગ આગળ લીટી ૩૧૪ માં છે ત્યાં જુઓ.

પાંડવો તરફથી કૌરવ દરબારમાં વિષ્ટિ કરવા કૃષ્ણ ગયા ત્યારે, 'દુર્યોધનના મેવા ત્યાગી', વિદુરને ત્યાં સાદી પણ ભાવની તાંદલજાની **ભાજી** [सं. भर्जिका, प्रा. भज्जिआ] ખાવા તે ગયા એ ઉલ્લેખ.

૪૦૬. કવિનું સુદામા-ચરિત જુઓ.

નવનિધિ — કુબેરના નવ ભંડાર મનાય છે. તે પરથી નવનિધિ = અખૂટ ધન કે સમૃદ્ધિ. નવ ભંડાર આ — 'महापद्मश्च पद्मश्च शंखो मकरकच्छपौ। मुकुंदकुंदनीलाश्च खर्वश्च निधयो नव'॥

૪૦૭. મઘવા [સં.]—ઇંદ્રના મનનો મદ હર્યો. શી રીતે? એની આખ્યાયિકા આમ છે: વૃંદાવનમાં ખૂબ વર્ષા થવાથી હેરાન થયેલા આખા ગોકુલને ગોવર્ધન પર્વતમાં કૃષ્ણે રક્ષા ખોળી આપી. એમ વર્ષાનો દેવ મઘવા ફાવી ન શક્યો — તેનો મદ ઊતર્યો, એ ભાગવતનો પ્રસંગ. લૌકિક માન્યતા એવી છે કે, તે વખતે કૃષ્ણે ગોવર્ધનને ઊંચો કરી તેની છત્રી કરી, તેની નીચે આખું ગોકુળ ભરાઈ રહ્યું! એ બરોબર નથી. જુઓ ભાગવતની મૂળ કથા.

૪૦૮. આ પણ વૃંદાવનનો પ્રસંગ છે. ગાયો ચરતી ચરતી દૂર જતી રહી, ત્યાં દાવાનળમાં ફસાઈ. તેમને કૃષ્ણે હિંમતથી અંદર પડી બહાર કાઢી હતી, એ ભાગવતની કથા જુઓ. જાણે દાવાનળ પી ગયા અને ગાયો બચાવી, એવો ચમત્કાર અહીં વર્ણવ્યો છે.

૪૦૯. કુબજા—કંસની કૂબડી દાસી. વૃંદાવનથી કૃષ્ણ મથુરા ગયા ત્યારે તેમને જોઈ **કુબજા** [સં. कुब्जा = કૂબડી સ્ત્રી] એવી ખુશ થઈ કે, કંસ માટે તૈયાર કરેલા ચંદનથી જ કૃષ્ણની **અર્ચા** [સં. = પૂજનમાં કપાળે ચંદન લગાડવું તે.] તેણે કરી! કૃષ્ણે તેનું કૂબડું રૂપ પલટી નાંખ્યું.

કૃષ્ણ કેવા છે કે કૂબડી સંગ પ્રીત કરી! એ લોક તણી ચર્ચા એમણે સહી લીધી, પણ ભક્તની કદર કરવી ન છોડી.

૪૧૦. મારા જેવા લાખો તમારા સેવક તમારે છે. તેથી કદાચ ભૂલો. પણ, હે દામોદર, તમે દક્ષ — ચાલાક, સમજુ છો. — એ અર્થ.

૪૧૨-૩. આજે 'પક્ષ' કેવો એમ બોલીએ છીએ.

'માથે દુઃખનાં વૃક્ષ' એ આજના 'દુઃખનાં ઝાડ માથે ઊગ્યાં' એ પ્રયોગનું પર્યાયકથન છે. ભક્તોની પ્રભુ જોડેની આવી આત્મીયતા ભજનોમાં આ જ રીતે બધા ભક્તોએ

લગભગ વ્યક્ત કરી છે, એમ કહેવાય. ખરા હૃદયથી જો એવો વિશ્વાસ હોય તો કેવી નિશ્ચિતતા ને સત્યનિષ્ઠા રહી શકે!

પક્ષ [સં.] બાજૂ; તરફદારી.

પ્રત્યક્ષ [सं. प्रति +अक्ष]નજર સામે; નજરોનજર.

૪૧૪. મારી જાત — હું પોતે. જાત = નાત અર્થ અહીં નથી. **જાત**=પંડ, દેહ [अ. जात = દેહ પરથી? કે सं. जाति ?]

૪૧૫-૬. દેવો પાસે કલ્પવૃક્ષ હોવા છતાં તેઓ જો પીડા પામે, તો કલ્પવૃક્ષને જ **ખોડ** [दे. खोड = ખોડું; લંગડું] લાગે. તેમ જો વૈષ્ણવની શોભા ગઈ, તો તમારી કળા ઝાંખી થઈ જાણજો.—તમારું તેજ ઘટશે.

૪૧૮-૨૦. હવે તો આખર આવી છે, એનું આ વર્ણન અસરકારી જોમવાળું છે.

પિંગાણી [सं. पिंगा=હળદર; કંકુનો રંગ] તેલની વાડકી. પહેરામણી આપતાં સેંથામાં તેલનો સ્પર્શ કરવામાં આવે છે, ને પિયળ કપાળમાં. તેથી પિંગાણી ને કંકાવટી હાથમાં છે.

વહોણી [सं. निर्हीन] વગરની, રહિત.

૪૨૨. આ લીટીથી પાછો ભક્તિનો ઊભરો કઢાય છે. હવે પછીના ઉલ્લેખો 'ભક્તમાળ'ને આધારે લાગે છે. ભાગવતના ઉલ્લેખો આની પહેલાં આવી ગયા.

૪૨૩-૪. સ્ત્રીઓમાં ફસાયા છો કે શું, એવો વહાલસોયો ટોણો ને 'લંપટ'ની ગાળ ભક્તોએ ઠીક ઠીક કૃષ્ણને આપ્યાં છે. બાકી સ્ત્રીને કારણે કૃષ્ણે કાંઈ કામ પોતાનું છોડયું હોય એવું એમનું ચરિત જોતાં નથી મળતું. પ્રાકૃત ભક્તિમાં આ ક્યાંથી ઘૂસ્યું હશે?

તેશું – તેમની સાથે મળી **રમણ** [सं.] રમવું તે, ખેલ – કરો છો? — એમ અન્વય.

આ બે કડી કેટલીક પ્રતોમાં મુદ્દલ નથી પણ મળતી. એ ન હોય તોપણ ચાલી તો શકે. વળી 'શર્વરી' તો છે નહિ, દિવસ છે. એટલે, પાઠાંતરની લીટીઓ, ઉપર કહેલો સામાન્ય થઈ પડેલો ટોણો ગોઠવી દેવા માટે પણ પાછળથી મુકાઈ હોય. 'લંપટ' [સં.] (વિષયાસક્ત, કામી) કહીને કરેલી વાત બહુ ગ્રામ્ય લાગે છે.

તેણે=તેને લઈને, તેથી. 'તેણ' નો તૃતીયામાં પ્રયોગ આજ કાલગ્રસ્ત જેવો ગણાય.

૪૨૬. કબીરના જીવનમાં કયા ખાસ ચમત્કારિક પ્રસંગને અનુલક્ષીને આ કડી છે તે સમજાતું નથી. કબીર વૈષ્ણવો જેવી ભક્તિવાળા નહોતા. તે એકેશ્વરવાદી અને વેદાંતી હતા. તેમના જીવનનો એ પ્રસંગ ઈશ્વરની કરુણાનો છે ખરો કે, ગુરુ રામાનંદે તેમને રામનામની દીક્ષા આપી. તે મુસલમાન વણકરને ત્યાં ઊછર્યા હતા અને તે જન્મે હિંદુ હતા. પરંતુ, કદાચ નિંદ્ય જન્મને કારણે, જન્મતાં જ ત્યજાયા હશે એમ મનાય છે. એવા કબીરને માટે પણ, કરુણા કરી, પ્રભુએ પોતાનાં દ્વાર ખોલ્યાં, એવો ભાવ ઘટાવવો જોઈએ.

'ભક્તમાળ'માં કબીર-ચરિત છે તેમાં કેટલાક ચમત્કારી પ્રસંગો છે કે જ્યારે પ્રભુએ પ્રત્યક્ષ થઈ એમનું કામ કર્યું. એ ધંધે વણકર હતા. એક વાર કાશીના બજારમાં કપડું વેચતા હતા ત્યારે એક સાધુએ તે માગ્યું. તેમણે તે આપ્યું; પણ પાછા ઘેર શે મોઢે જવું? ઘરવાળાં વઢે નહીં? તેથી તે બારોબાર જંગલમાં જતા રહ્યા. પણ પ્રભુ વણજારાને વેશે તેને ઘેર અન્ન નાંખી આવ્યા; અને પછી જંગલમાં બ્રાહ્મણવેશે જઈ કબીરને ઘેર મોકલ્યા.

૪૨૭. નામો હરજી—'ભક્તમાળ'માં આ નામદેવનું ચરિત છે. એક વેળા તેના દાદા વામદેવ પરગામ જતા હતા

ત્યારે ઘરમાં દેવને નૈવેદ્ય ધરાવવાનું બાળક નામદેવને કહેતા ગયા. નામદેવે કટોરો ભરી દૂધ નૈવેદ્યમાં મૂક્યું ને તે સરળ-ચિત્ત બાળકે માન્યું કે, પ્રભુ હવે તો પીશે! પણ પ્રભુ પીએ નહીં, એટલે એ તો અનશન લઈ બેઠો: 'તમે પીઓ તો જ ખાઉં. દાદાએ સોંપેલું કાર્ય બરોબર કર્યે જ છૂટકો. નહીં પીઓ તો હું ગળું કાપી અહીં મરીશ.' આખ્યાયિકા છે કે, પંઢરીનાથ પ્રગટ થયા, તેને ગળું કાપતો અટકાવ્યો, ને દૂધ પી ગયા! ધના ભગતનો રોટલો પણ પ્રભુએ આમ ખાધેલો એવું તેનું આખ્યાન છે.

મહારાષ્ટ્રી સંત નામદેવ તે આ જ? જોકે, ઉપરના ચમત્કારની હકીકત એમને અંગે મળતી નથી. નરસિંહ મહેતે પણ 'હારમાળા'માં નામદેવનો ઉલ્લેખ કર્યો છે. પાઠાંતર 'દામોદરજી' છે. તે ભેગું લખાય છે તેના કરતાં 'દામો દરજી', લેવું વધારે સારું છે. પણ દામો મહારાષ્ટ્રી નામદેવના બાપનું નામ મળે છે, અને તે દરજી હતા.

હારમાળામાં 'નામાનું છાપરું છાઈ આવ્યું' એવો ઉલ્લેખ છે.

૪૨૮. **ત્રિલોચન** વિષે 'ભક્તમાળ'માં છે કે, 'તે જાતે વણિક અને જ્ઞાનદેવ મહારાજના શિષ્ય હતા. . . . હરિભજન અને હરિભક્તોની સેવામાં સઘળો કાળ ગુજારતા. સ્ત્રી પુરુષ બે જણ હતાં. તેમને એક દિવસ એવી ચિંતા થઈ કે, કોઈ એવો ચાકર મળે કે જે હરિભક્તોની સેવા કરે અને ઘરમાં જોઈતી વ્યવસ્થા રાખે. પોતાના ભક્તની ચિંતા જાણી પોતે ભગવાન. . . રૂપ ધારણ કરી આવી પહોંચ્યા.' એમ ભગવાને સેવક થઈને દાસને ઘેર પાણી ભર્યું.

૪૨૯. કયા **કોળી** ભક્તને અભયદાન દીધું એ ખબર નથી. 'ભક્તમાળ'ના કોઈ ભક્તનું હશે એમ અનુમાન જાય છે. કે ગુહકે ગંગાવતરણ કરાવ્યું તેનો ઉલ્લેખ છે?

મીરાંબાઈના વિષપાનનો પ્રસંગ સર્વવિદિત જ છે.

૪૩૦. સેના ભક્ત 'જાતના હજામ અને રામાનંદજીના શિષ્ય હતા. એક દિવસે સવારસાંજ . . . રાજાના શરીરે તેલ-ફુલેલનું મર્દન કરવા જતા હતા, તેવામાં રસ્તામાં બે હરિભક્ત મળ્યા. તેમને લઈ ઘેર આવ્યા અને . . . રાજા પાસે જવાનું ભૂલી ગયા. પોતાના ભક્ત પર રાજા કોપાયમાન થશે, વાસ્તે આપ ભગવાન સેના ભક્તનું રૂપ ધારણ કરી રાજાને અંગે તેલ લગાવી નવડાવી પ્રસન્ન કરી ચાલ્યા ગયા.'

આમ 'ભક્તમાળ' કહે છે. '**વપન** [સં.] કરવા' ગયા એટલે હજામનું કામ કરવા ગયા, એમ સમજવું જોઈએ. **નાપિત** [સં.] = હજામ.

૪૩૧-૪. અહીં શરૂનાં સાધના વર્ણવતાં કડવાં યાદ કરો. 'ચોળા પર કાળું ન જાણતો'— એટલે કે અભણ હતો. **ઘાસ** [સં.] લાવતો ને **મહિષી** [સં.] ભેંસ ચારતો. — કંઈ ખાસ કામધંધો ન કરે ને ઢોર ચારે એમ આજ પણ કહેવાય છે.

૪૩૫. 'લોક મને ઉપહાસ બોલે છે'— મારી મશ્કરી કરે છે.

૪૩૬. ઠપકો દેતી ભાષા, હૃદયના ઐક્યને લઈને, ભક્તો વાપરે છે. પ્રેમના પરિપાકનું આ પરિણામ ગણાય.

૪૩૭-૪૩૯. સહાયના આ ત્રણ પ્રસંગો મહેતાના પોતાના જીવનના લાગે છે. દ્વારકાં જતાં એક વાર મહેતાને 'ઘણી ક્ષુધા લાગી, એટલે કૃષ્ણે આહીરોનો નેસડો બનાવ્યો' ને ત્યાં એમને ખીચડો [દે. खिच्च] જમાડ્યો.

'પાંચ હાથ કીધા' અને 'મધરાતે તરસ્યો જાણી પાણી પાયું' એ પ્રસંગો 'હારમાળા'ના છે એમ કેટલાક કહે છે. 'હારમાળા'માં જોતાં એ મળતું નથી. માંડળિકની તવાઈમાંથી ઉગારવા હાર આપવા ચતુર્ભુજે પાંચમો હાથ કરેલો એમ કહેવાય છે. અને મધરાતે પાણી પાયાનો દાખલો 'રાંગંગાજળિયા'માં છે.

ઓચ્છવની રમઝટ જામે પછી રતન મામી કહેવાતી એક બાઈ મહેતાને પાણી પાય, એવો ધારો હતો. એક વાર સિપાહીઓએ રતન મામીને કેદ રાખી. મહેતા તો પાણી પીએ જ નહીં. તરસે પ્રાણ સુકાતા હતા ત્યારે રતન મામીરૂપે પ્રભુએ પાણી આપ્યું!

૪૩૯. હૂંડી [સં हुड्=એકઠું કરવું? કે दे. हुड्ड=હોડ?] શિકારી (ને એમ કરીને) મને સાચો કીધો (એટલે કે, સાચો પાડ્યો)—એ અન્વય.

કોઠીવાળા—વેપારની કોઠી [प्रा. कोट्ठ–ખાસ આવાસ] કે પેઢીવાળા—શામળિયો શેઠ. હૂંડીની વાત છે તેથી પ્રસંગોચિત નામ વાપર્યું છે.

૪૪૧. આ કડીમાં ધમકી આપે છે એ દ્વારા પણ વાત્સલ્ય જ બતાવ્યું છે, જે ભક્તોને જ ગમ્ય છે. જુઓ કડી ૪૩૬ પણ. નાગર તો એવા વસમા છે કે ભગવાને પણ એમની બીક રાખવી જોઈએ! માટે સમજી લેજો.

કડવું ૧૩

[આ કડવું—પ્રભાતના રાગની કડીઓ પૂરતું—નરસિંહ મહેતાએ લખેલા 'મામેરા'માંથી છે, એવી હકીકત મળે છે. એ 'મામેરું' પુસ્તકરૂપે પ્રસિદ્ધ થયું લાગતું નથી.]

૪૪૪. ઉધ્રડકીને [प्रा. उद्धड, सं. उद्धत?]—ચોંકીને, ઝબકીને, સફાળો **ઊઠિયો** [सं. उत्थ, प्रा. उट्ठ].

૪૪૫. ચતુરા, ભામિની [સં.] સુંદર સ્ત્રી. **ચતુર્ભુજ** [સં.] ચાર ભુજાવાળા—વિષ્ણુ.

નષ્ટ—નાશ પામેલો, ખલાસ થયેલો. કે નઠારો? 'નષ્ટ' શું કામ? તેને બદલે એક જગાએ **'નિષ્ઠ'**—શ્રદ્ધાળુ કે આસ્તિક—પાઠ મળે છે. આ પાઠ વધારે સારો અર્થ આપે છે. નષ્ટ—નિષ્ઠાવાળા નાગરે મારી ગતિ—(ભક્તાધીનપણાની) દશા,

રીત, ચાલ જાણી એ અર્થ. યા નિષ્ઠાવાળા નાગરે મારી શક્તિ જાણી. પહેલો અર્થ વધારે સારો છે.

૪૪૭. ઘણા જન—લોકો નરસૈંયા આગળ હઠ કરે છે કે, તમે ભક્ત કહેવાઓ છો તો મામેરું કરી બતાવો. એટલે ગયા વિના સરશે નહીં—નહિ ચાલે.—એ અર્થ.

રિદ્ધિ [સં. ऋद्धि] અને **સિદ્ધિ** એ તમારી સખીઓ અથવા રિદ્ધિસિદ્ધિ અને સખીઓ લઈ અગ્ર—આગળ જાઓ.

૪૪૮. સારો—પહેરો, શણગારો.

૪૪૯. રીતભાતને અંગે જોઈએ તે બધું અને ઉપરાંત રોકડ રકમ, જોજો, ભૂલતાં.

૪૫૧. 'કોઈને સ્વપ્ને પણ ન પડે'—સ્વપ્નમાં પણ ન આવે. 'સ્વપ્ને પડવું' પ્રયોગ આજ નથી.

'નામ પણ ન જડે!' પછી કવિ જે પાર વગરનાં નામો આપે છે તે સાચે જ એવાં છે!

૪૫૨-૩. ઇંદ્ર બ્રહ્મા જેનો પાર પામે નહિ, (તેવો) લક્ષ્મી તણો નાથ, (નરસૈંયો) વદત વાણી મુખ બોલતાં, (અને) માગ્યે (એટલે કે માગ્યાની સાથે), એણી પેરે આવ્યો (અને) સંગ અગણિત ગાંઠડી આણી.—એમ અન્વય.

'માગે' પાઠ મળે છે. પણ જૂની જોડણીનો આધાર રાખવો બરોબર નથી. તે 'માગ્યે' અવ્યયી કૃદંત જ માનવું જોઈએ.

૪૫૪. પુરાણી—પુરાણ પુરુષ—પ્રભુ.

૪૫૬. નંદ સુનંદ તે વિષ્ણુના બે પાર્ષદ—દ્વારપાળ; ગરુડ એમનું વાહન. ત્રણે જણ હેલકરી થયા છે. વસ્ત્રના ગાંઠડા તેમને માથે છે.

૪૫૭-૯. ક્યાં મહેતાની વહેલ ને ક્યાં આ! કૃષ્ણની વહેલ તો નૌતમ છે ને ખાસ ઘડાવી છે. કવિ ગર્ભિત રીતે બેનો ભેદ સૂચવે છે. એમાં પણ મહેતાનું ગૌરવ જ ને!

લક્ષ્મીપતિની વહેલ આવી જ હોય. પણ તે નરસૈંયાના વાણોતર છે!

૪૫૭. નૌતમ [फा. नौ = નવું+सं. तम પ્રત્યય?] નૂતન.

૪૫૮. પરવાળાં [सं. प्रवाल] અને **ચૂની** [फा.] તે શણગારની ચીજો—એક જાતનાં હલકાં રતન.

૪૫૯. ધોરી [सं. धुरीय–ધૌરેય] બળદ અને તેની ઘૂઘરમાળ ધમકે છે.

૪૬૧. સર્વને જોઈ જોઈ વિસ્મય થાય છે, (ત્યાં તો) પ્રભુ મંડપ માંહી આવ્યા.—એ અન્વય.

૪૬૨. છડીદાર [सं. यष्टि + फा. दार પ્રત્યય] તે શ્રીરંગ મહેતાનો. મંડપના પ્રવેશદ્વાર પર ઊભો હશે તે. તેણે 'વાટ મુકાવી'=રસ્તો આપ્યો. કોઈ મોટું માણસ કલ્પીને સ્વાભાવિક રીતે તેણે આ કર્યું. એવા દોરદમામથી શેઠ આવ્યા, એમ સૂચન.

૪૬૬-૮. 'ભક્તિ એવી મોટી છે કે'—એટલું ઉમેરીને આ કડીઓનો અન્વય સમજવો. આ પ્રકારે ભક્તિનો મહિમા મહેતાજી પોતાનાં કાવ્યોમાં પણ ગાય છે. તુ૦ક૦, લીટી ૪૫૨–૩ પણ આવા જ ભાવની છે.

ખટ્દર્શન - ષડ્દર્શન: ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વમીમાંસા, અને ઉત્તરમીમાંસા કે વેદાંત.

ઉમિયા–વર તે ઉમાપતિ મહાદેવ.

જાગ [सं. याग] યજ્ઞ.

અણવાણે [सं. अनुपानह=ઉપાનહ – જોડા વગર] ઉઘાડે પગે. એવો મોટો દેવ પણ ભક્તના કામમાં ને ઉઘાડે પગે આવીને ખડો છે!

બજાજ [अ. बज्जाज] દોશીવાણિયો; કાપડિયો.

૪૬૯. પાઘડી અવળે આંટે શું કામ? કાઠિયાવાડી સાફો? કે શ્રી. આવસથ્થી કહે છે એમ, ઉતાવળે આવ્યા એનું

ચિહ્ન ? જોકે, જે ઠાઠથી આવ્યા છે એમાં તો કશી ઉતાવળ નથી જણાતી. મોજાં પણ ભુલાયાં નથી ! ૫૫૫મી લીટીમાં 'અવળા બંધ' આવે છે તે જ આ માનવી જોઈએ: અવળા વળની ને સારી ગણાતી હશે એવી પાઘડી કે સાફો.

૪૭૦. પ્રલંબ [સં.]—લાંબાં નેત્ર ઠેઠ કાને અડે તે રૂપાળાં ? બંગાળી કળાકારો તેથી લાંબી આંખો ચીતરતા હશે ?

૪૭૧. કાને [સં. कर्ण] ખોસેલી લેખણ ગુજરાતી વાણિયાની ધર્મધજા જેવી જ ગણાય. જોકે આજે એ હવે ગઈ છે.

દોશી [સં. दौष्यिक, प्रा. दोसिअ] કાપડનો વેપારી; બજાજ; વાણિયામાં આજે એક અટક પણ છે.

૪૭૨. ઝીણા [दे. झीण = બારીક, નાનું] પાતળા પોતના બારીક **જામા** [फा.] અને ભારે **પટકા** [સં. पट्ट] સાફા કે ફેંટા. બહુવચન છે તે જામા ને પટકાનું ભારેપણું બતાવવા પૂરતું માનવું જોઈએ. ઉપર વર્ણવેલા વેશમાં, હરિ **હળવે** [સં. लघुक, प्रा. हलुअ] મોટા માણસને યોગ્ય એવી ધીમી ચાલે ચાલતા ચાલતા પધારે છે.

૪૭૩. ખાંધે [સં. स्कंध] ખભે, નાથે–પ્રભુએ, પછેડી—દુપટ્ટો કે ખેસ ઓઢ્યો [दे. ओड्ढण = ઓઢણ] છે. અને ખેસના બે છૂટા છેડા હાથમાં ઝાલ્યા છે. છેડા એમ પકડીને કેટલાક રોફમાં ચાલે છે, એ દમામભરી ઢબે પ્રભુ ચાલે છે.

ધનવાન ગુજરાતી વાણિયાનું ચિત્ર કેવું યથાતથ છે !

૪૭૪. વીંટી [સં. वेष्ट्=વીંટી વળવું] અને **વેળિયાં** એટલે વેઢ તે હાથની આંગળીએ છે ને (પગે) સાદાં **મોજાં** [फा. मोज:] પહેર્યાં છે. મોજાં = મોજડીઓ ? કે કપડાનાં મોજાં ?

૪૭૫. 'કોણ' = કોએ, કોઈએ. 'કોણ' પ્રશ્નાર્થક સર્વનામનો આવો અનિશ્ચિતાર્થ ઉપયોગ સામાન્ય નથી.

૪૭૬. વાંશુંતર ઉપરાંત બીજા ઘણા સેવકો પણ સેવામાં **સજ** [સં. सज्ज] તૈયાર છે. 'સજ' તે 'ગજ' સાથે પ્રાસ ખાતર કવિકૃષ્ટ. ગજ લઈને મુખ્ય મુનીમ તરીકે ઓધવજી આવ્યા છે.

૪૭૮. નાગર સ્ત્રીનું રૂપનું ગુમાન ઊતર્યું એમ નોંધી નાગરીએ **મહેતા**નાં કરેલાં અપમાનોનો બંગ વાળે છે.

શશિયર [સં. शशी] ચંદ્ર અને **ભાણ** [સં. भानु] સૂર્ય જાણ્યે ઊગ્યા [સં. उद्गम्]!

૪૭૯-૮૭. લક્ષ્મીનું વર્ણન. **ભાલ** [સં.] કપાળ ભલું-રૂપાળું છે. આંખની **ભમર** [સં. भ्रू. प्रा. भमया] રૂડી **રાજે** [સં.]—શોભે છે. હાથે રત્ન જડેલી રાખડી **છાજે** [દે. छज्ज, સં. राज्]—શોભે છે.

૪૮૦. વિશાળ લોચન—મોટી આંખો ચંચળતાથી ચાલે છે. 'લોચન' સાથે 'ચંચળ ચાલે' લેવું ઠીક છે. ચાલવાને અંગે અહીં કથન અસ્થાને લાગે.

અને ગાલે શાં **ખંજન** પડ્યાં છે? હસે ત્યારે કેવા રૂપાળા ખાડા ગાલે પડે છે! રૂપની એક વસ્તુ એ ગણાય છે.

૪૮૧. અધર—ઓઠ **બિંબ** [સં.] જેવા **પરવાળી**—પરવાળાના રંગના—લાલ છે. **બિંબ** = ધિલોડું. સામાન્ય રીતે હોઠને ચીરેલા ધિલોડા સાથે સરખાવાય છે,—રતાશ અને લાંબા ધાટીલા આકારને લઈને.

૪૮૨. નવસર [સં. नव+सर = સેર; હાર] નવ સેરોનો (હાર).

૪૮૩. કટિ [સં.] કેડ ઉપર **ક્ષુદ્ર** [સં.]—ઝીણી **ઘંટાળી**—ઘૂઘરીઓની આવલી કે હાર—કંદોરો ઘમકે છે.

પહેરણમાં—પોશાક કે પહેરવેશમાં **ચંપકવર્ણી** [સં. चंपक+वर्ण+इन्] ચંપાના રંગની સાડી છે.

૪૮૪. વીછુવા અણુવટ તે પગનાં આંગળાંનાં ઘરેણાં.

૪૮૫. માયા—વિષ્ણુપત્ની, લક્ષ્મી **મહેતીનું** રૂપ

લઈને આવે છે. **મહેતી** — વાણિયણ, શેઠાણી એવો અર્થ સમજવો. જુઓ પછીની લીટી.

૪૮૬. અંબા [સં.] મા, જગદંબા લક્ષ્મી.

૪૮૭. લલિતા વિશાખા **ખવાસી** [अ. खवास = દાસ] દાસી છે; ભક્તિ અને ચારે મુક્તિ દાસી છે. ચાર પ્રકારની મુક્તિ: સાયુજ્ય, સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય.

લલિતા, વિશાખા, ભક્તિ ને મુક્તિ એ ચાર ખવાસી કે દાસી છે એમ પણ અર્થ ઘટાવી શકાય. તો 'દાસી' 'ખવાસી' પુનરાવર્તન કાવ્યછૂટ.

૪૮૯–૪૯૨. આ સંવાદ માનસ સમજવો કે બે વચ્ચેનો ખાનગી સમજવો. તેથી પછીની ૪૯૩માં કહે છે, 'સભા સહુ સાંભળતાં હરિ વચન બોલ્યા.'

૪૮૯. મારું નામ **પ્રગટ** — જાહેરમાં, ખુલ્લી રીતે ન લેશો.

૪૯૦. ભેટવું [दे. भिट्ट]=મળવું. જુઓ ઉપર 'મળિયા'.

૪૯૧. જો જો અમારી આવ્યાની વાત ચર્ચો–વાત કરો. અમારી ઓળખાણ ગુપ્ત રાખજો. **ખર્ચો** [फा. खर्च].

૪૯૨. રણછોડ [રણ=ઋણ+છોડ=છોડાવનાર] શ્રીકૃષ્ણ.

૪૯૩. ચાંપવું [સં. चप्=ગૂંદવું, દળવું?] દબાવવું.

૪૯૬. મીઠી — મધુર કે પ્રિય લાગતી બેટી.

૪૯૭. કડી ૪૭૮નું પુનર્કથન શું કામ? — નાગરણોનો અવિચારી અહંકાર ઠીક ઊતર્યો, હાશ! એમ કવિ સૂચવે છે?

હંકાર — 'અહંકાર'નું કવિછૂટથી ટૂંકાવેલું રૂપ.

૪૯૮. વેવાણ તો એવી ડઘાઈ ગઈ કે આવો બાઘો પ્રશ્ન પૂછવા લાગી!

૫૦૦. 'તમોએ શું (અમને) નવ **જાણિયાં**' — ઓળખ્યાં?

૫૦૧. ઓથ [दे. ओत्थअ=ઢાંકેલું] રક્ષા; ઢાંકણ; રાહત.

૫૦૨. 'લીજે', 'કીજે' 'લઈએ,' 'કરીએ'.

૫૦૪. 'લખ્યા પ્રમાણે'—મહેતે લખ્યા પ્રમાણે એમ સમજાય. સાસુની યાદી મુજબ, એ અર્થ. અદ્‌ભુત રસ અહીં સ્પષ્ટ છે.

૫૦૫. સાંસે ભરાણી—મહેતાની અદ્‌ભુત મોટાઈની એ વાત સાંભળી સૌ નાગરણો સાંસામાં—સંશયમાં ભરાઈ—સંશયમાં પડી ગઈ. આશ્ચર્યચકિત થઈ કે, આ વળી કયો સંબંધ!

૫૦૮. મહેતાને નરસૈયાને વનમાળી કહે છે. **સંભાળી**—સાચવીને, કોઈ રહી ન જાય ને ઘટતું ન ચુકાય એમ.

૫૧૦. જેમ લક્ષ્મીએ સ્ત્રી-સમાજમાં, તેમ શામળિયે પુરુષ-સમાજમાં આમ ભક્તાધીનતા દર્શાવી:

મામેરાનું કામ સોંપ્યું તે કર્યું. વળી, અમ વાણોતર સરખું બીજું કાંઈ કામ હોય તો તેય સોંપજો.

कडवुं १४

૫૧૨. ફરી સીમંતનો પ્રસંગ નહિ આવે અને પહેરામણી આવી મબલક કરવાનો પણ પ્રસંગ નહિ મળે, કેમ કે શામળિયો દેનાર થઈને બેઠો છે.

૫૧૪-૮. પોતે ફાવ્યાનો આનંદોન્માદ આમાં છે. સાસુને સપાટવાનો લાગ બરોબર લઈ લે છે. લોભી સાસુ વગર વિરોધે તે સહી લે છે. આવી જાતના અટાપટા ખેલવા હિંદુ સંસારમાં શક્ય છે ને તે પ્રેમાનંદે આ કાવ્યમાં સરસ આલેખ્યા છે.

૫૧૪. હાકીને [दे. हक्क=હાંક મારવી] હાંક મારીને, જોરથી, **ઓચરી** [सं. उच्चर्]—બોલી.

૫૧૭. કમાઈ [हिं. कमाना પરથી ?] કમાણી. **'દુર્બલ'** જુઓ કડી ૮૦.

૫૧૮. લખાવવામાં બહુ મર્યાદા રાખી, તેનો આ જવાબ?

૫૨૦. પિંગાણી તે સૌભાગ્યવતીના માથામાં ઘુપેલ

નાંખવાનો વિધિ કરવાને સારુ. **ઉમામહેશ્વર**=સ્ત્રી પુરુષ માટેનાં પૂરાં (આઠ) વસ્ત્ર. પુરુષનાં પાંચ—ધોતિયું, બંડી, અંગરખું, પાઘડી, ખેસ; સ્ત્રીનાં ત્રણ—સાડી, ઘાઘરો ને કમખો.

૫૨૧. ભીડ [दे. भिड=ભિડાવું; સાથે થવું] **ભાળી** [सं. मल—मालयते] જોઈને, પ્રભુએ પછેડીની **પલવટ** [सं. परिकटि]—કમરે કપડું બાંધ્યું; ભીડને પહોંચી વળવા કેડ બાંધી તૈયાર થયા. જુઓ કડી ૫૪૬.

૫૨૨. ગાંસડીની ગાંઠ છોડીને આવનારને વસ્ત્ર ટાળી આપે છે, એટલે કે, અનેક જાતનાં વસ્ત્રો છે તેમાંથી જેને જે ઘટે તે કાઢી આપે છે.

૫૨૩. પામરી [सं. प्रावर=ઉપરણું? કે 'પામીર' દેશ પરથી?] રેશમી ઝીણું વસ્ત્ર યા સારા ઊનની શાલ.

૫૨૫. વડીલોની સભામાં એવી મર્યાદા રાખવા કહે છે. ગોરગોરાણી પછી સસરા, પછી પતિ, બાદ જેઠજેઠાણી, પછી દિયરદેરાણી, નણંદ, અને સાસુ એ ક્રમમાં પહેરામણી ચાલે છે. આવે પ્રસંગે ક્રમ એ આદરસૂચક પણ હોય છે; અને તે પ્રમાણે ઘટતી ચીજ મળવી જોઈએ. તેમાં ભૂલ થાય તો રિસામણાં-મનામણાંની ગમત જામે છે. કવિ પોતાના આ કાવ્યના સમર્થ સામાજિક ચિત્રમાં તે રંગ પણ ચૂક્યા નથી.

૫૨૬. તુ૦ક૦ કડી ૫૧૨. '**પગલું** [सं. पद] **પાછું ભરો**'—પાછાં પડો, ખમચાઓ.

૫૨૭. આઠ વસ્ત્ર—ઉમામહેશ્વર. જુઓ ૫૨૦ કડીની ટીપ.

૫૨૮. બુસટિયો—અઘરણીવાળી સ્ત્રીને દિયેર કંકુવાળા કે દહીંવાળા હાથે લપડાક મારે એ વિધિ તે **બૂસટ**. તે કરનાર તે બુસટિયો કે લાપટિયો કહેવાય છે.

૫૨૯. નરસૈંયાનું આ વર્ણન સાસરિયાંનાં પૂર્વનાં કથનોની યાદ આપે છે.

૫૩૦. 'મહોર સોનાની' [सं. सुवर्ण, प्रा. सोण्ण] —સોનામહોર, સોનૈયો.

૫૩૧-૨. નણંદે સીમંતિની ભાભીને રાખડી બાંધવામાં બે તોલા [सं. तोल] સોનું આપ્યું. તેને તેના પ્રમાણમાં ન મળ્યું, એટલે રૂસણું લઈને પહેરામણી તેણે અટકાવી. તેથી કુંવરબાઈ પિતા કને આવી. એટલે દશ તોલા સોનું આપીને એને **સમજાવી** [सं. सम्+ज्ञा]—મનાવી, રાજી કરી. પહાણા લખાવનારી નણંદીને લોભથી રૂસણું લેતી બતાવી, નણંદીના મચ્છરનો પૂરેપૂરો બંગ વાળ્યો.

૫૩૪-૫. સાસુ છેડે કેમ? સસરા પછી તેની વારી કેમ નહીં હોય? સાસુ કદાચ એ ભૂલ ગળી ગઈ. પણ વડસાસુ કેમ ભૂલે? પહેરામણીનો અસ્વીકાર કરી તેણે સામે તુચ્છકાર કર્યો કે, 'હું પહેરામણી નહીં લઉં, જાઓ.'

૫૩૬. વડી [दे. वड्ड=વડું] **વહુવર**—કુંવરબાઈ નાની વહુવર અને તેની સાસુ, તે હિસાબે, વડસાસુને મન, મોટી થઈ. એટલે વડી વહુવર તે કુંવરબાઈની સાસુ.

કડવું ૧૫

૫૩૭-૮. વેવાણને વેવાણ જ મનાવે. એટલે લક્ષ્મીજીએ જ અવેજી વેવાણ થવું રહ્યું. **સારું**—સામાન્ય જાતનું નહિ પણ સારી જાતનું **ખીરોદક** [सं. क्षीर+उदक]—સ્ત્રીનું એક રેશમી વસ્ત્ર ડોસીને આપીને મનાવી.

૫૩૯. રામા [सं.] સ્ત્રી. દરેક મંગળ પ્રસંગે સ્ત્રીઓ ગીત ગાય છે. જયજયકાર થવાનું કારણ—રૂસણાની આંટી ગમે તેમ કરીને ઉકેલી તેથી.

૫૪૦. મંડપની સભાનાં આ વખાણ સાથે સરખાવો કડવું ૧૧મું. **બીજા** લોક તો ભામા—ફોગટના. 'બીજા'

'ભામાં' જો હોત તો 'બીજાં મોસાળાં' એવો અર્થ લઈ શકાત. 'રામા' જોડેના પ્રાસ ખાતર એ છોડયું હશે?

૫૪૨. 'સગવેડ'—'તેડાતેડ'ના પ્રાસ ખાતર ફેરફાર. દરેક સગો પાછો પોતાનાં સગાંની સગવડ જોઈને તેડાવવા લાગ્યો, જેથી તેને પણ કાંઈક મળે. સામાન્ય રીતે એટલા દૂરના સગાને ન મળે માની, નહીં તેડાવેલા તે હવે તેડાવે છે.

૫૪૩. મહેતાનો ખેલ જોવાને ઘણાં તો આવેલાં. નહિ આવેલાં તે, હવે મામેરું થાય છે જાણી, આવવા લાગ્યાં. થોડીક લીટીઓમાં લોભની ક્ષુદ્ર પડાપડીનો અચ્છો ચિતાર કવિ આપી દે છે. આ પડાપડી હાસ્યાસ્પદ સાથે કરુણ પણ છે. સામેથી મહેતાજી કે કુંવરબાઈ ગર્વ કે ટોણો નથી મારતાં એ ધ્યાનમાં લો. માત્ર સાસુને કહીને કુંવરબાઈ અટકી ગઈ. નણદી ને નાગરી નાત લોભે જ મરી ગઈ. બહુ મશ્કરીઓ કરનાર સ્ત્રીઓને જ હવે દોડાદોડી કરતી બતાવે છે.

૫૪૫. ચાર વર્ણનાં જે ચરણે ચાલી શકે એવાં હતાં તે બધાં મંડપમાં આવ્યાં—આખું ગામ જે શરૂમાં મહેતાનો ખેલ જોવા ગયેલું તે—સૌ કોઈ પહેરામણીનો અધિકાર ખોળી કાઢીને મંડપમાં આવ્યાં.

૫૪૬-૮. આ ત્રણ લીટીથી કવિ પહેરામણીનાં પાત્રોનો અચ્છો ચિતાર આપે છે. મહેતા ગાય છે ને તાલ વાય છે; ભક્તાધીન પ્રભુ કમર કસીને આપે છે; સાસુવહુ વ્યવહાર કરે છે. અહીં ૧૭૨-૩, ૩૩૭, ૩૬૨-૫ એ કડીઓ યાદ કરો.

પ્રભુએ પલવટ તો અગાઉથી જ વાળી છે (કડી ૫૨૧ જુઓ). ફરીનો આ નિર્દેશ આ ચિત્રના રંગ પૂરેપૂરા પૂરવાને માટે જ.

૫૪૯. આછાં [सं. अच्छ] અચ્છાં, સારાં અર્થ આજ 'આછું'માં નથી. બેલસરે આ અર્થ આપે છે. આજના અર્થમાં ઝીણાં, પોતદાર પાતળાં એટલે કે સારાં (શેલાં).

૫૫૨. કબાય કે કબા [अ. केबा ?] જામો; વાગો. 'નામ ન જાયે ગણિયાં.' જુઓ કડી ૪૫૧.

૫૫૩. મગિયું [सं. मुद्ग 'મગ' પરથી] મગના રંગનું ? એક વસ્ત્ર. **દોરિયા, અસાવળી** ૪૦ સાડીની જાતો છે.

૫૫૪. ગુચ્છ [सं.] ઝૂમખા, **પેચ** [फा.] શિરપેચ; ફેંટા પાઘડીમાં કલગી જેવું ખોસાતું છોગું. **તોરો** [अ. तुर्रह પાગડીનો કસબ] ખોસવાનું ઝૂલતું ફૂમતું કે ગુચ્છ.

આજ આ ચીજો ઉપયોગમાં નહિ હોવાથી ભેદ શો છે, એ સ્પષ્ટ નથી થતું.

૫૫૫. પાયજામો [फा.] ચોરણો અને **નીમો** [फा.] જામા નીચે પહેરાતું વસ્ત્ર : નાગરોમાં ત્યારે પહેરાવા લાગ્યાં હતાં. **જામો** [फा.] અંગરખું; ઝભ્ભો. **અવળા-બંધ**-વળદાર સાફા ? આજ કાઠિયાવાડમાં પહેરાય છે એવા ?

૫૫૫-૬૦. કપડાંની પહેરામણી પછી હવે આભૂષણો.

૫૫૭ બેરખો- [वि+रक्षा ?] હાથનું ઘરેણું—બેરખી. **વેઢ** [सं. वेष्टित, प्रा. वेढिअ] એક જાતની વીંટી. **છાપ**— સીલવાળી વીંટી.

૫૫૮. દુગદુગી [ડુગડુગી જેવી તેથી ?] કાનનું ઘરેણું.

૫૫૯. કંદોરો [फा. कमर કે सं. कटि+दोरो ?] કેડનો.

૫૬૧. પુરુષવર્ગની પહેરામણી પૂરી કરી. બાદ સ્ત્રી-સમૂહને પહેરામણીને માટે નોતર્યો.

પુરુષવર્ગમાં કવિ નામ આપવાની શરૂઆત કરીને અટકે છે; પણ સ્ત્રીવર્ગમાં તો જાણે રસે જ ચડેલા લાગે છે ! પ્રાસને અનુકૂળ નામો લઈ લઈને વર્ણનમાં કેવું જોમ અને ગતિ રેડયાં છે ! અને એ દ્વારા, 'ભારે પહેરામણી કરી, આખો સ્ત્રીવર્ગ ખરેખર તેડાતેડી કરીને દોડાદોડ કરતો આવ્યો,'—એવી સચોટ છાપ કવિ પાડી શકયા છે.

૫૬૨. પડેરામણી કરતી વખતે કંકુની પિયળ કાઢી પછી આપવાની વસ્તુ અપાય, એ રિવાજ છે.

નાના [सं.]=વિવિધ, **ભાત** [सं. भक्ति, प्रा. भत्ति=પ્રકાર] વિવિધ પ્રકારનાં **પટકૂળ** [सं. पट પરથી दुकूल જેમ?] સારાં કીમતી કપડાં.

૫૬૬. કલગેર—સ્ત્રીનું એક રેશમી વસ્ત્ર.

૫૭૬. આ લીટી પડેરામણી લેવાનો લોભ અને પડાપડીની ઝડપ ટૂંકમાં ઠીક દેખાડે છે. **હેઠે** [सं. अवस्तात्, प्रा. हेट्ठिल्ल] નીચે હેઠળ; **છૈયાં**-છોકરાં [सं शावक?]

૫૭૭. ગમે તેની ભલેને પડાપડી થાય; છાબની પાસે **છબીલો** [सं. छवि=સૌંદર્ય] સુંદરસ્યામ, પ્રભુ બેઠા છે પછી શી ચિંતા? તે જે જોઈએ તે એ અક્ષયછાબમાંથી કાઢયે જાય છે. એમ ભગવાનની અને ભક્તિની બલિહારી વાચક ભૂલી ન જાય.—એ કવિસૂચન.

૫૭૮. મજીઠિયા [सं. मंजिष्ठ] મજીઠના રંગના—લાલ. **કમખો** [फा. कमूख़ाब-કિનખાબ?] સ્ત્રીનો કબજો કે કાંચળી.

લાલ મજીઠિયા રંગના મશરૂને—કમખા માટે ગજથી [फा. गज़] ભરીને ફાડી આપે છે.

૫૭૯. પાટ [सं. पट्ट?] પનાદાર રેશમી કપડું. **અતલસ** [अ.] કમખો બનાવવામાં વપરાતું રેશમી વસ્ત્ર. **અંબર** [सं.] રેશમી કસબી સાડીની એક જાત.

'રંગે ચોળે ચીર'—રંગમાં લાલચોળ **ચીર** [सं.] સારી જાતનાં વસ્ત્ર. 'રાતું કે લાલ' જોડે 'ચોળ' વપરાય છે. 'ચોળે' રૂપ કયું? 'રંગે' જેમ વિભક્તિ-રૂપ? 'ચોળું' શબ્દ કલ્પી એ રૂપ બની શકે.

૫૮૦. સાડી ને ઓઢણી, કે જેમના **વાણે** [सं. वान-વણાટ] વાણામાં નવરંગી હીરના દોરા છે.

૫૮૨. દરિયાઈ [फा दरियाव्] દરિયા પારથી (ચીનથી?) આવતા કપડાની એક રેશમી સાડી. તેના વણાટમાં **દોર** [सं. दोर=દોરડું] દોરે—શોભીતા જુદી જાતના રંગનો કે કસબનો.

૫૮૩. 'પાંચપટા'—પાંચ પટાવાળા, **'નવરંગી'**—નવ કે નવીન રંગના; બેઉ 'અતલસ'નાં વિશેષણ.

૫૮૫-૬. અકોટી—કાનનો કાપ, **ત્રોટી**—કાનનું લોળિયું? **ભમરી**—અંબોડામાં બેસવાનું આભૂષણ. **સેંથો**—સેંથામાં પહેરવાની સર. **ત્રસેંથિયાં**—ત્રિસેંથિયા; દામણી ત્રણ લટથી સેંથો ગૂંથી તેમાં પહેરાતું એક ઘરેણું. **શીશફૂલ** સેંથાની શરૂઆત આગળ કપાળે આવે એમ પહેરાતું—માથાના ફૂલ જેવું શોભતું—ઘરેણું.

૫૮૮. નાગરણોની છેવટે ઠીક ફજેતી દખાડી. કેવી લોભાંધ થઈ છે! **આડવું** [सं. धृत] ધરવું; સામે રજૂ કરવું.

૫૯૦. હિંદુ બાળાને સાસરિયાં તરફથી વખાણ મળે તો એને બીજા કશાની મણા રહે નહિ. કેમ કે હિંદુ બાળાનાં સાસરિયાં શીઘ્રસંતોષી હોય એ જ નવાઈ. આ અગાઉ કડી ૩૬૨નો વ્યંગ અહીં યાદ કરો.

કડવું ૧૬

૫૯૪. પ્રભુએ પોતાની વાચા—વચન કે કહેલું તે પાળ્યું. કડી ૩૮ માં કહેલું કે, 'દુઃખ વેળા મને સંભારજે, હું ધાઈ આવીશ તત્કાળ' એ; અથવા ભક્તમાત્રને ભગવાનનું હંમેશનું મદદ આપવાનું બિરદ છે તે.

૫૯૯. નણંદે કુંવરબાઈને વધારેમાં વધારે સતાવી. તો કવિ તેને માટે અંતે ભારેમાં ભારે સજા કરે છે.

૬૦૨. પરનાતી-પારકી નાતનાં, બીજાં કુટકળ.

૬૦૩. રાખડી-બંધામણ=રાખડી બાંધવા પેટે પહેરામણી કરેલ તે: જુઓ લીટી ૫૩૮મા.

૬૦૫. કુંવરબાઈ કેવી ગભરાય છે? જાણે કે બધા પર પાણી ફરી વળ્યું! 'હવે કેમ જિવાશે!' અતિશયોક્તિ અહીં છે.

૬૦૭. 'વીસરી'—વીસરાઈ એમ અર્થ સમજવો જોઈએ.

૬૧૦. છેવટે પણ મહેતાજીની નમ્ર પ્રતીતિ એ જ છે. તાંતણો—તંતુ, દોરો પણ મારી પાસેથી ન મળે. હું તો તાળ જ વગાડી જાણું—ભજન જ મને આવડે છે.

૬૧૧. ત્રિકમ [सं. त्रिक्रम] વામન અવતાર તરીકે વિષ્ણુએ ત્રિ—ત્રણ, **ક્રમ** — પગલાં ભરેલાં તે પરથી ત્રિકમ નામ.

ટેક [सं. टीक्=આશરો લેવો?] પણ, વચન.

૬૧૩. નણદી સંતોખાતાં બધું પત્યું!

૬૧૫. વખાણ [सं. व्याख्यान] તારીફ; સ્તુતિ.

૬૧૭. તમ **સમોવડ** [सं. समवर्ती] તમારી બરોબરનું—તમારો બરોબરિયો.

૬૧૯–૨૦. છેવટ આટલું તો સાચું કહેવડાવવા પૂરતી કવિએ 'દગ' નાગરોની કદર રાખી. બાકી જુઓ કડી ૩૧૦-૧.

૬૨૦. દુનિયાદારીના લોકોમાં આ પ્રકારની આસ્તિકતા જોવામાં આવે છે, તે પણ પ્રેમાનંદ આલેખવાનું ભૂલ્યા નથી. 'અર્થાર્થી'ની આ આસ્તિકતા પણ એક પ્રકાર જ બની રહે છે.

૬૨૮. 'યથાબુદ્ધિ વિસ્તારજી' એમ પાઠ સુધારીને વાંચો. યથાબુદ્ધિ — બુદ્ધિ પ્રમાણે અમે તે ગ્રંથનો વિસ્તાર કર્યો છે: આવડયું તેવું અને તેટલું લાંબું વર્ણન કર્યું છે.

૬૨૯–૩૨. ફલશ્રુતિની કડીઓ. આવી રોચક ફલશ્રુતિ જૂનાં આખ્યાનોમાં સામાન્ય હોય છે. કોઈ શબ્દશઃ માનતું હશે ખરું?